પ્રસ્તાવના.

આજકાલ નૉવેલ યા નાટક લખવું તે પૈસા પ્રાપ્ત કરવાનું એક સરળ સાધન થઇ પડયું હોય એમ જોવામાં આવે છે, અને તેમાં ખાસ કરીને આગળ ઉપર થઇ ગએલ ભકતોનાં ચરિત્ર યા નાટકનો વધુ પ્રચાર થતો માલુમ પડે છે, પરંતુ તે તેમાં રહેલ લખાણ કરતાં તે ખરીદવાથી અન્યલાભ-ઇનામની આશાઓથી થતું હોય એમ અનુમાન થાય છે, તેથી કરીને તેવી આગળ ઉપરની કાંઇ પણ લાભ મળવાની લાલચ વગરનું આ એક ભક્તિઆદિ રસોનું વર્ણન કરનારૂં પુસ્તક તેટલીજ પ્રસિદ્ધિ પામશે કે નહીં, તે સંદેહ ભરેલું છે. છતાં એટલું તો નક્કીજ છે કે ઉપર પ્રમાણેની કોઇ પણ લાલચ માટે દરકાર નહીં કરતાં ફક્ત સાહિત્ય તથા લખાણનીજ પ્રશંસા કરનાર સુજ્ઞ વાંચકવૃંદને આ પુસ્તક ઘણે અંશે સંતોષ આપી શકશેજ!

આ નાટક ખાસ કરીને રંગભૂમિ ઉપર ભજવવા માટે લખવામાં આવેલ હતું પરંતુ તેમ કરવામાં કેટલીએક અડચણો આવી પડવાથી, તેમજ મિત્ર વર્ગનો ખાસ આગ્રહ હોવાથી તેને પુસ્તકના રૂપમાં બ્હાર પાડવાનું બન્યું છે. તેથી તે જનસમૂદાયને રંગભૂમિ ઉપર જેટલો આનંદ આપી શકત તેટલો આ રૂપમાં આપી શકશે નહીં. છતાં ભક્તિ ઉપરાંત તેમાં દાખલ કરવામાં આવેલ કેટલોએક કલ્પિત ભાગ, તેમજ શૃંગારિક, તથા વ્યવહારિક અને નૈતિક વિષયો, વિચારવંત વાંચકને ઘણે અંશે આનંદ આપી શકશે, એમ મ્હારૂં ધારવું છે. અને તેથીજ તેવા સુજ્ઞ વાંચકવૃંદની શેવામાં હું આ મ્હારો લઘુશ્રમ અર્પણ કરૂંછું.

લેખકનો આવી જાતનો આ પ્રથમજ પ્રયાસ હોવાથી, તેમજ પ્રુફ સુધારવાની ખામીથી રહી ગયેલ ભૂલોને સુધારી વાંચવા વિનંતી છે.

તા. ૧ લી ફેબ્રુઆરી સને ૧૯૦૭. } લી૦ ગ્રંથકર્તા.

ॐ श्री.

શ્રી કૃષ્ણ પરમાત્માનો બાળપણનો
સાથી તથા પરમભક્ત.

સુદામા.

- ત્રી અંકી નાટક -

લેખક.

ડૉકટર કનૈયાલાલ નાનાભાઇ પંડયા.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ચુનીલાલ ગોપાળજી ચાહેવાળા.

આવૃત્તિ પહેલી પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૬૩ સને ૧૯૦૬

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

કીંમત રૂા. ૦—૮—૦

મુખ્ય પાત્રોનાં નાંમ.

શ્રી કૃષ્ણ....... શાક્ષાત પરમાત્મા

સુદામાજી......પરમાત્માનો બાળપણનો સાથી તથા ભકત.

લક્ષ્મીપ્રસાદ...સુદામાજીનો મ્હોટો પુત્ર

સ્વાર્થદત્ત......સુદામાની ન્યાતનો એક પૈસાદાર છતાં લોભી માણસ.

મોહનપ્રસાદ...સુદામાની ન્યાતના એક ગૃહસ્થનો ખરાબ ચાલનો પુત્ર

મદનશંકર......મોહનનો મિત્ર

અભયસિંહ....સુદામાપૂરીનો રાજા.

રાધિકાજી......શ્રી કૃષ્ણનાં પત્નિ.

અન્નપુર્ણા.......સુદામાજીની સ્ત્રી

વસંત..........સ્વાર્થદત્તની પુત્રી

ગુલાબ.........મદનની રખાત (છટેલ)

તે શિવાય, દાસ દાસી અમીર ઉમરાવ બ્રાહ્મણો લુંટારા, પેરેગીર, પ્રતિહાર, વારાંગનાઓ, વિગેરે વિગેરે

સ્થળ—સુદામાપુરી અને દ્વારિકાં.

શ્રી "સુદામા" નાટક.

—સુત્રધાર તથા નટી—

મંગળાચરણ.

ગાયન ૧.

રાહ (મંગળકર મુદા) તાલ દાદરો.

સુત્રધાર—

જય જગતપતિ છે અજબ તુજ કૃતિ
વ્યાપિ રહ્યા અખિલ વિશ્વમાં (૨)
જળ, સ્થળ, અગન, ગગન, અકળ, સકળ, પ્રાંણી માત્રમાં
હે પરમેશ, જગનરેશ, થા હમેશ કૃપાવંત તું— જય૦
છો સર્વાંતરયામિ વિભુજી શક્તિ અપરમ પાર
તુજ ગુણ ગાતાં રૂષી મૂનીવરનો આવે નહિં કદી પાર
સકળ સૃષ્ટિ પાળનાર નિરાકાર નરપતિ— જય૦

(નટીઓ આવી પુષ્પમાળ પહેરાવી નમન કરે છે)

નટીઓ—પ્રાણનાથ ! આજે આમ એચિંતા અમને અહીં બોલાવવાનું કારણ ?

સુત્રધાર—આજે મ્હારો વિચાર આ સભાજનો સમક્ષ શ્રી કૃષ્ણ પરમાત્માના પરમ ભક્ત તથા બાળપણના સાથી સુદામાજીનો નવિન પ્રયોગ ભજવી બતાવવાનો છે અને તેમાં તમારી મદદની મ્હારે જરૂર પડશે માટે તમને બોલાવ્યાં છે.

નટી--એમકે! ત્યારે તો ઘણુંજ સારૂ, આહા વિષય પણ ઘણોજ ઉમદા શોધી કહાડ્યો લાગે છે જો ! પરંતુ પ્રાણનાથ ! સુદામાજીને શ્રી કૃષ્ણ પરમાત્મા સાથે કેવી રીતે મિત્રતા થઇ તે જાણવા મને ઉત્કંઠા થાય છે માટે કૃપા કરી તેનો ખુલાસો કરો તો સારૂ.

સુત્રધાર—સાંભળો જ્યારે શ્રી કૃષ્ણ બાળપણમાં સંદીપન મૂનિના આશ્રમમાં વિધાભ્યાસ માટે રહેતા હતા ત્યારે સુદામાજી પણ તેજ મૂનિના આશ્રમમાં હતા. અને તેજ વખતે તેમને તથા પ્રભુને ગાઢ પ્રિતી થઇ હતી.

નટી—પછી શું થયું પ્રાણનાથ !

સુત્રધાર—પછી અભ્યાસ પૂરો થતાં પ્રભુ તથા સુદામાજી જુદા પડયા. પ્રભુ દ્વારિકામાં જઇ રાજ્યગાદી ભોગવવા લાગ્યા. અને સુદામાને કર્મ સંયોગે દારિદ્રય પ્રાપ્ત થયું, છતાં અંતે તેમની દૃઢ આસ્થા અને પરમ ભક્તિથી પ્રભુએ કૃપાવંત થઈ તેમનું દારિદ્રય કેવી રીતે દુર કર્યું તેનો આબેહુબ ચિતાર આપણે પણ ભજવી બતાવવાનો છે.

નટી—તે તો ખરૂં પણ તેથી હાલની પ્રજાને શું ફાયદો !

સુત્રધાર—હા, સાંભળો ! તેથી હાલમાં ઝાંખા થઇ ગયેલા આપણા ધર્મ દિપકને સચેત કરવાનો મૂળ હેતુ છે. અને આ આર્ય ભૂમિમાં આગળ કેવા, કેવા, આરૂઢ ભકતો થઇ ગયા, અને તેમણે લાખો દુ:ખ સહન કરીને પણ, સ્વધર્મ તથા પ્રભુ ભક્તિથી કેવાં સુખ પ્રાપ્ત કર્યાં તે બતાવી પરમાત્માની અઢળક શક્તિનું ભાન કરાવવું એવો મ્હારો વિચાર છે—

નટી—સત્ય છે પ્રાણનાથ ! ઘણો સારો વિચાર !

એક કામમાં ભેળડો જાવદો, નાટય કાર્ય થશે અને તેની સાથે ઇશ્વર ભજન પણ થશે. માટે ચાલો આપણે પણ હવે પ્રભુના ગુણનું ગાન કરી અહીંથી જલ્દી જઇ કામનો આરંભ કરીયે.

સુત્રધાર—હા

ગાયન ૨.

ધનાશ્રી, તાલ લાવણી.

સુત્રધાર તથા નટીયો—

વિભૂ વનમાળીરે તુજ ગતિ, કૃતિ, અતિ, ન્યારી
ગોવરધન ધારીરે, લીધા ભકતો તારી
નરસિંહનો તો નોક ટકાવ્યો
મળી મીરાંને સ્નેહ દીપાવ્યો
તારી કુબજા કાળીરે-- તુજ ગતિ૦
મેહેર કરી અમપર કર સ્થાપો
સ્હાય સકળ કાર્યોમાં આપો
વિનતી આ સ્વિકારીરે-- તુજ ગતિ૦

(સ્તુતિ બોલતાં બોલતાં સર્વે જાય છે)

અંક પેહેલો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—શ્રી કૃષ્ણ પરમાત્માનો આવાસ.

(શ્રી કૃષ્ણ, રત્ન જડીત પલંગ ઉપર પ્હોડયા છે. રાધિકાજી પગ તળાંસે છે.)

ગાયન ૩.

સારંગ તાલ દક્ષણી લાવણી.

રાધિકાજી—

ચતુર સુતા ચિંતા મહીં—ઉરમાં ધરી ઉચાટ
કારણ કહો તેનું મુને મેહેર કરી માહારાજ
બોલો રે બોલો, કાના શાણા શે રીસાયા
અંતર ખોલીને કહો શા વિચારે તણાયા
રસિક પિયુ કંઇ મેહેર કરીને
મધુર વચન સંભળાવો ફરીને
આ અરજી મ્હારી ધારો ઉરે જગરાયા. બોલો૦

(ગાયન દરમીયાન પ્રભુ તથા રાધિકાજી પલંગ ઉપરથી ઉઠી આગળ આવે છે.)

રાધિકાજી—પ્રભુ ! આજે આપની મૂખમુદ્રા ચિંતાતૂર દેખાય છે તેનું કાંઇ કારણ ?

પ્રભુ—ચિંતાનું કારણ ? કાં...ઇ નહીં.

રાધિકાજી—પ્રાણવલ્લભ ! આપ આમ રીસમાં કેમ બોલો છો ? શું આ, આપના ચરણકમળની દાસીનો કાંઈ ગુન્હો થયો છે ? કે પછી તેથી પણ કાંઇ અધિક

પ્રિય વસ્તુ યાદ આવી છે ?

પ્ર૦—હા, છે તો તેમજ, સાંભળો, આજે મને મ્હારો બાળપણનો સાથી તથા મિત્ર સુદામાજી યાદ આવ્યો છે અને તેજ મ્હારી ચિંતાનું કારણ છે.

રા૦—હાં, સમજી; પણ વળી મિત્ર યાદ આવે તેમાં તે આટલી બધી ચિંતા શાની ?

પ્ર૦—પ્રિયા ! ફક્ત તે યાદ આવ્યો છે તેની નહીં, પરંતુ તેની હાલની સ્થિતી વિષેની ચિંતા મને થાય છે.

રા૦—કેવી સ્થિતી ? શું વળી આપના જેવા સર્વ વ્યાપક અને સર્વજ્ઞ પ્રભુના મિત્રને પણ સ્થિતી અસર કરતી હશે કે ?

પ્ર૦—કેમ નહી ? સ્થિતીની અસર તો તેમને પણ સરખીજ થવી જોઇએ. કારણ, તેમ થાય તોજ ભક્તની ભક્તિની ખરી કસોટી નીકળે અને દુનિયા પણ તેવા ભક્તોને મ્હારી ખરી ભક્તિથી મળતાં ફળ જોઇ શકે. અને તોજ મ્હારા ભક્તોનાં નામ દુનિયામાં અમર થાય.

રા૦—હાં, તે તો સમજી, પણ પ્રાણેશ ! તે આપના બાળપણના સાથીની હાલમાં કેવી સ્થિતી છે, અને તેને માટે આપ શું કરવા ધારો છો તે જાણવાની મને ઉત્કંઠા થાય છે.

પ્ર૦—ઉત્કંઠા થાય છે તો સાંભળો. તેની હાલની સ્થિતી તો ખરેખરી દયાજનકજ છે. તેને હાલમાં પાંચ તો છોકરાં છે; છઠ્ઠી તેની સ્ત્રી તથા સાતમો પોતે; એટલાં બધાં માણસોનો આધાર સુદામાના ઉપરજ છે. પરંતુ મ્હારા ઉપર આસ્તા રાખીને બેઠેલા તથા મ્હારી ભક્તિમાં ગાંડા બનેલા તે મ્હારા મિત્રને નથી કમાવાનું ભાન કે નથી ઘરનું ભાન, અને તેથી તેનું આખું કુટુંબ ખાધે

પીધે તથા સર્વ વાતે ઘણીજ દુઃખી હાલતમાં છે. વળી તેનો મ્હોટા છોકરો હજુ અભ્યાસ કરે છે અને હવે પરણાવવા યોગ્ય ઉમ્મરનો થઇ ગયો છે. પણ તેની આવી સ્થિતીમાં તેને કન્યા કયાંથી મળે ? તેમજ તેની વૃદ્ધ માતા ગુજરી ગઇ છે. તેની પાછળ ન્યાત જમાડવા તેની ન્યાતના નીચ બ્રાહ્મણો તેને સતાવે છે અને ન્યાત બ્હાર મૂકવા તૈયાર થયા છે. આ પ્રમાણે તેની હાલની સ્થિતીછે.

રા૦—હરી, હરી ! આ તો ગજબ, શું આપના ભકતોને આવી સ્થિતીમાં મૂકતાં આપને લેશ પણ દયા નથી આવતી ? પ્રિયતમ ! હવે તો જલ્દીથી તેનાં આ બધાં દુઃખનો આપ અંત લાવો એવી મ્હારી પણ વિનંતી છે. તેની ભક્તિની કસોટી તો હવે પૂરી થઇ છેને?

પ્ર૦—હા, હવે રહેજ બાકી રહી છે તે પણ પૂર્ણ કરી ત્હારી ઇચ્છા પ્રમાણે તેને ભક્તિનું પૂર્ણ ફળ આપવા વિચાર છે.

રા૦—પણ તે કયારે ?

પ્ર૦—કયારે શું ? તેના પુત્રને માટે યોગ્ય કન્યાની ગોઠવણ તો કયારનીએ કરી દીધી છે. તે કન્યા તેજ ગામના તથા તેનીજ ન્યાતના પૈસાદાર છતાં લોભીયાની પુત્રી છે અને તેને અદ્ભૂત સ્વપ્ન આપી સુદામાના પુત્ર સાથે સ્વપ્નમાંજ વરાવી છે એટલે હવે તેને તેના ઉપરજ પ્રેમ ઉત્પન્ન થશે અને તે, તેનેજ વરશે.

રા૦—આહા ભક્તવત્સલ પ્રભુ ! આપની ગતિ તો ગહનજ છે પરંતુ આપના આવા પરમ મિત્ર તથા ભક્તને જોવાનો લાભ અમને પણ મળવા વિનંતી છે.

પ્ર૦—એમ ? ત્યારે તો ઠીક. તે થોડાજ દિવસમાં અહીં આવશે એવું કરીશ. પણ ચાલો હવે આપણે

લેઇયે. જુઓ, અપ્સરાઓ પણ નાચ કરવા આવતી હોય એમ દેખાય છે.

(શ્રી કૃષ્ણ પલંગમાં પ્હોડે છે. રાધિકાજી બાજુએ બેસે છે. અપ્સરાઓ આવે છે.)

અપ્સરાઓ—(બ્હારથી) રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ.

(બાદ અંદર આવી નૃત્ય કરે છે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—માર્ગ.

સુદામાજી ભજન બોલતા આવે છે.

ગાયન ૪.

ભજન તાલ હીંચ.

સુદામાજી—

વંદ્રાવન વાશીરે પ્રભૂ મ્હારે હ્રદયે વસેલા. (૨)
વંદુ અવિનાશીરે લળી લળી કાના છેલા. વં૦
જેવો તેવો પણ દાસ હું ત્હારો, ઘેલો ગણો કે ડાહ્યો.
ભક્ત વત્સલ પ્રભૂ આદરો ત્હારો, તુજ ઉપર મૂજ દાવોરે.
મ્હારે૦

હરીયાં ચીત ગોપી તણાં, રચી વ્રજ વનમાં રાસ,
તેમ દાસનું મન હર્યું, પ્રીત લગાડી ખાસ;
હવે ના છોડું રે ધાવોને બ્હારે બ્હેલા. વંદ્રા.

સુ૦—હે દીનબંધુ! ત્હારી કૃતિ અપાર છે. ત્હારા ભક્તોને એક ત્હારોજ આધાર છે. હે નાથ! હવે તો અવધી થઇ છે. આ ત્હારો દાસ ચોગરદમથી દુઃખે ઘેરાયો છે. અન્નપાણીના પણ ઉધારા છે. ત્યાં બીજી વાત તો

કરવીજ શું ? વૃદ્ધ માતાજીના ગુજરી ગયા બાદ, તેમની ન્યાત કરી નથી તેને માટે ન્યાતના પટલીઆએ હવે સતાવવા લાગ્યા છે. અને ન્યાત બ્હાર મૂકવાના વિચાર કરે છે. તેમને મ્હારા આ સ્થિતીનો ખ્યાલજ નથી. વળી પૂત્ર પણ હવે ઉમ્મરલાયક થયો છે. માટે તેનાં લગ્ન પણ કરવાંજ જોઇએ. પણ મ્હારી આવી સ્થિતીમાં કન્યા મળવી મૂસ્કેલ. પૂર્વનાં પૂન્યે સ્ત્રી સદ્દગુણી છે એટલે નભાવી લે છે. ન્હાનાં બચ્ચાં પણ અન્નને માટે વળખાં મારે છે. આજ સુધી તો ફાવે તેમ કરી ચલાવ્યું પણ હવે તો તેમ નભવવું ઘણુંજ મૂસ્કેલ છે. વળી ન્યાત બ્હાર થયા તો, તો પૂરેપૂરા ભોગ ! સાધ્વી સ્ત્રી, મને નગ્રમાં જઇ યાચી લાવવા આગૃહ કરે છે. પણ શું મ્હારે પ્રભૂ વગર કોઇની પાસે કદી પણ યાચવું નહીં, એ મ્હારો ટેક ત્યજી યાચવા જવું ? નહીં, નહીં, ફાવે તેમ થાય તોપણ શું ? આથી વધુ દુઃખ પડે તોપણ શું ? અને ન્યાત બ્હાર થવાય તો પણ શું ? એ ટેક તો હું નહીંજ છોડું. હે હજાર હાથવાળા ! કાંઇ તો સામુ જો ! પછી દ્વારિકામાં રાણીયોના સુખમાં મગ્ન રહી આ ત્હારા દીન શેવકને વિસારી દેશે ? તું સ્હાય નહીં કરે તો પછી કોની આશ રાખવી !

(એટલામાં સ્વાર્થદત્ત ત્યાં આવતો દેખાય છે.)

સુ૦—(સ્વ) અરે ! પણ પણે પેલા સ્વાર્થદત્ત આવતા હોય એમ લાગે છે ! નાહક સતાવશે. માટે લાવ અહીંથી ચાલવાજ માંડુ.

(એમ કહી સુદામા જવા માંડે છે–સ્વાર્થદત્ત નજીક આવી પ્હોંચે છે. સુદામાને બુમ મારી બોલાવે છે.)

સ્વાર્થદત્ત.—એ સુદામા ! સુદામા ! ઉભો રહે ! મને

દેખીને આમ નાસે છે શું કરવા ?

(સુદામાજી ઉભા રહે છે).

સુ૦—ભાઈ નાસતો, તો કાંઇ નથી. પણ હવે મોડું થયું છે એટલે ઘરભણી જતો હતો.

સ્વા૦—હા, હા, એ તો બધુ સમજ્યા, ત્હારા મનમાં હશે કે ઉભા રહીશું તો ડોશીની ન્યાત કરવાનું કહેશે. પણ કાંઇ આમ નાસભાગ કર્યે બચવાનો હતો કે ? તે તો કર્યા શિવાય છુટકોજ નથી, સમજ્યો ? નહીં તો પછી ન્યાત બ્હાર થશે ન્યાત બ્હાર !

સુ૦—હા ભાઇ, તે તો હું પણ સમજુછું, પણ શું કરૂ ? લાચારછું. કે હાલમાં મ્હારી તેમ કરવાની સત્તા નથી. સ્વાર્થ દત્ત ભાઇ ! આમ રંકને હેરાન કરવામાં તમારા હાથમાં શું આવનાર છે ? ઇશ્વરનો રહેજ તો ડર રાખો !

સ્વા૦—હા, હા, રાખીશું, એ તો તું ધરમનું ખોળીયું છે તે ત્હારી મેળે રાખ, વળી એમાં ડર શાનો ? ન્યાતમાં ખાતાં સારૂં લાગ્યું હતું ? (પાસે જઇ ધીમેથી) પણ વારૂં સુદામા ! ન્યાત ના કરવી હોય અને ન્યાતમાં રહેવું હોય તો એક રહેલો ઉપાય છે !

સુ૦—શો ?

સ્વા૦—મને તું પચાસ રૂપૈયા આપે, તો ત્હારૂં ચોકઠું બેસાડી આપું, સમજ્યો ? ખરચ ઉગરી જાય !

સુ૦—હેં ? પચાસ રૂપૈયા ? કયાંથી લાવવા? સ્વાર્થ દત્ત ભાઇ ! આપ આ શું બોલો છો ? આપને, આવી સારી સ્થિતીમાં છતાં આવી રીતે અનિતી કરી પૈસા

લેવાનું મન કેમ થાય છે ? જરાક તો વિચાર રાખો ! તમે પ્રભુને ત્યાં તમારાં આવાં કૃત્યો માટે શું જવાબ આપશો ?

સ્વા૦—(ગુસ્સો બતાવી) ઠીક, ઠીક ! એ તો બધું સમજ્યા, વળી હારા હીતની વાત કહેવા માંડી ત્યારે સતો થઇ ઉપદેશ કરવા મંડી જાય છે કે? હવે જોઇ લેજે કાલેજ બધી ન્યાત ભેગી કરી ન્યાત બ્હાર ના કરાવું તો મ્હારૂં નામ સ્વાર્થદત્ત નહી.

સુ૦—ભલે ઇશ્વર ઇચ્છા ! ન્યાત બ્હાર કઢાવશોને? એમાં તે શું થયું? ન્યાતની સાથે મ્હારે શું સંબધ છે. બૈરી, છોકરાં, ભાઇ, બાપ, કોઇ કોઇનું નથી, તો ન્યાત કોની થવાની છે? એ તો માણસનાં ખાલી ફાંફાં છે. આ બધી ન્યાતો ફકત નામનીજ છે; પણ સાચી ન્યાત કઇ તે સાંભળો !—

ગાયન ૫.

કવિત.

જગમાં સાચી ન્યાત જાણવી સંતજનોની,
ગાયે હરી-ગુણ જેહ રાત દીન મૂખે તેની;
તે સઘળા છે ન્યાત ભાઇ જે પ્રભૂને ભજતા,
સમજી મનમાં આપ સત્યનું ભાથું સજતા.
વળી તે સઘળા છે ન્યાતિલા જે દ્વેશ નહી મનમાં ધરે,
બીજા સર્વ પરન્યાત છે જે કૃષ્ણ નામ નવ ઉચરે.

માટે સ્વાર્થદત્તભાઇ ! આ બધી ન્યાતો તો જૂઠીજછે.

સ્વા૦—હા-હા તેતો બધુંયે સમજીયે છીયે ઠીકછે હું પણ જોઉં છું ! (એમ કહી ગુસ્સામાં ચાલ્યો જાય છે.)

સુ૦—(સ્વગત) અરે, રે, આ માયામાં મસ્ત બનેલા અંધના કેવા દુષ્ટ વિચાર ? તેને પોતાના સ્વાર્થ આગળ કાંઇ પણ સુઝતુંજ નથી, તો મ્હારી આ સ્થિતીનું ભાન તો કયાંથી થાય ? એ તો જ્યાં ત્યાં, પૈસો ને પૈસોજ દેખી રહ્યો છે. નક્કી હવે એ મને હેરાન કરશે. હશે ઇશ્વર ઇચ્છા ! જે થાય તે ખરૂ. લાવ હવે તો ઘર તરફ જાઉં, બાળકો રાહા જોઈ રહ્યાં હશે. રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ. (સ્મર્ણ કરતા જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ-સુદામાની ઝુંપડી.

અન્નપૂર્ણા તથા છોકરાં-પાછળથી સુદામા.

અન્નપૂર્ણાઃ—(સ્વગત) હે હરી ! હવે તો અવધી થઇ છે. છોકરાંને ખાવાને પણ બબ્બે દિવસથી, અન્ન નથી તો અમારે ખાવાની વાતજ કયાં ? હમણાં બીચારાં આવશે અને ખાવાનું માગશે, ત્યારે હું શું આપીશ ? અરે એ આવ્યાં એતો !

(છોકરાં દોડતાં આવે છે.)

પહેલું—(વળગીને) બા ! બા ! ઓ બા ! હવેતો મ્હારાથી ભૂખે નથી રહેવાતું, તું કેમ જોઇ રહી છે ? તને મ્હારી દયા નથી આવતી ! મને કાંઇ તો ખાવાનું આપ !

બીજું—બા ! હા, મનેયે બહુજ ભૂખ લાગી છે. તું કહેતી હતીને, કે મ્હારા બાપા હમણાં ખાવાનું લેઇ આવશે, પણ હજુ કેમ આવ્યા નહી ?

ત્રીજું—ના બસ હવે તો ગમે તેમ કરી ખાવાનું આપ બા ! નહીંતો ભૂખે મરી જવાશે ! (રડે છે.)

અન્નપૂર્ણા—બેટા ! ધીરજ ધરો ! તમે બધાં એકી સાથે આમ અધીરાં કેમ બનો છો ? પ્રભૂનું ભજન કરો, તો તેને દયા આવશે અને ખાવાનું આપશે.

બીજું—તે, પ્રભૂનું ભજન કરીયે તો ખાવાનું મળે બા ?

અ૦—હા, બેટા ! મળે ! જુવો, તમે મ્હારી, તથા તમારા બાપાની પાસે ખાવાનું કેમ માગોછો, કહો જોઉં ?

બીજું-તે, એતો તું અમારી માછે-અને એ અમારા બાપા છે તેમાં.

અ૦--તેમજ, પ્રભૂ તમારા, મ્હારા, તથા આ બધાં માણુસોના બાપ છે, તેમની પાસે માગો તો તે તમને આપેને ?

ત્રીજું--હા, હા, આપે.

(એટલામાં સુદામાજી ખાવાનું લેઇને આવે છે.)

પેહેલું--(દોડીને) બા ! જો ! જો ! અમારા બાપા આવ્યા ! આહા, કાંઈ લાવ્યા છે ખરા ! ચાલો અલ્યા ! બાપા ખાવાનું લાવ્યા-(ખુશી થઇ કુદે છે).

સુદામાજી--હા, બાપુ, હા ! જુવો આજ તો પ્રભુની કૃપાથી તમારા જેટલું ખાવાનું મળી આવ્યું છે.

બીજું--તે, હા, બાપા ! મ્હારી બા પણ કહેતી હતી, કે પ્રભુનું ભજન કરીયે એટલે ખાવાનું મળે. અને આ ખાવાનું પણ તમને પ્રભુયેજ આપ્યું ખરૂંને બાપા ?

સુ૦--હા, ભાઇ ! આ ખાવાનું મને પ્રભુયેજ અ-

પાડ્યું માટે ચાલો આપણે તેમનું ભજન કરીયે; પછી તમને બધાંને ખાવાનું આપીશું હો !

છોકરાં--હા, હા, ચાલો.

ગાયન ૬. (ભજન).

તાલ ભજનીયો.

બધાં—

દીના નાથ દીન દાસ તણી આ અરજી ઉરમાં ધારજોરે.
મ્હેર કરી મહારાજ હવે તો, દુઃખ સકલ સંહારજોરે,
ત્હારો આધાર વ્હાલા, જગમાં તુજ બાળને
નહીં અવર ઠામ ઠરવાનું,
દીન દયાળુ વિભૂ, વિશ્વ વીકટમાંથી,
તુજ નામે તરવાનું-- આ અરજી૦
મોહનજી મ્હેર કરી, વિનતી લ્યો આપ સુણી.
કાંઇ દયા દીલધારી,
ત્રીકમ તલસાવવાની, ટેવ ત્યજીને હવે
સ્હાય કરો ગિરધારી-- આ અરજી૦

(બાદ પડદો પડેછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ--સ્વાર્થદત્તનો આવાસ-વસંતનું શયનગૃહ.

(વસંત પલંગમાં સુતી છે ત્યાંથી એકદમ બ્હાવરી થઇ જાગી ઉઠેછે.)

વસંત—

ઓ જાય ! ઓ જાય ! હા, ઓ પ્રાણ ? ઓ પ્રિતમ ! હવે ક્યાં જાઓછો ? ઉભા રહો ! જરા ઉભા રહો !

વસંત— ગાયન ૭.

રાહ-(હાય અનુપમ એ પ્રિય ઉરવશી સુંદરી).
તાલ કેરબો.

જરા ઉભા રહો રસ ઘેલા મ્હારા રસિયા. (૨)
ત્યજી કયાં જાવોછો;
શું વિચારો દાસી દુર કરવા મોહન. (૨)
જીવન ન્હાવ છો,
તમ સંગે નિત્ય રહેવા મન લલચાય છે;
આનંદે મન દર્શનથી ઉભરાય છે,
કાંઇ જુવોને આંમ, હે પ્રિતમ પ્રાણ;
ભૂલી સરવ ભાન,
ઓ જાય, ઓ જાય, આ-હા-- જરા ઉ૦

હેં ? આ શું ? ગયા ? કયાં ગયા ? જતાજ રહ્યા? ના, ના જાય કયાં ? ઓ રહ્યા ! ઓ સંતાયા, ઓ દોડયા! ઓ ઉભા ! જાઓ જાઓ વ્હાલા! આમ શું કરો છો ? મને ખાલી હસોછો, શું ? હવે હદ થઇ આવો, આવો, આવોને ? નહીંજ આવો ? જાઓ ત્યારે હવે હુંજ નહીં બોલું (શુદ્ધિમાં આવીને) અરે આ શું ? વ્હાલા શા ? અને આ વિચાર પણ શા? કોઇ સાંભળશે તોપણ ગાંડી ગણશે. આ ભ્રમણા શાંની ? ના, ના, ત્યારે શું જોયું તે ખોટું ? કે સાચું ? કે પછી સ્વપ્ન ? આહા સ્વપ્નજ, અરે પણ સ્વપ્ન તો સ્વપ્ન પણ કેવો સુંદર દેખાવ ? કેટલું સુખ ? કેટલો વૈભવ ? અને કેટલો પ્રેમ ? બસ ! તે તો ખરૂંજ હોય તેમ લાગે છે. વળી કોઈ કહેતું હોય એમ લાગ્યું કે "ત્હારો પતિ એજ છે, અને તું તેને માટેજ નિર્માણ થઇ છે. અને તેનીજ સાથે તું સુખી થઇશ."

એશું ? નક્કી કાંઇ ઇશ્વરી ચમત્કારજ ! ત્યારે હવે કેમ કરૂં ? એ વ્હાલાને હવે કયાં શોધુ ? બસ ! ફાવે તેમ થાય પણ હવે તો એજ પતિ અને એજ વ્હાલા, વરવું તો તો એમનેજ-આ ! હા ! કેટલી સુંદર સુરત ?

ગાયન ૮.

રાહ-(જાવો નહીં રસીયા) તાલ દાદરો.

વસંત--

સુંદર સૂરત મનહર મૂરત એજ અતિ રઢીયાલી.
અંતર માંહીં એજ વશી રહી. પ્રેમની છબી રસાળી,
સોહિની સૂરત આહા. એ કેવી,
જાદુ ભરેલી ખરે કામ જેવી.
જગમાં જડે નહીં બીજી એવી-- એજ અતિ૦
એજ જીવન મ્હાલ હવે-એજ છબીલા નાથ.
એજ દેવ મૂજ દીલના-એજ અતિ રળીયાત-એજ અતિ૦

(પાછી પલંગ તરફ જવા માંડે છે.)

પડદો પડે છે.

પ્રવેશ ૫ મો.

સ્થળ--માર્ગ.

મદન તથા મોહન--પાછળથી દોસ્તો તથા લક્ષ્મી-પ્રસાદ--

(મોહન તથા મદન વાત કરતા આવે છે.)

મોહન—ભાઇ મદન ! હવે વસંતને માટે શું વિચાર? તું કહે તો હતો ને કે લાગ આવ્યે તેને મળીશું. પણ હજી તો ત્હેં કાંઇયે કર્યું નહી.

મદન—(સ્વગત) હાં, ઠીક લાગ છે. ચઢાવવા દોને! (મોટેથી) હા, પણ તે કરવું કાંઈ સ્હેલ છે ? એમાં તો પૈસા જોઇયે, ચાલાકી જોઇયે, હીમ્મત જોઇયે, ને બધુંયે જોઇયે, ત્યારે એ કામ થાય.

મો૦—હા, પણ પૈસા જોઇયે તો કોણ ના કહેછે? તે તો તને કહેલુંજ છેની ? પૈસા માટે તો ત્હારે બીલકુલ ચિંતા રાખવી નહીં. લે આ સો સોના મ્હોર (કોથળી આપે છે) ત્હારે ફાવે તેમ ખરચ, પણ, એ રસિલીની સાથે મ્હારો એક વખત મેળાપ કરાવ.

મ૦—(થેલી લેઇને) અરે, એમાં તે શું છે મ્હારા યાર ! જો, આજે શીવરાત્રી છે, એટલે તે પણ બીજી છોકરીયો સાથે શીવમંદીરમાં દર્શન માટે આવવાની જ, માટે આજે ત્યાંજ જઇયે, અને પછી તમે બધા ચાલ્યા જશો એટલે બંદા લાગ જોઇ તેને મળશે. પછી કામ પાર, કેમ દોસ્તદાર ?

મો૦-એતો ઘણુંજ સરસ યાર ! પણ વારુ હજુ પેલા બધાને કેમ થઇ વાર ?

મ૦-એતો હમણાં આવશે પણ જો, જો, આજે બધાયે શીવમંદીરમાંજ જવાનું ઠરાવજો ? એટલે પછી આપણુને પણ ફાવે.

મો૦-ઠીક, ઠીક, પણ જો પેલા બધા આવે !

(દોસ્તદારો આવે છે. તેમની પાછળ લક્ષ્મીપ્રસાદ પણ આવે છે. બધાની પાછળ ઉભો રહે છે.)

પહેલો-કેમ મોહનપ્રસાદ ભાઈ ? હવે ક્યાં જવા વિચાર રાખીશું ?

બીજો-ક્યાં તે ચાલો પેલી રમણુને ત્યાં, બેઘડી ગાન તાંન સાંભળીશું ? (બીજાને) કેમ દોસ્ત ?

ત્રીજો-બરાબર છે. આપણો પણ એજ મત છે.

મોહન-ના, ના, એમતો નહીં, પણ આજે તો શીવરાત્રી છે માટે આપણે બધા શીવમંદીરમાં દર્શન કરવા જઈયે, ત્યાં પણ બહાર આવશે.

મદન-હા. હા. એ બરાબર છે.

બીજો-હા, એ તો ખરૂ, પણ (લક્ષ્મીપ્રસાદ તરફ ફરીને) આ ધરમના ખોળીયાને ક્યાં સાથે લીધું છે? એ તો બધો તાલ બગાડશે યાર !

ત્રીજો-હા યાર, જોતો ખરો એના દેદાર ! જાણે ચાંમડીયાની ગાય (બીજા તરફ જોઇને) કેમ ખરૂંને દોસ્તદાર ?

પહેલો-બરાબર છે યાર, એવોજ દેખાય છે. આખો દિવસ ભકિતની ને ભકિતનીજ વાતો. નહીં કોઇ દિવસ ગમ્મતની વાત કે નહીં કદી રંગપાણીની વાત ! (બધા હસે છે.)

લક્ષ્મીપ્રસાદ-ભાઈ મને નાહક હસો છો શામાટે? તમને મ્હારી સોબત પસંદ ના હોય તો હું તમારી સાથે નહીં આવું પણ આવાં નીચ વચન બોલી પાપ શા માટે કરો છો ?

(એટલામાં એક વૃદ્ધ બ્રાહ્મણ ત્યાં આવે છે)

બ્રાહ્મણ-ભાઇયો ! આ વૃદ્ધ બ્રાહ્મણ ઉપર કાંઇ દયા કરશો ?

પહેલો-(પાસે જઇ હસીને) આવો કાકા ! કેમ શું કહો છો !

બીજો-(ઝોળી પકડીને) કેમ ડોસા ? આ ઝોળીમાં કંઇ માલ છે કે નહી ?

ત્રીજો-ચાલ્યો જા ચાલ્યો, અહીં તો કોઇયે આપે એવું નથી, લાવ ત્હારી ઝોળીમાં હોયતો ખાવા લાગીયે. (એમ કહી ઝોળી ખેંચે છે. બધા હસે છે.)

વૃદ્ધ-ભાઇ ? નાહક ખેંચતાણ કરી હેરાન શા માટે કરો છો ? પ્રભુને ખાતર કાંઇ આપો તો સારૂ.

મદન-ખાલી મગજમારી કરે છે ! ચાલ જા અહીંથી, (ધક્કો મારે છે-વૃદ્ધ પડી જાય છે)

લક્ષ્મીપ્રસાદ-(વૃદ્ધને ઉઠાડીને) અરે મદનભાઇ ! તમે આ શું કરો છો ? કાંઇક તો દયાનો અંશ રાખો ! ભલે ના આપવું હોય તો ના કહો, પણ આવા વૃદ્ધને આમ સતાવ્યે શું ફાયદો ?

બીજો-અરે વાહરે દાતાર ! એટલા બધા દયાવાન છો ત્યારે તેમજ તેને આપો જોઉ ?

લ૦-ભલે લ્યો (ખીસ્સામાં હાથ ઘાલીને) મ્હારી પાસે જેટલું છે તેટલું આપી દેવા હું તૈયાર છું. (આપે છે)

(બધા હસતા, હસતા ચાલ્યા જાય છે)

વૃદ્ધ-ભાઇ ! ત્હારૂ કલ્યાણ થશે, ને તું સુખી થઇશ! તને મ્હારો આશીર્વાદ છે.

(વૃદ્ધ ચાલ્યા જાય છે.)

લ૦-કેવા દુષ્ટ ? દયા શું છે તે તો તેમને ખબરજ નથી હશે, આપણે શું ? અહો! પણ મને આ શું થાયછે? વૃદ્ધનો આશીર્વાદ ખરોજ પડશે એમ મ્હારૂં મન કહે છે. આહા ! એ ખરૂં પડે તો કેવું ! ઇશ્વર ઇચ્છાથી જે થાય

તે ખરૂં, તે જે કરતો હશે તે સૌ સારાનેજ માટે. હે, પ્રભુ! ત્હારી કૃતિ અકળ છે.

લ૦— ગાયન. ૯

રાહ-(ઘર જાનેદે છોડદે) તાલ ત્રીતાળ.

છે અજબ કૃતિ ઇશ ત્હારી (૨)
પાપ કષ્ટને નાંખ તું નિવારી. છે અજબ૦
કંઇક રાયને રંક કરે તું, કંઇક રંકને રાજા.
કળી શકે નહીં કોઇ, મૂનિ વરકો,
અદ્દભૂત કૃતિ તુજ ભારી. છે અજબ૦
અરજ કરે કરજોડી દાસ આ વિનતી લેજો સ્વિકારી,
અહનિશ આપ ચરણમાં રાખી,
સ્હાય દીયો પ્રભુ સારી, છે અજબ૦

(ગાયન બોલતો જાય છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ-શીવમંદીર-બગીચો.

(દર્શન માટે લોકોની અવર જવર. વસંતનું સખીયો સાથે આવવું. ગરબો. પાછળથી મદન, મોહન, તથા દોસ્તોબાદ, લક્ષ્મીપ્રસાદ).

સખી પેહેલી—બ્હેન વસંત ? આજે તો આપણે, તું તે દિવસે કહેતી હતી તે ગરબો ગાઇયે.

બીજી—કીયો ? પેલું વસંતનું વર્ણન આવે છે એ, કે, ?

ત્રીજી-હા. હા. એ...જ. વસંત તો વસંતનોજ ગ-રબો કહેને ?

વસંત—જુવો ! પાછાં મશ્કરી કરવા લાગ્યાં કે ? જાઓ હું તો કંઇ નહીં બોલું.

બીજી—ના, ના, લ્યો, હવે મશ્કરી નહીં કરીયે. એમાં શું ? સ્હેજ હશીયેય ખરાં, વારૂ ચાલ બોલ જોઉં, અમે બધાં ગાવા લાગીયે.

ગાયન ૧૦

વસંત તથા સખીયો- ગરબો.

કેવી ખીલી વસંત બ્હેની, ઉરે ઉમંગ ધરી.
ખેલો આનંદે રસ રાગમાં (૨)
જુવો વેલી ખીલેલી, નવી ડાળી ફૂટેલી,
કેવી વૃક્ષે વીંટાઇ પેલા બાગમાં (૨) કેવી૰
વેલ, વૃક્ષનું વ્હાલજો, કેવો દીસે પ્રેમ,
વીંટાઇ પૂરા હેતથી, ધરી ઉર સતીનો નેમ.
લળી, લળી, પિયુ પાયે પડીને, રીઝવે રૂડીપેર, બેની
વૃક્ષ પતિ પણ વળીને નીચો, વાત કરે રસભેર જોની
શુદ્ધ પ્રેમની પેર એ, નીરખીલ્યો સખી ત્યાંજ
રહી હેતે પિયુ છાયમાં, મગ્ન રહે મન માંજ,
રહેવું નિત્ય બેન એમ રસિયાની સાથમાં.
પ્રેમે રીઝાવી પતિ રાખવા ઉલ્લાસમાં.
સ્નેહે સમજાવી સખી પુરો પ્રિત પાસમાં.
રમશો તો બ્હેન નિત્ય રંગને વિલાસમાં
એમજ રસ રંગે સખી, રીઝવો નિજ ભરથાર
તો રીઝે જગનાથને, થાય સુખી સંસાર કેવી૰

(ગરબો ચાલતો હોય છે. તે દરમીયાન મદન તથા મોહન દોસ્તો સાથે આવે છે)

મદન૦ (ધીમેથી) જોયું કે ? પેલી વસંતજ ગરબો ગવરાવે છે; એની ખૂબી તો જુવો ?

મોહન-આહા, તે તો જોઇ પણ જો જે આજે લાગ ચુકતો નહી, ફાવે તેમ કરી તેની સાથે આજ તો વાત કરજેજ.

મદન-ફીકર નહી, હું અહીંજ પાછળ રહી જઇશ. તમે તમારે ચાલ્યા જજો

મોહન-વારૂ હું જાઉં છું.

(મોહન દોસ્તો પાસે જાય છે. મદન બાજુવે જઇ સંતાય છે)

—બાદ દર્શન કરી મોહન તથા દોસ્તો વીદાય થાય છે. સખીઓ પણ જાય છે, વસંત તથા તેની એક સખી વાતમાં પાછળ રહી જાય છે—

વસંત—(સખીના ખભે હાથ મૂકીને) બ્હેન કમળા ? હવે તો મને કાંઇ પણ સુઝતું નથી; સ્વપ્નમાં દીઠેલી સુરત કયાંઇ પણ નજરે પડતી નથી. જે દિવસથી મેં તને વાત કહી છે તે બની, ત્યારથી તો ઘડીપણ તે વિસરતાજ નથી, ચીત એમનામાંને એમનામાંજ લાગ્યું છે.

કમળા-બ્હેન ? સ્વપ્નમાં દીઠેલું તે કદી સાચું પડે ? એતો ખાલી ભ્રમણા; માટે એવા ગાંડા વિચાર તું જવા દે.

મદન-(સ્વગત) ઓ, તારી ! વળી આ શું ? કાંઇ નવોજ તમાસો ? ઠીક છે, લાવો સાંભળીયે તો ખરા ?

વસંત-બ્હેન ! સ્વપ્ન તો ખરૂં, પણ સાચુંજ હોય એમ લાગે છે, કારણ મ્હેં તે રસિકને પ્હેલાં પણ કોઇ વખત

દીઠા હોય એવો મને ભાસ થાય છે-ને વળી, પેલી અ-દ્દભૂત બોલી ?

કમળા—આ, હા, એ તો બધુંયે ખરૂં ! તું તો એમાંને એમાં ગાંડીજ થઈ જવાની છે-પણ ચાલ હવે બહુ મોડું થયું છે. માટે ઘર તરફ જઈયે.

વસંત૦--હા, ચાલો.

મદન૦--(સ્વગત) હું ? આ શું ? સ્વપ્ન. ને ર-સિક, અને અદ્દભૂત બોલી ? એ બધુ શું ? મને તો લાગે છે કે નકકી એ તો ગાંડીજ થઇ છે, પણ આ તો જવાની તૈયારી કરે છે, આ કમળા એની પાસેથી ખસે તો તો મળુ પણ ખરો.

(એટલામાં લક્ષ્મીપ્રસાદ દર્શન માટે આવે છે. શીવ-મંદીરમાં જાય છે)

મદન૦--(સ્વગત) વળી આ ભગતડુ વચ્ચે આવ્યું, એક પીડા હતીને બીજી વધી.

(એટલામાં વસંતની નજર લક્ષ્મીપ્રસાદ ઉપર પડે છે તેથી એકદમ જતાં અટકી પાછી પોતાની સખીને બોલાવી કહે છે)

વ૦--બ્હેન ! બ્હેન ! જો, ઓ આવ્યા મ્હારા સ્વપ્નના પતિ !

કમળા--(આશ્ચર્યથી) હે ? શું આ ? એતો પેલા સુદામા ભગતનો પૂત્ર છે-તદ્દન ગરીબ છે.

વ૦--આ, હા, જે હોય તે, ન્હાય ગરીબ હોય કે પૈસાદાર હોય પણ એજ ! બસ ! એજ રસિલા, અને એજ છબીલા;

વસંત— ગાયન ૧૧.

રાહ (પીયુ જાવો ન મેલી) તાલ-કેરબો.

ખરે એજ રસિલા, એજ છબીલા, મુજ મનના હરનારા
નકી એજ ધુતારા, એજ ઠગારા, પ્રેમી પ્રિતમ મ્હારા
ચીતડુ હરીયુ સ્વપ્ને મ્હારૂ, એ મુરતી હું કેમ વિસારૂ,
ચીતહર એ, મનહર એ, સુખકર એ, રસભર એ. ખરે૦
એ રસિયાને ભાળતાં, અંતર અતિ હરખાય,
મળવા મન લાલચાયને, શુદ્ધ સહુ વિસરાય,
અંતર મારે પ્રેમ ઉછાળા, નિહાળતાં એ નેણુ રસાળાં,
પ્રિયવર એ, નટવર એ, દુઃખહર એ, દીલભર એ. ખરે૦

કમળા૦—શું ? ત્યારે એજ ત્હારા ચીતના ચોર ?

વસંત—હા, બ્હેન, એ...જ

કમળા૦—વારૂ ત્યારે હવે તું ત્હારે તેમને મનાવ, હું તો આ...ચાલી.

(કમળા એમ કહી એકદમ ચાલી જાય છે. વસંત આશ્ચર્યમાં જોઈ રહે છે.)

મદન—(સ્વગત) અરે ! વળી આ તો ઇદમ્ ત્રતિયમ્ જાગ્યું ? ક્યાં આ ભીખારી ભગતડું ? અને ક્યાં આ ઈંદ્રની અપ્સરા ? નક્કી આ ભગતડાએ એને કાંઇ જાદુ કર્યું હોય એમ લાગે છે.

વસંત—હેં ? આ શું ? કમળા આમ એકદમ ચાલી કેમ ગઇ હશે ? હશે, પણ હવે કરવું કેમ ? શું હું તેમની પાસે જઈ પાયે પડુ ? પ્રેમની માગણી કરૂં ? કે વરવા વચન માગું ? ને કદી નહીં માને તો ? ભલે

માને કે ના માને, પણ એમનેજ વરવું માટે લાવ મંદીરમાં જઉ... ... ...

(એટલામાં લ૦ દેવળમાંથી બ્હાર નીકળી જવા માંડે છે.)

વ૦—અરે ! આતો ચાલ્યા ? હવે શું કરૂં ? બસ ! જઇને અટકાવું ! અવિનય થશે, તોપણ અટકાવુંજ !

(એમ કહી લ૦ ની પાછળ જાય છે.)

વ૦-(ધીમેથી) વ્હા...લા, હ...વે...ક્યાં...જાઓછો?

લ૦—(આશ્ચર્ય તથા ભયથી) અરે ? આશું ? બાળા તમે કોણ છો ? અને આ શું કરોછો ? ખબર નથી કે આ અનિતિ થાય છે ?

વસંત—અનિતિ ? પતિ પાસે અનિતિ કેવી ?

મદન—(સ્વગત) આ ભગતડાનું કીસ્મત ફર્યું જણાય છે. સાલો બેવકુફ છે કે ગભરાય છે. આપણે હોઇયે તો, તો તરતજ કબુલ થઇ જઇયે.

લ૦—(વસંતને)બાળા, તમે આ શું બોલોછો? પતિ શાંના? ને પ્રાણનાથ પણ શાંના ? શું હું તમારો પતિ ? નહી, નહી, તે બનેજ કેમ ?

(લ૦ જવા માંડે છે. વ૦ સામે જઈ અટકાવે છે.

વસંત— ગાયન ૧૨.

રાહ (હમેદમ દેકે સોતન ઘરજાના) વાલ-લાવણી.

ચોર્યું ચીત મૂજ સ્વપ્નમાં, અરપ્યો પ્રીતે પ્રેમ,
ભૂલ્યા શું એ નાથજી, કારણ પૂછો કેમ ?
હવે ત્યજવા શું વિચારો પ્રિતમજી.
પ્રાણજીવન અર્પ્યું, આ તન મનજી. હવે૦

સ્વપ્ને મળીયા, પિયુ પાતળીયા,
વચનો ભણીયા, તે શું વિસરીયા,
દીલ દયા કાંઇ ધારો મોહનજી. હવે૦
લ૦—કાંઇક વિચારો-ડર ઉર ધારો.
શીદ સ્વિકારો-પાપનો ભારો.
ચ૦—જાવો હવે નહીં છોડી જીવનજી. હવે૦

(ગાયન બોલતાં લક્ષ્મીપ્રસાદ ચાલ્યો જાય છે. પાછળ વસંત પણ જાય છે.)

મદન—(બ્હાર આવી) હવે આપણે પણ ચાલો. આ સમાચાર જલદી જઇ મોહનને કહીયે.

(એમ કહી મદન જાય છે પડદો પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ-માર્ગ.

મોહન પાછળથી મદન.

મોહન—(વીચારમાં આવે છે) બસ, પાર, બસ, પાર, હવે તો કરવીજ બ્હાર, ડોસાના ગુજરી ગયા પછી આપણે પણ બન્યા છીએ એક સરદાર, એટલે હવે તો ધારીયે તે કરવાના પાર, વળી તેમાં મદન જેવો મળ્યો દોસ્તદાર, ત્યાં ફાવે તેવા સખ્ત કાંમના પણ શા ભાર ? આહા, પણ મદનને કેમ થઇ આટલી બધીવાર ?

(એટલામાં મદન એકદમ આવે છે)

મદન—અરે, આ આવ્યોરે મ્હારા દોસ્તદાર.

મોહન—અરે વાહરે યાર, તને તો સંભારીયે કે તરતજ તૈયાર, વારૂં પણ પેલી વાતના શા સમાચાર ?

મદન—આ સાંભળો મ્હારા દોસ્તદાર, તમે બધા શીવમંદીરમાંથી વીદાય થયા, એટલે બંદા પણ સુચના પ્રમાણે એક બાજુએ જઈ સંતાઇ રહ્યા, પણ એટલામાં તો ત્યાં કાંઈ નવાજ તમાસા થયા.

મો૦—હેં ? વળી તે શા ?

મ૦—શા, તે ખાસ્સા, આપણા મનમાં તો હતું કે એકાંત મળે એટલે જઇ વસંત સાથે વાત કરીયે પણ પેલી કમળા તેની સાથેને સાથેજ હતી, એટલે એ તો કાંઇ બન્યુંજ નહી.

મો૦—હેં ? શું ? કાંઇજ ના બન્યું ?

મ૦—અરે બન્યું તો બધુ બહુ, પણ આપણાથી કાંઇ ના બન્યું, હજુ સાંભળો તો ખરા ?

મો૦—હા. હા. લે સાંભળું છું, પછી શું થયું ?

મ૦—પછી તો તે બન્નેની વાતચીત,

મો૦—આ, હા, વાતચીત, પણ તે શાંની ?

મ૦—શાંની તે સ્વપ્નાની, તમારી વસંત તો સ્વપ્નામાં વરી.

મો૦—હેં ? કોની સાથે ?

મ૦—પેલા, સુદામા ભગતડાના છોકરા લક્ષ્મીપ્રસાદ સાથે.

મો૦—અરે ! આ તે તું શું બકે છે ? ખાલી મશ્કરી શું કરે છે ? ખરી વાત કહેને ?

મ૦—આ, હા, ખરીજ વાત કહું છું. જુવો, તે કમળા સાથે તેના સ્વપ્નની વાતચીત કરતી હતી. એટલામાં પેલો ભગતડો ત્યાં આવ્યો, તેને જોઇને તે ઘેલી બની.

મો૦—કેવી રીતે ?

મ૦—કેવી રીતે તે તેને પાછળ આવી ખેંચવા લાગી.

(કરી બતાવે છે.)

મો૦—હે ? શું ? ખેંચવા લાગી ? હાય ! હાય ! તે ભગતડાને બદલે હુંજ ત્યાં હોત તો કેવું ?

મ૦—ખા...સ્સુ, પણ હજુ સાંભળો તો ખરા ?

મો૦—હાં. હાં. પછી ?

મ૦—પછી તો ખેંચતાંણ !

મો૦—આ, હા. ખેંચતાંણ પછી શું ?

મ૦—પછી તો વસંત લક્ષ્મીપ્રસાદને પાયે પડે, ને પ્રેમની માગણી કરે, પણ તે ભગતડો તો કાંઇ કાનેજ ના ધરે વળી વસંત કહે, તમે મને સ્વપ્નમાં વર્યા, પ્રેમનું વચન દીધું, હવે કેમ તજો છો ?

મો૦—પછી ?

મ૦—પછી, દોડા, દોડ. આગળ લક્ષ્મીપ્રસાદને પાછળ વસંત, ને તેમની પાછળ બંદા !

મો૦—પછી ?

મ૦—શેનું પછી ? વારે ઘડીયે પછી, પછી, ? પછી આપણને તો આ બધું જોઇ મનમાં કંઈ કંઇ થઇ ગયું, અને ના રહેવાયું એટલે તને ખોળતા અહીં આવ્યા દોસ્તદાર !

મો૦—(ચીડાઇને) અરે બાલ ત્હારા દોસ્તદાર ! પછી થયું તે જોયુંજ નહી ? કેવી ભૂલ ?

મ૦—આટલું બધું કર્યું તોયે હજુ ભૂલ ? તમને મ્હેનતનુંજ કયાં છે મૂલ ?

મો૦—ખેર, કાંઇ નહી, પણ વારૂ યાર, આશું ?

એ લક્ષ્મીપ્રસાદ છે તો ભીખારી જેવો, છતાં આપણા જેવા ફક્કડને મૂકી વસંત એના ઉપર આશક થઇ એશું? એ બનેજ કેમ ?

મ૦—કેમ તે એમને એ...મ, તમે શું જાણો ? એ બધું તો બંદા કયારનાએ સમજી ગયા.

મો૦—શું ? કહેતો ખરો ?

મ૦—(સ્વગત) (ઠીક લાગ છે, હંઅં. એતો ચટ જા એટા સુલાયે) મ્હોટેથી જુવો, આપણને તો લાગે છે કે, એ ભગતડાને નક્કી કાંઇ જાદુ આવડે છે જાદુ, સમજ્યાને ? એવા મેલા ઘેલાને તો આવડે હોં ? કેમ ખરૂં ને યાર ?

મો૦—બરાબર છે, પણ હવે શું કરીશું મ્હારા દોસ્તદાર ?

મ૦—(સ્વગત) વળગાડવાયોને (મ્હોટેથી) કેમ તે હવે વસંતના બાપ પાસે જવાનો કરો વિચાર, પછી તેને પૈસાની લાલચ આપી, વસંતની લગ્ન માટે માગણી કરતાંજ વાર !

મો૦—ખરી વાત યાર, પણ એ બધું કોણ કરનાર?

મ૦--એમાં તે શું પૂછે છે મ્હારા દોસ્તદાર ? ફાવે તેવું સખ્ત કાંમ હોય તો તે પણ કરવાને બંદા તૈયાર, ત્યાં એ સ્વાર્થદત્તના તે શા છે ભાર ? એને તો પૈસાની લાલચ આપી એટલે કાંમ પાર, પણ વારૂ, પૈસા ખરચવાની હીમ્મત છે ને યાર ?

મો૦—અરે, એમાં તે શો વિચાર ? તું જાણે છે કે, જ્યારથી ડોસો થયો છે પાર, ત્યારથી આપણાં ખીસ્સાં પણ થયાં છે ચીકાર,

મ૦—ત્યારે તો હવે કામ પણ પાર (સ્વગત) ને આપણાં ખીસ્સાં પણ ચી...કાર

મો૦—આ. હા. બસ પાર, બસ પાર !

મ૦-મો૦— ગાયન ૧૩

રાહ—ઇંગ્લીશ

બસ પાર થશે, બસ પાર થશે, સૌ કામ અહા બસ
પાર થશે,
ચાલો જઇયે જલ્દી ત્યાં આવાર,
મો૦-પછી પ્રીયાની પાસ, જઇ ઝાલીશું હાથ,
કરી મીઠી, મીઠી વાત, હેતે ભીડીશું બાથ,
કેમ ખરૂં ને યાર ?
મ૦—અરે વાહ દોસ્તદાર,
મ૦-મો૦-બસ, પાર, બસ પાર, બસ પાર,

(પડદો પડે છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—સ્વાર્થદત્તનો આવાસ.

—સ્વાર્થદત્ત વિચારમાં આવે છે—

સ્વાર્થદત્ત—પણ હવે કરવું કેમ ? છોકરી પરણાવવા લાયક પણ થઇ ગઇ છે, અને હવે લાંબો વખત ખેંચાય તેમ પણ નથી; તેમજ હાલમાં ન્યાતમાં કન્યાના પૈસા ખરચે એવો મહુરતીયો પણ નથી; ત્યારે હવે કરવું કેમ ? મફત પરણાવીયે તો, તો ઘણાયે મહુરતીયા તૈયાર છે, પણ એમ થાય કેમ ? છોકરીની છોકરી જાય, ને

ઉપર ખરચ થાય, તે કેમ સ્હેવાય ? ઉછેરીને મ્હોટી કરી અને ખવરાવ્યું પીવરાવ્યું, તે પૈસા તો વસુલ કરવાજ, ત્યારે હવે કરવું કેમ ? છોકરીને હવે કુંવારી રખાય તેમ પણ નથી, કારણ તેને મોસાળ રહી, ભણી, ગણી, એટલે સમજુ પણ વધારે, ત્યારે હવે થાય કેમ? આ ! હા ! પણ કાલેજ વાત સાંભળી છે, કે, પેલા શાંમળરાંમ મહેતાનો છોકરો મોહન, ફરી પરણવા ફરે છે, અને વળી તેના બાપના મરી ગયા પછી, તેની બધી મીલકતનો પણ તેજ માલીક થયો છે. વળી છે તો સ્હેલાંણી, એટલે પૈસા પણ આપે ખરો, પણ લોકો વાતો કરે છે કે, ' તે તો બહુજ ખરાબ ચાલનો છે, અને વહી ગયો છે. ' હશે, પણ તેમાં આપણે શું ? ભલેને ખરાબ ચાલનો રહ્યો ? પૈસા આપે તો ફાવે તેવો હોય તો પણ શું ખોટો એ તો છોકરીનું કરમ છોકરીની પાસે, ઠીક છે. કાલે તપાસ કરીશું.

(એટલામાં મદન આવે છે.)

સ્વા૦-અરે ! પણ આ કોણ આવ્યું ? આં, હાં. એ તો પેલો મદન, મોહનનો દોસ્તજ છે, એટલે એનેજ પૂછીશું.

મદન-(પાસે આવીને) કેમ છો ? સ્વાર્થદત્તભાઇ?

સ્વા૦-પધારો, પધારો, મદનશંકર ભાઇ ! કેમ ? આજે ક્યાંથી પધારવાં થયાં ?

મ૦-આ... આપને સ્હેજ વાત પૂછવાની હતી એ-ટલે આવવું થયું.

સ્વા૦-પૂછો, ઘણીજ ખુશીથી પુછો કહો શું છે વારૂ ?

મ૦—શું તે, એ કે, તમારી વસંતનો કોઇ ઠેકાણે

વિવાહ કર્યો કે ? તે બાબતજ હું પુછવા આવ્યો હતો.

સ્વા૦—ના, હજુ નથી કર્યો, વારૂ તમે કોને માટે પુછો છો ?

મ૦—આપણે, શાંમળરામ મ્હેતા હતાને, તેમના દીકરા મોહનપ્રસાદ મ્હારા મિત્ર છે, તેમને માટે.

સ્વા૦-(સ્વગત) વાહ ! ઘણુંજ સરસ, (મ્હોટથી) એમકે ? ઠીક ઠીક પણ......

મ૦—પણ શું ? એવો પૈસાદાર ફરી નહીં મળે સમજ્યા ? વિચાર હોય તો ચોકડું બેસાડી આપુ કહો ક્યાં સુધી વિચાર છે ?

સ્વા૦—તમેજ કહોને ? તમારે ક્યાં સુધી મોખ છે?

મ૦—એમ ? લ્યો ને ત્યારે ચોખ્ખીજ વાત કહું જો કરવું હોય તો રૂપૈયા, બે હજાર અપાવું બે હજાર !

સ્વા૦-(સ્વગત) હા...શ, બે હજાર ! કાંમ થઈ ગયું. પણ લાવો જરા તાંણી ઝાલીયે તો ખરા ?

મ૦—કેમ ? શા વિચારમાં પડી ગયા ?

સ્વા૦-વિચારતો એકે, એ રકમ તો ઘણીજ ઓ...

મ૦—(અધીરાઇથી) આ. હા. એતો હું સમજ્યો, આ ઓછી હોય તો ત્રણ હજાર !

સ્વા૦-અં-હં...

મ૦-ચાર હજાર ? પછી ?

સ્વા૦—(સ્વગત) અહીં તો હજારેજ કાંમ ચાલે છે એક વખત ઉંહું કર્યું કે હજાર વધ્યા. માટે લાવોને હજુ પણ કસ કહાડીયે ? (મોટથી) ઉં, હું.

મ૦—આ છેવટ પાંચ હજાર, વિચાર હોય તો ક-

હેમ્જે નહીં તો આપણે તો આ ચાલ્યા (જવા માંડે છે)

સ્વા૦—(સ્વગત) આતો બધુંએ ખોઇશું, માટે લાવ હવે તો હાજ પાડી દેઇયે (મ્હોટેથી) અરે, ઉભા રહો ઉભા રહો! મદનશંકર ભાઇ, આમ નાશ ભાગ શું કરોછો? તમારી મરજી એમ છે તો જાઓ પાંચ હજાર આપજો તમે આવ્યા, ને પછી હું ના કહું તે સારૂં નહીં—માટે જાઓ આપડે કબુલ છીયે. તમે કહો ત્યારે વિવાદ કરીયે-

મ૦—(સ્વગત) કાંમ પાર, આપણે ત્યાં જઇ કહેવા સાત હજાર, એટલે પછી આપણાં ખીસ્સાં પણ ચીકાર, (મ્હોટેથી) વારૂં ત્યારે, હું ઘેર જઇ, મોહન પ્રસાદને ખબર આપું છું.

સ્વા૦--હા, ઘણીજ ખુશીથી જાઓ, તમારે નક્કી થઇ ગયુંજ સમજજો.

(મદન જાય છે.)

સ્વાર્થદત્ત—(સ્વગત) હા...શ, હવે નીરાંત થઇ, આપણે ધારતા હતા તેજ થયું, ઘેર બેઠેજ ગંગાજી મળ્યાં, ને વળી રૂપૈયા કેટલા ? પાંચ હજાર ? બસ પાંચ હજાર ? હવે તો ખજાનો ચીકાર, ખરેખર જ્યાં જોઇયે ત્યાં પૈસા-નાજ પોબાર, બસ, દુનિયામાં પૈસોજ સાચો દેવ, બીજા બધાં તો દેવાલાં.

સ્વા૦— ગાયન ૧૪.

રાહ (બસ હું બન્યો છું ફાંકડો છત્રપતિ આછેલી) ને મળતો.

દુનિયામાં સાચો દેવ જાણો, પૈસો પૈસો ભાઇ
બસ પૈસો આ, હા,

એક પૈસા વીણ આ જગતમાં છે નહીં કાંમનું કોઇ,
બસ૦
દમડી સારે ચમડી તૂટે, તોય દમડી કેમજ છૂટે !
જઇયે દીલ્લી દમડી માટે, તોયે નહી નવાઇ. બસ૦
જરનાં છે સૌ સગાં સંબંધી, જર માટે થાતી બાઇબંધી
જયાં જુવો ત્યાં જગતમાં છે, જર તણીજ ભવાઇ.
બસ૦

(દરમીઆન પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—વસંતનો ખાનગી આવાસ.

વસંત બેઠી છે ત્યાંથી ઉઠીને વિચારમાં.

વસંત—હે ઇશ ? હવે તો તું કરે તે ખરી, મનગમતાને હવે કયાં મળું ? કેવી રીતે મળું ? તે કાંઇ સુઝતું નથી. શીવમંદીરમાં દીઠા તે દિવસથી તો તે મ્હારા મનમાંથી ખસતાજ નથી. ખસેડવા ઘણુંયે કરૂં છું, પણ વળી વળીને સોડમાંજ પેસતા જાય છે. પણ હવે શું કરૂં ? તેમનો પ્રેમ કેવી રીતે મેળવું ? પિતાજીને મ્હારૂં લગ્ન તેમની સાથેજ કરવા પૂછાવું તો ? પણ પિતાજી તેમ કરવા ભાગ્યેજ કબુલ થશે, કારણ તે તો મને કોઇ પૈસાદાર સાથે વરાવી પૈસા લેવા ધારે છે; એટલે તેમને વિનંતી કરવી તો ફોકટજ ! ઠીક છે, પણ તેમને પૂછાવીશ તો ખરી ?

(એટલામાં સ્વાર્થદત્ત આવતો દેખાય છે).

હેં આ શું ? પિતાજીજ આવતા દેખાય છે જો ?

આજ તો કાંઇ ઘણાજ હર્ષમાં હોય એમ લાગે છે. (આગળ જઇ) પધારો ! પિતાજી !

સ્વ૦—હા, બેટા તને એક ખુશ ખબર કહેવા આવ્યો છું.

વ૦—શાંની ? પિતાજી ?

સ્વા૦—ત્હારા વિવાહનું નકકી કર્યું તેની બેટા ?

વ૦—(શરમાઇને) કયાં ?

સ્વા૦—ઘણેજ સારે ઠેકાણે દીકરા ? પેલા શાંમળરાંમ મહેતાના દીકરા મોહનપ્રસાદ સાથે.

વ૦—(આશ્ચર્ય તથા ગભરાટથી) હે ? મોહનપ્રસાદ ! પિતાજી ? તે તો ઘણોજ દુષ્ટ છે ! તમે આ શું કર્યું ? ના, ના, તે નહીં બને.

સ્વા૦—(ગુસ્સાથી) નહીં બને કેમ ? રૂપૈયા પાંચ હજાર આપે છે પાંચ હજાર ? પછી દુષ્ટ શાંનો ! અને કદી તેવો હોય, તો પણ ત્હારે શું ?

વ૦—પિતાજી ! મ્હારે શું કેમ ? જેની સાથે આખી જીંદગી સુધીનો સંબંધ બાંધવાનો છે, તેના સંબંધમાં આપ આવું શું બોલો છો ? આપ મને કેવા માંણુસ સાથે પરણાવવા ધારો છો તેનો કાંઇ તો વિચાર કરો !

સ્વા૦—હા, હા, હવે બધાયે વિચાર કર્યા છે, વળી વિચારનું પુતળું ના દીઠું હોય તો ?

વ૦—પિતાજી ? જયારે આપ આવી રીતે પોતાના સ્વાર્થે માટે મ્હારી આખી જીંદગી નકામી કરવા બેઠા છો, ત્યારે મ્હારે પણ લાજ મૂકીને કહેવુંજ પડે છે કે, મ્હારો વિવાહ તો ભકતરાજ સુદામાજીના પૂત્ર સાથે કયારનો એ મ્હારા મનથી થઇ ગયો છે-અને તેજ મ્હારા પતિ છે.

સ્વા૦—ચુપ કર ! નાદાન છોકરી ? એ ભીખારી સુદામાના છોકરા સાથે ત્હારે પરણવું છે ? મ્હારે કહાંને વાત આવીજ હતી પણ હું માનતો નહોતો. શું ત્હારે મારૂં નામ બોળવું છે ? તેને પોતાની ડોશીની ન્યાત કરવાને તો મળતી નથી, અને ઘરમાં પૂરૂં ખાવાનું પણ નથી તેને ત્યાં ત્હારો વિવાહ ? કેવી મૂર્ખાઇ ? સમજતી નથી કે, તે બાબતમાં તો મ્હારી મરજી પ્રમાણેજ થવાનું, તેમાં ત્હારૂં ડાહાપણ બીલકુલ નહીં ચાલે.

વ૦—પિતાજી ! તે ભલે ગરીબ રહ્યા, આવા દુષ્ટ પૈસાદાર કરતાં તે લાખ દરજ્જે સારા છે, મને પૈસાના સુખની પરવા નથી !

સ્વા૦—તને નથી પણ મને છે તો ?

વ૦—(રડતાં આપ આમ એકદમ ક્રુર કેમ થાવોછો ? મને ઉછેરીને હવે તમારે હાથેજ મારવા કેમ ધાવો છો ! મ્હેં આપનું શું બગાડયું છે કે મ્હારા ઉપર આવો કેર કરવા ધારો છો ?

ગાયન ૧૫ કેરબો.

(અલબેલે પેલે) ને મળતો.

વસંત—

તમે તાત થઇ તનુજા તનને બાળો કેમ કેમ ?
દીન દુહિતાનું દુઃખ દેખી, દીલમાં રાખો રહેમ રહેમ–તમે.
કાંઇ કીધો નથી અપરાધ, તોય શું આવું કરો
રખો મનમાં મેહેર, ત્યજી દઇને ઝેર, નવ કરશો કેર
મન મ્હારૂં માન્યું જેથી તેથી છુટશે કેમ પ્રેમ ?
ભલે ભાન ભૂલીને બાળો, દઢ તે થાશે તેમ તેમ–તમે.
માત મરી ગઇ માહરી, ત્યજી મૂજને તમ પાસ,

આપ મતિ આવી થઇ, ત્યાં સુખની શી આશ,
ઉડી ગઇ હવે સૌ આશ, હાય દુઃખ દરિયે ડુબી રાખો
તમે૦–

સ્વા૦––ઠીક છે, જોઉં છું, તું કેવી માનતી નથી?
(એમ કહી ગુસ્સામાં ચાલ્યો જાય છે)

વસંત—હાય ? આતો ગયા, અને કરગરવું વ્યર્થ ગયું ! કહ્યું તે ભેંશ આગળ ભાગવત જેવું થયું ! અરે, રે, જગતમાં સ્વાર્થ અને લોભ કેવાં દુષ્ટ કર્મો કરાવે છે ? આ મ્હારા લોભીયા પિતાને મ્હારા સુખને માટે તો સ્હેજ પણ વિચારજ નથી ! પોતાના સ્વાર્થ માટે મ્હારો આખો ભવ બગાડવા તૈયાર થયા છે; ત્યારે હવે શી ગતિ ? રાજાજ રૈયત ઉપર રૂઠે ત્યારે રાંકડી રૈયતના શા હાલ ? માળીજ પોતાના બગીચામાંની, કુમળી લતાને મરડી નાંખે ત્યારે, તે લતાની કેવી દશા ? તેમજ પિતાજ, પૂત્રી પ્રત્યે ક્રુર થાય, ત્યાં પૂત્રીનો શો ઉપાય ? કાંઇજ નહી! નશીબનોજ દોષ ! એક બાજુયે પિતાની આજ્ઞાનો સવાલ છે, ને બીજી બાજુએ આખી જીંદગીના સુખનું સત્યા નાશ છે. ત્યારે હવે શું કરવું ? (વીચારીને) હા ! હા, જગતમાં ઝુરી આવી દુ:ખી જીંદગી કાઢવા કરતાં મરવુંજ બહેતર છે, હા, બસ એમજ કરૂં ! અરે, પણ શી રીતે મરૂં ? શું ફાંસો ખાઇ આ ફાંસીયા પિતાના પંજામાંથી છુટુ ? કે જીભ કરડી એ જુલ્મી જમને જીવ આપું ? કે પછી છાતીમાં છરી ભોકી મરૂ ? આ–હા છરી ખાઇનેજ મરૂં ! છરી પણે પડી છે પણ ખરી માટે લાવ અત્યારેજ આપઘાત કરૂં.

(એમ કહી અંદરથી છરી લાવે છે.)

વ૦—(હાથમાં છરી લેઇને) હે ! પ્રભૂ ? હે અનાથના નાથ ? ને નોધારાના આધાર ! આ દુઃખી બાળાને તું ત્હારા શરણમાં સ્વિકાર.

(એમ કહી છાતીમાં છરી મારવા જાય છે. એટલામાં ભડાકો થાય છે, તેનીજ સાથે પ્રભુ અદૃષ્યથી આવી તેનો હાથ પાછળથી પકડી લે છે.)

—વસંતનું આશ્ચર્ય—

—ટેબ્લો—

પ્રવેશ ૧૦ મો.

સ્થળ— --માર્ગ—

—સુદામાજી પ્રવેશ કરે છે—

સુદામા—રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ હરી, હરી, હરી, આજતો ઘણોજ થાક લાગ્યો છે. હે પ્રભુ? હવે આ દુઃખનો જલ્દી અંત લાવ, ને આ ત્હારા ચરણ કમળના શેવકને ત્હારી હજુરમાં જલ્દી બોલાવ ! તું અનાથનો નાથ છે, ને નોધારાનો આધાર છે. એટલે તું કરતો હોઇશ તે બરાબરજ હશે. આ—હા! પણ પ્રભુની સાથેના બાળપણના દિવસો જ્યારે મને યાદ આવે છે ત્યારે તો અંતર આનંદે છલકાય છે. હે ! દીનદયાળ ? હવે તું તો દ્વારિકામાં જઈ ગાદી પતિ થઇ બેઠો, એટલે ત્હારા રંક દાસને વિસારી દેજતો ? પણ જો એમ થશે તો, તને ભકત વત્સલ કોણ કહેશે ? માટે હવે તો મહેર કરી આ દીનદાસને સંસારની ઘોર ઘટમાલમાંથી જલ્દી મૂકત કર એટલીજ વિનંતી છે—

(એટલામાં દુરથી લુંટારા આવતા જણાય છે.)

સુ૦—અરે પણ આ શું ? કોઇ લુંટારા આવતા દેખાય છે. હવે શું ગતિ ? હશે પણ મ્હેં એમનું શું બગાડયું છે, અને મ્હારી પાસે એવું છે પણ શું, કે મને હેરાન કરે ? માટે લાવ, ઇષ્ટ સ્મર્ણ કરતો અહીંજ ઉભો રહું.

(એમ વિચારી રાધેકૃષ્ણના ઉચ્ચાર કરતા ઉભા રહે છે. એટલામાં લુંટારાઓ આવે છે)

લુંટારો પેહેલો—(પાસે આવી) અરે ઓ ! તું કુણસે ને આ ઢુંગ શીનો માંડયો સે ?

બીજો—અરયો ? કોઇ સે તો માલદાર ! ઇમ ચાળા કરીને સુટી જવું સે:

ત્રીજો—હં. અં. પણ ઇમ આપડે ક્યાં છેતરાવાના સીયે ? (પાસે આવીને) એ ? ચાલ ઉતાર લુગડાં !

સુ૦—ભાઇ ? આમ, મને ગરીબને શા સારૂ સતાવો છો ? હું તો એક રંક બ્રાહ્મણ છું, અને મ્હારી પાસે કાંઇ પણ નથી, માટે પ્રભુને ખાતર મને જવા દેશો તો તમારૂં કલ્યાણ થશે.

પેહેલો—ઉં. હુ. હુ. હુ. હુ. વળી ચેવા ઢુંગ કરે સે ? ઇમાં વળી પરભુને, પરભુડી એ હું વાકર ? હુઈ ગયો ત્હારો પરભુ ઝટ લઇને બધુ મુચી દેસ કે માર ખાવો સે ?

સુ૦-ભાઇ લ્યો, હું મ્હારી પાસે છે તે બધું આપી દેવા તૈયાર છું. પણ કૃપા કરી પ્રભુની નીંદા કરશો નહી ! તમને ખબર છે કે તેજ, તમારો, મ્હારો તથા આખી સૃષ્ટિનો સરજન હાર છે ? તેનું ઘડી ભજન કરો,

તો તમારા જીવનું કલ્યાંણ થાય-તમારે ફાવે તો મને ચાર ધપ્પા મારી લ્યો, પણ મ્હારા, નાથને ગાળો દેશો નહી.

(દરમીયાંન લુંટારાઓ બધુ લેઇ લેછે)

ત્રીજો-વળી કલ્યાંણની પુંસડી ના દીઠી હોય તો ! હેંડો અલ્યો !

(બધા હસતા હસતા ચાલ્યા જાય છે)

સુ૦-અરે, રે, આવાં ફાટયાં, તુટયાં લુગડાં હતાં તે પણ આ દુષ્ટો તો લેઇ ગયા ! આજ બે દિવસે છોકરાંની ભૂખ ભાગે એટલું મળી આવ્યું હતું, તે પણ ગયું! બીચારાં રંક બચ્ચાંની શી ગતિ ? તે તો ઘેર મ્હારા આવવાની રાહ જોઇ બગલાની પેઠે બેશી રહ્યાં હશે-હે હજાર હાથવાળા ? હવે તો અવધિ થઇ છે. મારે આ રંક તરફ કાંઇ તો નજર કર !

ગાયન—૨૬.

ભજન.

રૂપક—રાહ (જોગી જતા શું રહ્યા)ને મળતો.

સુ૦—

વ્હાલા થાને તું દયાળ, અરજી ઉરમાં લહી,
મ્હાય માર કે જીવાડ દીનની બાંહ્ય ગ્રહી,
ભીડભંજન પ્રભુ, આપ કહાવો
તો કાં'ન લ્યો આ દુઃખ હરી ? અરજી૦
તુજ નામના ન્હાવે કરી, તરીયે ભવાબ્ધિ આખરે
અધવચ લઇ જઈ ન્હાવતે, દુઃખ વમળમાં કાંતું ધરે ?
ડુબાડવું, કે તારવું તે આપ સ્વાધિન છે હરે,

તોયે વિભૂ શીદ રંકને, ઉંચાં નીચાં નાહક કરે. વ્હાલા.

(ભજન દરમીયાન પડદો પડે છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—મોહનપ્રસાદનું દીવાનખાનું.-

મોહન૦—(વિચારમાં) બસ પાર ! બસપાર ! હવે આપણે બનવાના વસંતના ભરથાર, એટલે પછી બ્હાર, બસ બ્હાર ! હવે વસંત આપણી થવાનીજ એમાં વાંધો નહીં, કારણ સ્વાર્થદત્ત માગે તેટલા રૂપૈયા આપવા કબુલ થવા મદનને કહ્યું છે, એટલે કાંઇ અડચણ જેવું નથી. સ્વાર્થદત્ત તો રૂપૈયાનું નામ સાંભળશે એટલે લગાર પણ આનાકાની કરવાનોજ નહી; પછી તો બસ ! વસંત રસિલી ને બંદા રસિલા !

(એટલામાં મદન ધીમેથી ત્યાં આવે છે)

મદન—(મોહન તરફ જોઇને) (સ્વગત). વાહ ! ભાઇ તો વાયરે ચઢ્યા હોય એમ લાગે છે ને ? ઠીક છે, સાંભળીયે તો ખરા તેમના હવાઈ વિચાર ? (સંતાય છે).

મોહન૦—(વિચારમાં) આ, હા, વસંત તે વસંતજ છે, કેવું સુંદર સ્વરૂપ ? શું તેની ચાલવાની છટા ? શું તેની ઉભાં રહેવાની ઢબ ? અને કેવી તેની કામણગારી આંખ ? હાય ! હાય ! તે જોઇછે. ત્યારથી તો હું દીવાનોજ બની ગયો છું.

મ૦—બરાબર છે, ખરેખર દીવાનોજ બન્યો છે.

મો૦--પણ બસ ! હવે તો તે આપણી થવાનીજ !

પછી તો બંદા તેના પ્રેમ બગીચામાં ખીરાજી, તેના મધુર વચન વાયુની લ્હેરોમાંજ ડોલવાના, તે મંનહરણીના સૌંદર્ય મ્હેલમાંજ મ્હાલવાના, અને મન ગમતી મોજે માંણુવાના.

ગાયન ૧૭.

એમટો રાહ–(હું કેવી રૂપાળી)ને મળતો.

મોહન—

આહા રંગે ઉમંગે સ્વર્ગ તણાં સુખ ગાણશું.
મીઠી, મીઠી, વસંતના પ્યારમાં. **આહા૦**
નયન મીલાવીને–પ્રેમ શીખાવી, કહીશું કેમ છો પ્યા...રી,
શેવામાં અહનિશ હાજર રહીને સંસાર દેશું સુધા...રી,
આહા મળશે પ્રિયારે.

મ૦––વાહ !

મો૦–મળશે પ્રિયારે, **આહા૦**

સ્નેહે સમજાવીને–સુંદરી ઝાલી ભપકેથી દેશું ભ...માવી
પ્રેમે પછી પ્રિત ચુંબન કરીને–દેશું સલુણી સમજા...વી
આહા૦

(ગાયન પૂરૂ થયા બાદ વિચારમાં અહીં તહીં ફરે છે.)

મો૦–બસ, રસિલી મળશે, જીવન ફલશે, સુખ મળશે, બસ મળશે, ટળશે, ફળશે, બસ મળશે.

મદન–૦(સ્વગત) વાહ ! વાહ ! કેવી જુવતીની જપમાળ ચાલી રહી છે ? લાવ હવે તો તેમને આ સુખના સ્વપ્નમાંથી જાગ્રત કરૂં.

(એમ કહી પાસે જઈ ડાચુ પકડી ઉંચુ જોવરાવે છે)

મદન–અરે વાહરે, વસંતના રસિલા? જરા ઉંચુ તો જુવો ! શું અત્યારથીજ વસંતની સાથે પ્રેમની વાતો કરવા મંડી ગયા કે ?

મોહન ·(ચમકી ઉંચુ જોઇને) હાં, કોણ મદન ! કેમ શું સમાચાર ?

મ૦–શું ? તે વળી બેડો પાર, ને હવે લગ્નનું મહુરત જોવરાવો એટલીજ વાર.

મો૦–સાબાશ ! મ્હારા યાર, પણ વારૂં શો થયો કરાર ?

મ૦–કરાર તો એ કે લાવો રૂપૈયા. સાત હજાર, (સ્વગત) તેમાં આપણા બે હજાર,

મો૦–ઠીક, ઠીક, ત્યારે તો સાત હજારમાંજ નક્કી થયું કહેને ? પણ વારૂં યાર, લગ્ન પહેલાં વસંતના મનમાં મ્હારે માટે શું વિચાર છે, તે પણ આપણે જાણવું જોઇયે, તેમજ તેને પ્રેમની નિશાની તરીકે કાંઇ મોકલવું પણ જોઇયે, કેમ ખરને ?

મ૦–બરાબર છે યાર.

મો૦–ત્યારે હવે કેમ કરી શું મ્હારા દોસ્તદાર ?

મ૦–અરે એમાં તે શા વિચાર ! તે પણ કરવાને બંદા તૈયાર !

મો૦–એમ ? ત્યારે તો ઠીક, પણ વારૂં તું તે કામ કેવી રીતે કરવા ધારે છે ?

મ૦–અરે ! એમાં તે શું ? એના તો હજાર રસ્તા, જો, તું પેલી ગુલાબને ઓળખે છે ને ?

મો૦–હા. હા. તે દિવસે તને પનઘટ ઉપર સાંન કરતી હતી તેને ?

મ૦–હા, એજ, તે વસંતને ત્યાં ઘણીયે વખત જાય છે. અને છે પણ ચાલાક, આપણે હમણાં તેની સાથે ઠીક ચાલે છે, એટલે હવે તેની મારફતજ તે કામ લેઇશું.

મો૦–અરે વાહરે યાર ! યુક્તિ તો ઠીક શોધી કહાડી. લે ત્યારે તો હું ચીઠી લખી આપું.

(એમ કહી ચીઠી લખે છે, તે મદનને આપે છે)

લ્યો આ ચીઠી અને તેની સાથે મોકલવાની વીંટી,

(મદન લેછે).

મદન૦–વારૂં હવે હું જાઉં છું. (જાય છે)

મો૦–(વિચારમાં) બસ, હવે તો કાંમ પાર ! ને બંદા બનવાના વસંતના ભરથાર ! બસ ! ભરથાર.

(પલંગ તરફ જાય છે, દરમીયાન પડદો પડે છે)–

પ્રવેશ ૧૨ મો.

સ્થળ— –પનઘટનો માર્ગ.–

—મદન તથા પાછળથી ગુલાબ—

મદન૦—(વિચારમાં પ્રવેશ કરીને) તાલ તો ઠીક જામ્યો છે, વસંતને માટે મોહનને એટલો તો મોહ લગાડયો છે, કે તે તો ગાંડો તુરજ બની ગયો છે. અને વચ્ચે આપણો રોજગાર પણ ઠીક શરૂ થયો છે. મોહનને કહ્યા છે રૂપૈયા સાત હજાર, ને સ્વાર્થદત્તને કહ્યા છે પાંચ હજાર, એટલે વચ્ચે વધ્યા બે હજાર, તેને માટે આપણો ખજાનો તૈયાર, રૂપૈયાની લેવડ દેવડ પણ આપણીજ મારફત થવાની એટલે તે બાબતમાં તો કાંઈ વાંધા જેવુંજ નથીજ. પણ હવે ગુલાબને મળી મોહનના કહ્યા મૂજબ બંદોબસ્ત થાય તો, ઠીક ! તેણે આજે અહીંજ મળવા કહેલું છે. અને તેનો રોજનો વખત પણ થયો પણ હજુ તે કેમ દેખાઇ નહી ? ખરે ! ગુલાબ તો ગુ-

લાબના ફુલ જેવીજ છે જાણે પ્રેમનીજ પૂતળી, સૈંદર્યનો-જ સાગર, ચાલાકીમાં પણ પૂરી, ઠીક છે, તે પણ ઠીક કામમાં આવશે.

(એટલામાં ગુલાબ આવતી દેખાય છે.)

મદન૦—(ગુલાબ તરફ જોઇને) અરે ! પણ પણે તેજ આવતી હોય એમ દેખાય છે જો ? લાવ જરા સંતાઇને તાલ તો જોઉં અરે વાહરે ગુલાબ ? ત્હારી ચાલવાની છટા !

(એટલામાં ગુલાબ આવે છે, આગ તે જુવે છે.)

ગાયન ૧૮ પંજાબી ઠેકો.

રાહ—(જહાંન કે બશરબને કનશી)

ગુલાબ—

અરે આ જોબન રસ ઝલકાય,
રસના રસિલા મ્હારા પ્રેમના પ્રિણુ વીના;
કોને પ્રિતેથી પવાય. અરે૦
મન ગમતાથી, મોજ કરીને,
આશ અંતરની પૂર્ણ કરીને;
રંગ રસિયાની સાથ રહીને,
સકળ સંસાર તણો સાર પમાય. આ જોબન૦
આવી હું અંતર આશ ધરીને,
બ્હેરી વિરહની આગે બળીને;
હાય હવે હું રહી છું મરીને,
મળે જો છબીલા, તો, તો, શાંન્તિ થાય. આ૦

હજુ સુધી પણ રસિલા આવ્યા નથી એશું ? આ-જે કેમ થઇ હશે આટલી બધી વાર ?

મદન૦--(એકદમ આગળ આવીને) અરે વાહરે

મ્હારી દીલદાર ? જો આ ઉભો ત્હારો યાર, હું તો જોતો હતો તમારા ગાયનની બ્હાર.

ગુ૦--અરે વાહરે, મ્હારા શોખીલા સરદાર ! તમે પણ ઠીક તાલ જમાવ્યો !

મદન૦--રસિલી, હું તો કયારનોએ ત્હારી રાહ જોઇ ઉભો રહ્યો છું, પણ વારૂં, ત્હારાથી એક કામ બનશે ?

ગુ૦--શું ?

મદન૦--જો, પેલો સ્વાર્થદત્તની વસંતનો વિવાહ મ્હારા દોસ્ત મોહન સાથે થયો છે તે તો તું જાણે છેને?

ગુ૦—હા, તે તો મને માલુમ છે, પણ તેનો મોહન સાથે પરણવાનો વિચાર નથી એવું મ્હેં સાંભળ્યું છે.

મ૦--મ્હેં પણ એવુંજ સાંભળ્યું છે. પણ ત્હારે હવે એટલું કરવાનું કે, તેની પાસે જઇ તેને મોઢે મોહનનાં વખાણ કરી તેને મોહન સાથે વરવા લલચાવવી, અને આ મોહનની વીંટી તથા ચીઠ્ઠી પણ તે ને પ્રેમની નિશાંની તરીકે પ્હોંચાડવી, કારણ, તેમ બને તો, આપણાં ખીસ્સાં પણ તર થાય એવું છે.

ગુ૦—એમ ? ત્યારે તો એમાં શું ? એ તો મ્હારૂં જ કામ, એને એવી તો લલચાવું કે, મોહનને ને મોહનનેજ દેખે પછી શું ? ભલ, ભલી, સતિ હોય તો તેને પણ લલચાવી ફસાવી દૌ તો એ ઉગતી છોકરીના તે શા બાર ?

મદન૦—હા, ત્યારે તો આપણું કામ પણ પાર, પછી તો વ્હાલી ? જ્યાં આ ખીસ્સાં થયાં ચીકાર, કે આ

મંદા મ્હારા પ્રેમ બગીચામાં ફરવાના બ્હાર ! બસ બ્હાર !

ગુ૦--અરે વાહરે મ્હારા શાણા સરદાર, તમે પણ ઠીક ખટપટ જમાવો છો જો ?

મદન૦--ખટપટ કેમ ના જમાવીયે ? નહી તો આ બધી લટપટ ક્યાંથી લાવવી ? એ તો, એજ, જે કરે ગરબડ ગોટા, તેજ જગતમાં સૌથી મ્હોટા, બાકીના બીજા બધા ખોટા. માટે હવે તો તું જલ્દીથી જા, ને, બરાબર રંગ જમાવ લે આ વીંટીને ચીઠ્ઠી (આપે છે)

ગુ૦--(લેઇને) ઠીક ત્યારે તો હું જાઉં છું મ્હારા રસિલા યાર !

(જાય છે.)

મ૦--(જતાં) હવે આપણું કામ પણ પાર, માટે ચાલો ગણો પોબાર--

પડદો પડે છે.

પ્રવેશ ૧૩ મો.

સ્થળ--વસંતનો આવાસ.

વસંત--(વિચારમાં) આ, હા, હું કેટલી નશીબવાન કે મને સાક્ષાત પરમાત્માનાં દર્શન થયાં? નક્કી મ્હારૂં જીવન સફળ થયું, પણ તે પ્રતાપ તો વ્હાલાનોજ, કારણ તે તથા તેમના પિતા સુદામાજી પ્રભુના પરમ ભક્ત છે, તેથી પ્રભુયે તેમને સુખી કરવા નિર્મેલું, અને તેમાં મને એક સાધન તરીકે ગણી, તે પણ મ્હારાં ધન્ય ભાગ્યજ ! અને તેથીજ પ્રભુયે મને આપઘાત કરતાં બચાવી, સ્વપ્ન આવ્યું, તે પણ પ્રભુણી પ્રેરણાથીજ ! આ, હા, હું આવા

પરમાત્માના પરમ ભક્તને ત્યાં વરીશ, અને તેમની પ્રભુ પ્રત્યેની ભક્તિમાં ભાગીયેણ થઇશ, તે પણ મ્હારાં કેવાં સુભાગ્ય ? પણ હવે કરવું કેમ ? પ્રભુએ મને દર્શન દીધાની વાત ગુપ્ત રાખવા કહેલું છે, અને વળી આ માળા પણ આપી છે. માળાને માટે તો કહ્યું છે કે, તે ધારણ કરવાથી સ્ત્રીનો ચેહેરો બદલાઇ પૂરૂષ જેવો દેખાય, ત્યારે હવે તેનો ઉપીયોગ ક્યારે કરવો ? શું અત્યારેજ અહીંથી વેશ બદલી વ્હાલાનું વદન જોવા ચાલતી થાઉં ? પણ પ્રભુએ તો તે માળાનો ઉપીયોગ અણીને વખતેજ કરવા કહેલું છે.

(એટલામાં ગુલાબ આવતી દેખાય છે.)

વ૦--આ ! હા ! પણે ગુલાબ આવતી દેખાય છે જો?

ગુલાબ--(આવીને) કેમ વસંત બ્હેન ? શાંના વિચાર ચાલે છે ? અત્યારથીજ વ્હાલાના વિચારમાં પડી ગયાં કે શું ?

વસંત--હા બેન, વિચાર તો વ્હાલાનાજ હોય ને ?

ગુ૦--(સ્વગત) લાવને હવે ચોખ્ખુંજ પુછું ? (મ્હોટેથી) હા. હોયસ્તો બા ? કેમ નહી ? એવા રૂપાળા રંગીલા અને છબીલા પતિના વિચાર કેમ ના થાય ? બ્હેન તું નશીબવાન તો ખરી કે ત્હારો વિવાહ એ મોહનપ્રસાદ સાથે થયો.

વ૦--(ચીડાઇને) મોહનપ્રસાદ ? પેલો છટેલ મોહન શું એ મ્હારો પતિ ? બસ ચુપકર ! એની વાત ત્હારે મ્હારી પાસે કદી કરવી નહીં, એને તો હું ઘણીજ ધિક્કારૂં છું.

ગુ૦—ત્યારે તું હમણાંજ કહેતી હતીને કે વિચાર તો વ્હાલાનાજ ચાલે છે, તે શું કોઇ બીજો ? ત્હારો વિ-

વાહ તો મોહનપ્રસાદ સાથે થયોજ છેને ?

વ૦—તે વિવાહ તો ફકત દુનિયાની નજરમાંજ વિવાહ છે. પણ મ્હારો ખરો વિવાહ તો, મનગમતા સાથે મનથી ક્યારનોયે થઇ ગયો છે.

ગુ૦—(સ્વાગત) ઓ, તારી વળી આતો કાંઇક નવુંજ! લાવોને વળી મનગમતો કીયો તે પૂછીયે તો ખરાં? (મ્હોટેથી) વળી એ કોણ ત્યારે?

વ૦—શ્રી કૃષ્ણ પરમાત્માના પરમભક્ત સુદામાજીના પૂત્ર.

ગુ૦—(આશ્ચર્યથી) હેં? એ તો પેલો લક્ષ્મીપ્રસાદ બ્હેન વસંત, આ તે તું શું બોલે છે? તું ગાંડી થઇ ગઇ છે કે શું? ક્યાં એ ગરીબ ભગતડાં ને ક્યાં તું?

વ૦—તે ભલે ગરીબ રહ્યા. હું તે બાબતમાં વધારે સાંભળવા માગતી નથી. બેશક દુનિયાની નજરમાં તો, તે ગરીબજ છે, પણ જગકર્તાની હજુરમાં આપણા બધાં કરતાં તેમની વધારે થાપણ જમાં છે, અને તેમનુંજ વધારે માન છે; કારણ તે પ્રભૂના આરૂઢ ભક્ત છે.

ગુ૦—(સ્વાગત) આતો કામ બગડ્યું લાગે છે, લાવો જરા તડાકાતો કરીએ (મ્હોટેથી) બ્હેન? આ શું? ત્હારી મતી આમ કેમ ફરી ગઇ છે? સાકરનો ઢગલો મૂકી ત્હારી નજર કોયલા તરફ કેમ જાય છે? સરોવરનું સુંદર જળ મૂકી ખાબોચીયાનું ગંધાતું પાણી પીવા ત્હારૂં મન કેમ લલચાય છે? મોહનપ્રસાદ જેવો પૈસાદાર, રૂપાળો અને હોંશીયાર પતિ મૂકી એવા ભીખારી સાથે વરવા તને કેમ વિચાર થાય છે? (પાસે જઇને) જો! મોહનપ્રસાદને ત્હારા ઉપર કેટલો બધો પ્રેમ છે? તેણે તને

પ્રેમની નિશાની તરીકે આપવા મ્હારી સાથે આ વીંટી મોકલી છે તથા આ ચીઠ્ઠી પણ આપી છે (ધરેછે)

વ૦—(ગુ૦ ના હાથમાંની વીંટી તથા ચીઠ્ઠીને લપડાક મારી પાડી નાંખે છે, બાદ ગુસ્સામાં) ત્યારે તો એમજ કહેને કે એ નીચ મોહનેજ ત્હને મ્હારી પાસે મોકલેલીછે? અને તેથીજ તું તેનાં વખાણ કરે છે? તેની વીંટી તથા ચીઠી તું ત્હારી પાસેજ રાખ, અને મ્હારી પાસેથી દુર જા!

ગુ૦—ઓહો-હો-હો-હો શો મીજાજ? અલી નાદાન વસંત માનનને? ઠીક કહીયે છીયે, હમણાં શીધે શીધું નહીં માને તો પાછળથી આડાં રહી માનવું પડશે, ત્હારા બાપેજ તને પરણાવવા કબુલ કર્યું છે, એટલે હવે તું શું કરવાની છે?

વ૦—હું શું કરીશ, તેની ત્હારે શી પંચાત? તું ત્હારે ચાલી જા, અને એવા નીચ માણસોની સોબતમાં રખડો ખા!

ગુ૦—(ગુસ્સો દેખાડીને) એમકે? ઠીક! ત્યારે તો હવે બે દિવસમાંજ લગ્ન ના લેવરાવું તો મ્હારૂં નામ ગુલાબ નહીં. ત્હારા લક્ષ્મીપ્રસાદને પણ જમપૂરીમાં પ્હોંચાડવું પછી ત્હારાથી થાય તે કરજે સમજી?

વ૦—હા, હા, સમજી, ત્હારાથી શું બનવાનું છે? જેને માથે પ્રભૂ જેવા સમર્થ નાથ છે, તેને કોઈપણ શું કરનાર છે?

ગુ૦—ઠીક છે, તે પણ જોવાશે (એમ કહી ગુસ્સામાં ચાલી જાય છે)

વ૦—એ કુલટા તો ગઇ, પણ હવે તો નક્કી આવીજ બન્યું; જરૂર, તે જઇ, પેલા નીચને ભંભેરી તાકીદે લગ્ન લેવરાવશે ને, મ્હારા દુષ્ટ પિતા પણ તેમ કરવા કબુલ થશે! લગ્ન થયું તો, તો પછી પૂરી કમબખ્તિ! ત્યારે હવે શું કરવું? ખરો અણીનો વખત હવે આવીજ પહોચ્યો છે, માટે શ્રી પરમાત્માની સૂચના પ્રમાણે તેમની આપેલી માળા ધારણ કરી, વેશ બદલી અહીંથી રવાનેજ થાઉં! પણ સાથે થોડા ઘણા દાગીના લેઇ લેવાય તો તો ઠીક! કારણ તોજ આ લોભીયા પિતાને, જે લોભ માટે તે, મને કસાઇવાડે વેચવા બેઠો છે તેનો પૂર્ણ બદલો મળે, અને તોજ મ્હારા છુપા વેશમાં રહીને પણ હું વ્હાલાને મદદ કરી શકુ, માટે લાવ હવે તો અંદર જઇ પૂરૂષનાં કપડાં પ્હેરી તથા પ્રભૂની આપેલી માળા ધારણ કરી વી-દાય થાઉં, હે વિભૂ! આ નિરાધાર બાળાને હવે ત્હારોજ આધાર છે.

ગાયન ૧૯.

તાલ દક્ષણી લાવણી.

રાહ (રસીક મન માન્યા સંગે સફળ જનમારોરે.)

વસંત--

વિભૂજી ચઢજો મ્હારી વ્હાર, અરજ ઉર ધારીરે,
નથી કાંઇ તુજ વિણ મૂજ આધાર, હવે મોરારીરે.
માત જતાં પ્રિત તાતની, પળમાં ગઇ પલટાઇ,
સુખ સર્વે સ્વપ્ને થયું, દુઃખરજની દેખાઇ.
હવે આ દુઃખ રજની મોઝાર, દિપક ગિરધારીરે. વિ૦

ઇચ્છે તાતજ મારવા, ઉછેરીને નિજ હાથ,
રંક તણી ત્યાં શી ગતિ, કરવી કોને વાત. '
તમે છો વાત તણા આધાર, હવે વનમાળીરે. વિ૰

—જાય છે દરમીયાન પડદો પડે છે—

—ડ્રોપસીન—

અંક પહેલો સમાપ્ત.



અંક બીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—માર્ગ-એકાંત.

(લક્ષ્મીપ્રસાદ ગાયન બોલતો આવે છે).

ગાયન ૨૦

તાલ હીંચ.

રાહ (તારી બાંકી ફૂમતીયાંપે જાન ખુરબાન)

લક્ષ્મીપ્રસાદ—

કરૂં શું હવે તો સુઝે નહીં કાંય,
પ્રભુ મન્ન મ્હારૂ અતિશે મૂઝાય. કરૂં૦
વ્હેરી વિશ્વ સકળ થયું દેખું,
નીંદે જન સૌ જ્યાં જઉં ત્યાંય. કરૂં૦
કર્મ કુડું નહીં કરીયું કદાપી,
તોયે રૂઠયા શેહે જગરાય. કરૂં૦
બે કર જોડી વિનવું વિભૂ હું,
દયા કાંઇક ધારો હવે દીલ મ્હાંય. કરૂં૦

હે પ્રભુ ! હવે તો શું કરવું તે કાંઇ સુઝતું નથી. તે દિવસે વસંતે શીવમંદીરમાં મને પતિ કહી બોલાવ્યો એ શું ! વળી કહે કે સ્વપ્નમાં વર્યા તે શું ? તે ગાંડી તો નહીં થઇ હોય ? ખરેખર તેમજ હોતું જોઇયે, નહીં તો ક્યાં તે અને ક્યાં હું ? તેને મ્હારા પ્રત્યે કેવી રીતે પ્રેમ થાય? વળી તે શીવમંદીરમાં મળી ત્યારથી તો મ્હારા ગ્રહ ખોમજ મળ્યા છે, પેલા મોહન તથા મદન પણ

હમેશાં સતાવે છે, અને બીજા લોકો પણ તેને તેજ વાતો કરે છે અને જાદુગર તરીકે ગણે છે, ત્યારે હવે શી ગતિ ? તે ગાંડી થઇ હોય એમ તો લાગતું નથી. ત્યારે શું આ કાંઇ ઇશ્વરી ચમત્કાર તો નહીં હોય ? નક્કી મને તો એમજ લાગે છે. નહીં તો મ્હેં તેની સાથે કોઇપણ દિવસ વાત કરી નથી, કે તેણે પણ મ્હારી તરફ કોઇપણ દિવસ નજર કરી નથી, છતાં આવી રીતે શીવમંદીરમાં મને એકદમ પોતાનો પતિ કહેવા હિમ્મત ક્યાંથી ધરે ? હવે શું કરવું ? શું અહીંથી કોઇ બીજે ઠેકાણે ચાલ્યા જવું ? ના ના, પણ તેથી શું ફાયદો ? તેમ કરવાથી તો ઉલટી ઉપાધી આવી પડે, અને ગુન્હેગારજ ગણાઇયે. માટે તેના કરતાં તો અહીંજ રહી, ઇશ્વર ઇચ્છાથી જે બને તે જોયાંજ કરવું એ સારૂં છે. કારણ તે જે કરતો હશે તે સૌ સારાનેજ માટે.

(આવા વિચાર કરે છે એટલામાં આકાશવાણી થાય છે).

આકાશવાણી ૨૧.

" ધીરજ ધાર તું દીલ વિષે, નાહક શીદ અકળાય,
ઇશ્વરલીલા એ સહુ, તુજ નજરે દેખાય. "

(લક્ષ્મીપ્રસાદ આશ્ચર્યથી આમતેમ જુવે છે).

લ૦--હેં ? આ શું ? કોણ બોલ્યું ? અહીં તો કોઇપણ જણાતુંજ નથી ! ત્યારે આ અવાજ કોનો ? શું આકાશવાણી તો નહીં હોય ? પણ " ધીરજ ધાર તું દીલ વિષે, નાહક શીદ અકળાય, ઇશ્વરલીલા એ સહુ તુજ નજરે દેખાય " એનો અર્થ શું ? શું ત્યારે આ બધી ઇશ્વરનીજ લીલા ? ખરે તેમજ હોવું જોઇયે, નહીં

તો આવું બનેજ કેમ ? ત્યારે તો હવે ધીરજ રાખવી. આહા પ્રભુની લીલા તો અગમ્યજ છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ-માર્ગ.

મોહન તથા મદન, બાદ, સ્વાર્થદત્ત, સુદામા, સીપાઇઓ વિગેરે–

મો૦––(મદનને) ભાઇ મદન ? હવે કેમ કરવું વીંટી તથા ચીઠી તો પાછી આવી ત્યારે હવે શું ઉપાય ?

મ૦––ઉપાય તો એ, કે, હવે જલ્દી લગ્ન લેવરાવવું, પછી કયાં જનાર છે નહીં માને તો ?

મો૦––હા, હા, તે બરાબર છે; પણ વારૂં યાર પેલા ભગતડાની ઉપર તેને આટલો બધો પ્રેમ થવાનું કારણ શું ? મને તો લાગે છે કે, તેણે નક્કી કાંઇ જાદુજ કર્યુંછે.

મ૦––હા, યાર તે તો એજ! બંદા તો પહેલેથીજ કહેતા હતા ને ? એના બાપને જાદુ આવડતો હોય એમ લાગેજ છે, કારણ એ નથી કમાતો, કે નથી કોઇથી પાસે કાંઇ માગતો ! છતાં એનું ઘર કેવી રીતે ચાલે છે તે કાંઇ ખબરજ પડતી નથી; વળી લક્ષ્મીપ્રસાદ પણ પરણવા યોગ્ય ઉમ્મરનો થયો છે. પણ કન્યા કયાંથી મળે ? અને તેથીજ આ કર્યું હોય એમ આપણને તો લાગે છે.

મો૦––બરાબર છે યાર, પણ હવે આપણે કેમ કરીશું ?

મ૦ તેનો પણ રસ્તો આપણી પાસે તૈયાર છે.

મો૦––શો ?

મ૦––જો ! તેને બધે જાદુગર તરીકે ફજેત કરવો,

અને પછી વસંતના બાપ પાસે, તેના ઉપર ફરીયાદી કરાવી કેદમાં પકડાવવો, અને લક્ષ્મીપ્રસાદને તો હારજ કરવો, એટલે પછી કામ પાર !

મો૦—ખરી વાત યાર !

(એટલામાં બુમ સંભળાય છે) "હાય, હાયરે બાપ".

પણ આ બુમ શેની સંભળાય છે ? અરે ! આ તો સ્વાર્થદત્તજ દોડતો આવે છે જો ? શું કાંઇ નવાજુની તો નહીં હોય ?

(એટલામાં સ્વાર્થદત્ત દોડતો તથા બુમ પાડતો આવે છે.)

સ્વા૦—હાય હાયરે બા...પ, સત્યાનાશ વળી ગયુંરે.

મ૦ તથા મો૦—(જલ્દી પાસે જઇ) શું છે ? શું છે ? સ્વાર્થદત્તભાઇ શું થયું ? શું ઘર પડ્યું ? આગ લાગી ? કે કોઇ મરી ગયું ? એકદમ આ શું છે ?

સ્વા૦—ના ભાઈ ના, પણ મ્હારૂં તો સત્યાનાશ વળી ગયું બા......પ.

(એટલામાં જતાં આવતાં બીજાં માંણસો ભેગાં થઇ જાય છે).

બધા—અરે પણ શું થયું તે તો કહો ?

સ્વા૦—પાંચ હજાર, રૂપૈયા ગયા બાપ ! છોકરી પાંચ હજારના દાગીના લેઇને નાશી ગઇ, કોઇ લેઇ ગયું ?

પેહેલો—હે ? વસંત નાશી ગઇ ?

સ્વા૦—અરે, તે તો ગઇ તો મૂઇ પણ મને ભીખારી કરતી ગ...ઇ...બાપ.

મો૦—(મદનને) ભાઇ, આપણી આશાઓ પણ રદ ગઇ, હવે શું ગતિ ?

મ૦—એમાં ગભરાય છે શું ? અમણા બરાબર ઘાટ ઉતારૂં છું.

મો૦—શો ?

મ૦--શો, તે બન્નુ સુદામા તથા લક્ષ્મીપ્રસાદને માથેજ ઢોલી પડાવીયે, એટલે પછી કામ પાર ! પછી વસંતને શોધી કહાડતાં કેટલીવાર ? ઘડીના છઠ્ઠા ભાગમાં પકડી લાવીશું યાર !

મો૦--હા. હા. ત્યારે તો ઠીક.

સ્વા૦--હાય, હાયરે, બા...પ, મ્હારા પાંચ હજારના દાગીના.

મદન૦--(પાસે જઇ) સ્વાંર્થદત્તભાઇ ? આમ રડવાથી શું વળવાનું હતું ? ઉંડો તપાસ કરીયે કહો તમને કોઇના ઉપર તેને નસાડી મૂકયાનો શક છે ?

સ્વા૦--હા. પેલા સુદામા ભગતડાએ તેને કાંઇક કર્યું છે તેથી તે તેના છોકરાને ને છોકરાનેજ દેખતી હતી. અને એની સાથે પરણવું છે એવું કહેતી હતી. લોકો પણ વાતો કરે છે કે શીવ મંદીરમાં તે સુદામાના છોકરા સાથે વાતો કરતી હતી

મ૦--હા, હા, તે વાત તો ખરીજ છે, અમે પણ જોઇ હતી.

સ્વા૦--વળી મારેને એ સુદામાને તકરાર થયેલી હતી, એટલે એણેજ નકકી મ્હારી છોકરીને નસાડી મૂકી, બસ એણેજ ! હા. એણેજ !

મ૦-(મોહનને) કેમ બરાબર ઘાટ ઉતરે છેને યાર (મ્હોટેથી) હા, હા બરાબર છે, અમને પણ એનાજ ઉપર શકછે.

બીજો-ખરી વાત છે-એ કાંમ તો એ સુદામાનુંજ જુવોને, સાલો કમાતો નથી કે કોઇની પાસે કાંઇ માગતો

નથી તો પણ કયાંથી લાવીને ખાય છે? નકકી એણેજ કાંઈ જાદુ કરયું.

ત્રીજો-એમ ખાલી વિચાર કર્યે શું વળવાનું છે? ચાલો જલ્દી દરબારમાં, ને ત્યાં બધું જાહેર કરી પકડાવો સુદામાને એટલે પછી બધુંયે એની મેળે પકડાશે.

સ્વા૦--હા, ચાલો.

(જવા માંડે છે:--એટલામાં સુદામાજી રસ્તે જતાં ત્યાં આવે છે)

ત્રીજો-અરે જુવો, જુવો, પેલો આવે સુદામો, બોલાવો સીપાઇને ને પકડાવો એને !

[એક માણુસ બોલાવવા દોડે છે.]

સુદામા--(આવીને) ભાઈ ! આ શું છે ?

સ્વા૦--(આગળ આવી ગુસ્સાથી) શું છે તે ત્હારા નામની ગ્હોંકાંણુ, વળી કેવો અજાણ્યો થાય છે ? આતો સતની પૂંછડી થઇને પાછા તાલ જોવા આવ્યા હશે ! (ગળુ પકડીને) લુચ્ચા ! ઠગ ! બતાવ કયાં ગઇ મ્હારી દીકરી અને દાગીના ?

સુ૦--(ગભરાઇને) અરે પણ છે શું ? છોકરી શાંની ? ને દાગીના શાંના ? મને કેમ પકડો છો ?

મ૦--શાંની તે પછી જણાશે, એવા ચાળા ચાલવાના નથી.

(એટલામાં બધાં માણુસ ઉભાં છે ત્યાં વેશ બદલેલ વસંત પૂરૂષરૂપે આવે છે. એક બાજુયે ઉભી રહે છે.)

વસંત૦-હાય ! હાય ! આતો મ્હારોજ ઓખાળો ! આ બીચારા સુદામાજીને પકડયા લાગે છે જો ?

(એટલામાં સીપાઇયો આવે છે. સુદામાને પકડે છે)

સુદામા૦--અરે ભાઇ મને ગરીબને નાહક ક્યાં પકડી જાઓ છો ? મ્હારો શું ગુન્હો થયો છે તે તો કહો ?

સીપાઇ—(ધપ્પો મારીને) ચુપકીસે ચલો, તુમ હમારે કેદી હો.

સુ૦--કેદી ? હું કેદી ! હાય, હાય. શામાટે ? ઓ પ્રભુ ! આ શું ?

(સીપાઈ ધકકામારી લેઇ જાય છે-બધા માંણુસો પાછળ જાય છે વસંત એકલો પાછળ રહે છે.)

વસંત--(સ્વગત) અરે, રે, આતો બીચારા ભકતરાજને માથે આવી પડ્યું ! હવે શું કરવું ? તેમને ફાવે તેમ કરી મદદ તો કરવીજ ! માટે લાવ તેમની પાછળ કચેરીમાં જઇ, શું ફેંસલો આવે છે તે તો જોઉં.

(જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—સુદામાજીનો આવાસ.

લક્ષ્મીપ્રસાદ. બાદ અન્નપૂર્ણા, પાછળથી વસંત (માધવ)

લક્ષ્મીપ્રસાદ—(વિચારમાં) હે હરી ! હવે તો હદ થઇ. હવે ધીરજ કેવી રીતે રખાય ? આકાશ વાણીનો અર્થ શો ? આ બધી ઇશ્વરનીજ લીલા થાય છે, એમ કહ્યું તે શું ? હે પ્રભુ ! હે દીનદયાળ ! શું આવી રીતે ત્હારા રંકદાસને હેરાન કરવા, તે, ત્હારી લીલા કે ? દુઃખનાં વાદળાં ઉપરા ઉપરી આવી ગોઠવાય ત્યાં ધીરજ કેવી રીતે રહે. હે ભક્ત વત્સલ ! હવે તો કાંઇક સામું જો,

અને આ હારા રંક બાળને દુખ દરિયે તણાતાં બચાવ,

(એટલામાં અન્નપૂર્ણા દોડતી આવે છે.)

અન્નપૂર્ણા-ભાઈ ! ભાઇ ! ગજબ થયો ! દુઃખના ડુંગર તુટી પડ્યા !

લ૦—(આશ્ચર્યથી) હેં, હે ! પણ છે શું માતા?

અ૦—હારા પિતાને કેદમાં પકડ્યા !

લ૦—હેં ? કેદમાં ? કારણ ?

અ૦—કારણ, કીરતારનો કોપ ! તેમને જાદુગર ગણી પેલા સ્વાર્થદત્તની પુત્રી નસાડી મૂકવાનું ત્હોમત મૂકી દરબારમાં પકડી ગયા છે; ને દરબારે, તેમને પાંચસો રૂપૈયાના જામીન ઉપર છોડવા હુકમ કર્યો છે; અને જ્યાં સુધી રૂપૈયા ના ભરે અગર આબરૂદાર માંણુસની જામીનગીરી ના મળે ત્યાં સુધી કેદમાંજ રાખવાના છે,

લ૦—હરી, હરી, હરી, પણ એ ત્હોમત કોણે મૂક્યું ?

અ૦—એસ્વાર્થદત્તેજ, મને તો લાગે છે કે, એણે તે દિવસે હારા પિતા પાસે રૂપીયા માગ્યા હતા તે ના મળ્યા, એટલે તે દાઝથીજ આ કામ કર્યું હશે, અને વળી તેમાં તે છોકરી શીવ મંદિરમાં ત્હારી સાથે વાત કરતી હતી એવી લોકો પણ વાતો કરે છે.

લ૦-માતા ! એ વાત તો મ્હેં તમને કહેલીજ છે ! સાચું જાણનાર તો ઇશ્વરજ છે. અને આ દુષ્ટ માણસો પિતાજીને નાહક સતાવે છે. અરે પણ હવે પિતાજીને છોડવવા સારૂ પાંચસો રૂપૈયાના જામીન કોણ થાય ? તેમજ રૂપીયા પણ ક્યાંથી લાવવા ? ગામમાંતો સર્વે, જાદુગર ગણી નીંદે છે, ત્યાં ધીરવાની વાત ક્યાં ? ત્યારે હવે શો

ઉપાય ! શું પિતાજીને કેદમાં સડવાજ દેવા ? હવે શું કરવું ?

હે પ્રભૂ! હવે તો કાંઇ દયા લાવ, શું આતે ત્હારી લીલા ? કે પછી હાંસી અને ત્હારા રંક ભકતોને ફાંસી ? (એવા વિચારમાં ફરે છે-એટલામાં વસંત (માધવ) ત્યાં આવે છે.)

વસંત (સ્વગત) આહા ! વ્હાલા ઘણુંજ શોકમાં પડયા છે, તેમને સ્હાય કરવાનો આ ખરો સમય છે. માટે હવે પાંચસો રૂપીઆ હુંજ આપું,

(એમ વીચાર કરી સામે જાય છે.)

લ૦-(સામું જોઇને) આપ કોણુ છો ?

વ૦—હું એક મુસાફર છું !

લ૦—આપનું અહી કેમ પધારવું થયું છે ?

વ૦-હું નગરમાં ફરતો હતો ત્યાં મ્હેં એવી વાત સાંભળી કે એક પ્રભૂના ભક્ત નશિબના યોગે કેદમાં પકડાયા છે. અને તેમને પાંચસો રૂપીયાના જામીન ઉપર છોડવાનો દરબારનો હુકમ થયો છે.

લ૦-હાજી, તે ખરી વાત છે. તે મ્હારા પિતાજ થાય છે. પણુ તેમને છોડવવા મ્હારી પાસે પાઇ પણુ નથી, તેમ કોઇ જામીન થાય તેવું પણુ નથી, એ...ટ...લે.

વ૦-એટલે શું ! હું તેટલા માટેજ તમારી પાસે આવ્યો છું. લ્યો હું તમને પાંચસો રૂપીયા આપવા તેયાર છું (થેલી ધરે છે).

અન્નપૂર્ણા-(આશ્ચર્ય તથા આનંદથી) હેં હેં ! શું તમે રૂપીયા આપો છો ? આ નિરાધારને આવા અણીના વખતે સ્હાય કરો છો તેથી પ્રભૂ તમારૂં કલ્યાણુ કરશે

ભાઇ ! આહા, તમારો આ ગરીબ ઉપર ઘણોજ ઉપ-
કાર થશે.

વ૦-એમાં ઉપકાર શાનો ! મને આવી રીતે પ્રભૂના ભક્તોને સહાય કરવાનું વધારે પ્રસન છે, ને તેથીજ હું આ વાત સાંભળતાં, તમારૂં મકાન શોધતો આવ્યો. છું

લ૦-આ, હા, ધન્ય છે તમારી દયાને, પણ ભાઇ આપનું નામ શું ?

વ૦-મ્હારૂં નામ, માધવ, છે.

લ૦-માધવભાઇ ! અમે આપનો :જેટલો આભાર માનીયે તેટલો ઓછો છે-હાલમાં તો થોડા રોજ આપ અત્રે રોકાઇ અમને કૃતાર્થ કરો તો વધું આભાર થશે.

અ૦-હા. થોડા રોજ અહીંજ રહો.

વ૦-ઠીક, મ્હારો વિચાર પણ હાલમાં અહીંજ રહેવાનો છે. કારણ હું એક મ્હારા રીસાઇને ચાલ્યા ગયેલા મિત્રની શોધમાં છું, અને તેને માટે અહીં પણ તપાસ કરવા ધારૂં છું.

લ૦—ત્યારે તો ઘણુંજ સારૂ, અમને પણ આપના સમાગમથી ઘણોજ આનંદ થશે. પણ ઠીક હવે હું દરબારમાં જઇ પિતાજીને છોડાવી પાછો જલ્દી આવું છું.

વ૦—હા. ખુશીથી જાઓ.

(લક્ષ્મીપ્રસાદ જાય છે. વ૦ તથા અ૦ વાતો કરે છે.).

પ્રવેશ ૪ થો.

સ્થળ-કેદખાનું.

સુદામાજી ઇશ્વરની સ્તુતી કરે છે.

સુદામા— ગાયન ૨૨. **હોરી દીપચંદી.**

વ્હારે ચઢો વનમાળી, અરજ આ દીનની સ્વિકારી. વ્હારે૦
ઘોર કીલ્લામાં આવી પડ્યો છું, કોઇ નહીં સ્હાયકારી,
ભક્ત વત્સલ પ્રભૂ. મ્હેર કરી-દાસને લેજો ઉગારી.
ઝાઝું શું કહું ગિરધારી. વ્હારે૦
અહનિશ આપનું ધ્યાન ધરૂં છું, હામ ઉરે વિભૂ ત્હારી,
વિનતી સુણીને રંકદાસને, સ્હાયકરો પ્રભૂ સારી.
આવોને વેગે મોરારી. વ્હારે૦

હે દીનદયાળ! ત્હારા શેવકની આ શી ગતિ? વિણુ વાંકે કેદમાં? આહા, આતો ધરમ ત્યાં ધાડ જેવું થયું, આઠે પ્હોર ત્હારૂં નામ જપ્યાનો બદલો આપતો હોઇશ! ઠીક, એમ કરી છુટી જવું હશે! પણ છુટીને તે ક્યાં જવાનો છે? મ્હારા મનના પટારામાં તને એવો તો સપડાવ્યો છે કે તું ફાવે તેમ કરે પણ ત્હારાથી સ્હેજ પણ સરકાવાનું નથી, પછી ભલેને કેદમાં પૂર, કે દરિયાંમાં નાંખ! પણ જ્યાં જઇશ ત્યાં તું તો સાથેને સાથેજ! તું ગોકુળમાં ગોપીયોને ભલે છેતરે, પણ આ ભક્ત એમ છેતરાવાનો નથી તો? ભલેને આ કેદખાંનામાંજ રહેવાનું થાય! તો પણ મ્હારે શું? એ પંચાત પણ ત્હારે ને ત્હારેજ! મ્હારે તો ત્હારૂંજ ઓળખાણુ ને ત્હારી સાથેજ વાતચીત, માટે લાવ બીજા કેદીઓને પણ અહીં બોલાવી ભજન ચલાવું, કે તેમના જીવનું પણ કાંઈ કલ્યાણ થાય,

અને કાળીયો પણ અહીં સપડાય !

(એમ વિચાર કરી બુમ પાડે છે.)

અરે બાઇયો ! બ્હાર આવો, બ્હાર ! આવો, એક ભજન સંભળાવું.

પ્હેરેગીર–(ચમકીને) આગે એ ? એ કયા કરતા હે ! સબકુ બ્હાર કયું બોલાતા હે ? ઇદર કુચ ભજન બજન ગાનેકા નહીં હય; સમજતા હય કે યેતો કેદખાના હય ! કુચ અખાડા નહીં હય !

સુ૦–ભલા માણુસ ! આ કેદખાનું છે તે તો હું પણ જાણું છું, પણ તેમાં બે ઘડી પ્રભૂનું ભજન કરીશું એમાં ત્હારૂં શું જશે ? ઉલટા તું પણ બે બોલ સાંભળશે તો ત્હારી કાયાનું કલ્યાણ થશે !

પ્હેરેગીર બીજો–બાબ શીવરતન ! માને દોને ? આપના કયા જાતા હે ? દો ઘડી સબકી ગમ્મત દેખેંગે !

(સુદામાને) હાં, હાં, મ્હારાજ હોને દો.

પ્હેરેગીર પહેલો—અચ્છા માહારાજ ! ચલને દો, તુમ એકીલે બોલો દુસરે કેદીકુ બ્હાર બુલાનેકી કુચ જરૂર નહીં હય !

સુ૦–ભલે ત્યારે એમ લ્યો બોલું છું.

સુ૦ ગાયન ૨૩. ભજન.

વેગે પધારો મ્હારા નાથરે, કાનુડા વ્હાલા, શામળારે
સેવા શરણાંગતની સંભાળ.
વ્રજનિધિ ઝાલે કોણ હાથરે, વંદ્રાવનવાસી, કાનુડારે
કરો કંઇક કૃપા હે કૃપાળ. વેગે૦
પંચાળી ચીર પૂર્યાં–નવસેં નવાંણું વ્હાલા,
રાખી પાંડવની ત્હેંતો લાજરે. કાનુડા વ્હાલા૦

કહીયે દુઃખ કોને વ્હાલા, તુજ વિણુ હો કાના કાળા
લેજે આ દીનની હવે દાદરે. કાંનુડા વ્હાલા૦

(ભજન પૂરૂં થાય છે એટલે લક્ષ્મીપ્રસાદ સુદામાજીને છોડી મૂકવાનો હુકમ લેઇ (પ્હેરેગીર સાથે આવે છે).)

પ્હેરેગીર—ક્યું, કયા કામ હે ?

લ૦-આ મ્હારા પિતા સુદામાજીને છોડાવવા આવ્યોછું. દરબારમાં તેમની જામીનગીરીના પાંચસો રૂપૈયા ભર્યા છે, અને તેથી દરબારે, તેમને છોડવાનો હુકમ કર્યો છે, લ્યો આ હુકમ. (ધરે છે.)

પ્હેરેગીર-(લેઇને વાંચ્યા બાદ) અચ્છા ! લે જાઓ, (સુદામાને) ભગતજી ! તુમારા ભજનકા કામ તો બ્હોત ભારી, દેખો યે ઇધરસે જાનેકી હુઇ તૈયારી.

સુ૦—હા ભાઇ એ બધો હરીનોજ મહિમા છે.

(એમ વાત કરી લ૦ તથા સુ૦ રવાના થાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—સુદામાજીનો આવાસ.

સુદામા, અન્નપૂર્ણા, બાદ લક્ષ્મીપ્રસાદ, તથા માધવ અને બચ્ચાં.

અન્નપૂર્ણા,—પ્રાણેશ ! ઇશ્વર કૃપાથી આ આપત્તિમાંથી તો આપ છૂટયા, પણ હવે શું કરવું તે કાંઇ સમજ પડતી નથી, હવે તો મને ઘણીજ ચિંતા થાય છે, કારણ આપણી ન્યાતના બધા માણસો આપણા તરફ દુશ્મનાઇ રાખે છે. અને આપણને સતાવવા ધારે છે.

સુ૦--ગાંડા છો ગાંડા ! એમાં તે ચિંતા શાંની ? દુનિયા ફાવે તેમ કહે તેમાં આપણે શું ? આપણે દુનિયાં-ની સાથે શું સગાઇ છે ? આપણે તો કામ, નામ, ને સગાઇ. એ સઘળું એ સાચા ધણી શામળાનુંજ ! અને તેનાથીજ ડરવાનું તો એવી લોક નીંદાથી શા માટે ડરવું ?

અ૦--તે સત્ય છે પ્રાણનાથ ! પણ ગામમાં રહેવું એટલે તેમ રાખ્યા વગર પણ કેમ ચાલે ? જુવોને, તમને કેદમાં પકડયા ત્યારે પાંચસો રૂપૈયા કયાંથી લાવત ? એ તો પેલા દયાળુ માધુભાઇએ, આપ્યા ત્યારે તમને છોડાવી શકયાં, નહીં તો શું ગતિ થાત ?

સુ૦—એમાં ગતિ શાંની ? ત્યાંજ રહીને ઇષ્ટ સ્મર્ણ કરત ! (સામે જોઇને) આહા પણ આપણા ઉપર ઉપકાર કરનાર માધુભાઇ તે આ આવે છે એજ કે ? (એટલામાં ત્યાં આવે છે) આહા, પણ માધુભાઇ, આપનો પણ અમ ગરીબ ઉપર ઘણોજ આભાર થયો છે. અને તેના બદલા-માં તમને આપવાને, “ તમે સુખી થાઓ ” એ આશિ-ર્વાદ શિવાય મ્હારી પાસે બીજુ કાંઇ પણ નથી.

મા૦—(નમીને) ભકતરાજ ! મને બદલાની કાંઇ પણ જરૂર નથી, તેમજ તેમાં મ્હેં કાંઇ પણ કર્યુંજ નથી; આપના જેવા પ્રભૂના પરમ ભક્તનો અંતરનો એક આ-શિર્વાદ, લખ્ખો રૂપૈયા કરતાં પણ વધારે કીમતી છે.

સુ૦-ધન્ય છે તમારી દયાને !

(માધવ નમન કરી રજા લેઇ જાય છે.)

અ૦—પ્રાણેશ ! એ તો બધુએ ખરૂં પણ, હવે તો દુઃખની અવધ આવી રહી છે, અને આ રંક બાળકોની ધીરજથી પણ પૂરેપૂરી કસોટી થઇ ગઇ છે. બબ્બે ચાર

ચાર દિવસે પણ પેટપૂર અન્ન મળતું નથી. આપણે તો વખતે નભાવી શકીયે, પણ બીચારાં બાળક કેવી રીતે નભાવે ! તમે કાઇની પાસે કાંઇ યાચતા તો છોજ નહી, ત્યારે એવી રીતે વગર યાચે, કે વગર કમાયે કયાં સુધી સંસાર નભે ! માટે હવે તો આ રંક બચ્ચાની દયા ખાતર આપ કાંઇ યાચી લાવો તો ઘણુંજ સારૂં !

સુ૦—શાંણી સતિ ! આમ અધીરી કેમ બને છે ! શું તું ભૂલી ગઇ કે હું દીનદયાળ પ્રભૂ શિવાય કોઇની પાસે કદી પણ યાચવાનો નથીજ ! ત્યારે તે બધી ચિંતા પણ તેનેજ તેમાં આપણે શું ?

અ૦--ભલે એમ, પણ પ્રભૂની પાસે તો તમે યાચો ખરા ને ?

સુ૦--હા ઘણીજ ખુશીથી, એ પાલનહાર પિતા પાસે માગતાં શો વાંધો ?

અ૦—ત્યારે આપ દ્વારિકાં જઇ આ દારિદ્રય કાપવા પ્રભૂને વિનંતી કરો તો શું ખોટું ? પરમાત્મા આપના બાળપણુના મિત્ર છે અને આપના ઉપર આટલો બધો પ્રેમ રાખે છે એવું કહોછો ત્યારે તેમની પાસે જઇ માગતાં શું હરકત ? શું તમે તેમને વિનંતી કરશો તો તે તમને સુખી નહીં કરે ? માટે હવે તો કૃપા કરી આપ તાકીદે દ્વારિકાં જાઓ એવી મ્હારી વિનંતી છે.

સુ૦—ઠીક, ત્હારો આટલો બધો આગ્રહ છે ત્યારે હું ત્યાં જવા તૈયાર છું, પણ તું જાણુતીજ હોઇશ કે શ્રી કૃષ્ણ જેવા મિત્રને ત્યાં જવું ત્યારે સાથે કાંઇ ભેટ પણ લેઇ જવીજ જોઇએ ?

અ૦--હા, હા, એ વાત તો ખરી, પણ ભેટ શાંની

લેઇ જશો? ઘરમાં તો એક દમડી પણ નથી, તેમજ અન્નનો કણ પણ નથી, આ છોકરાંએ પણ કાલે ખાધું છે તેજા ઘરમાં થોડા દાણા હોત તો તેમાંથી પણ કાંઇ લયે જવાત, પણ હવે શું કરવું ? (વિચારીને) લાવો હું પાડોશમાં જઇ જો કોઇ આપે તો કાંઇ માગી લાવું.

(એમ કહી અ૦ જાય છે)

સુ૦--(સ્વગત) ચાલો ઠીક થયું ! આ બ્હાને પ્રભુનાં દર્શનનો લાભ તો મળશે ? પછી આપે ના આપે તે તો તેની ઇચ્છા. (છોકરાં રમતાં હોય છે-તે પાસે આવે છે]

છોકરૂં પહેલું--(સુ૦ નું લુગડું ખેંચીને) તે. બાપા ? તમે કયાં જાઓ છો ?

સુ૦--ભાઇ હું દ્વારિકાં, પ્રભુ પાસે જાઉં છું.

બીજું—તે, અમારે સારૂં ખાવાનું લાવશો બાપા!

લ૦--હા, ભાઇ હા, પ્રભુ પાસેથી તે ત્હારા માટે માગી લાવશે હો ?

પહેલું--પણ બાપા, તમે પાછા વ્હેલા આવજો હો? મને તો તમારા વગર નહીં ગમે.

સુ૦—સારૂં ભાઇ ! હું વ્હેલોજ આવીશ.

[એટલામાં અ૦ ખોળામાં થોડા તાંદુલ લેઇ આવે છે)

અ૦—પ્રાણનાથ ! બીજું તો કાંઇ ના મળ્યું ! પણ જમના બાઇયે આટલા તાંદુલ આપ્યા છે, તે લેઇ જાઓ,

(ખોળો ઉઘાડી બતાવે છે.)

સુ૦-ભલે તાંદુલ તો તાંદુલ, લાવો, પણ વારૂં કીયા લુગડામાં બાંધીને લેઇ જાઉ ?

અ૦-ઘરમાં એકે આખુ લુગડુ તો છેજ નહીં, પણ લ્યો આમાં બાંધી આપું.

(એમ કહી એક ફાટલા લુગડામાં પરાણે તાંદુલ બાંધે છે). હવે બીજુ શું લાવું નાથ ?

સુ૦-મ્હારી લાકડી તથા તુંબડી !

(અન્નપૂર્ણા તે પણ લાવી આપે છે. સુ૦ લેછે.)

સુ૦—વારૂં ત્યારે હવે હું જાઉ છું ! (છોકરાંને) બાઇ ! ઇશ્વરનું ભજન કરજો હો ?

લ૦-વારૂં તમે સુખેથી પધારો, અમારી લેશ પણ ચિંતા રાખશો નહીં.

અ૦-હા, સુખેથી પધારો, પણ ઘેર પાછા વ્હેલા પધારજો.

અ૦ લ૦-તથા છોકરાં.

ગાયન ૨૪.

ચાલતી રાહ (નથી રાજાની પરવા હો પ્યારી મ્હારીને મળતાં.

અ૦-(વેગે) વળજો હો વ્હેલા તમે વ્હાલા મારા,
વિભૂને મળીને. (૨)
(વળી) કહેજો પ્રણામો આ દીન દારાના, પાયે
લળીને વે૦ (૨)
લ૦-કહેજો વળી આ રંક બાળના, વિનતી કરજો દુઃખ
ટાળવા સેવકને અહનિશ પાળવા. વિભૂને૦
છોકરૂં-આપ વિના બાપુ મને, ગમશે નહી દીન રૈન.
લ૦-ભ્રાત ધીરજ ધર ઉરમાં-ત્ળશે કુશળ ક્ષેમ—વિભૂ૦

પ્રવેશ ૬ ઠો.

સ્થળ-સ્વાર્થદત્તનો આવાસ.

સ્વાર્થદત્ત, પાછળથી મદન.

સ્વા૦-(વિચારમાં) હાય ! હાય ! આતો ભારે પંચાત આવી પડી ! હજુ સુધી છોકરીનો તો કાંઇ પત્તોજ લાગ્યો નહીં અરે, તે તો ગઇ તો મૂઇ, પણ સાથે પાંચ હજારના દાગીના લેતી ગઇ ! તેનાં લગ્ન કરવા બદલના પાંચ હજાર રૂપૈયા તો કયારનાએ લીધા છે, પણ હવે લગ્ન કોનું થવાનું ? તે તો ગઇ ! ખેર ! પણ આ પાંચ હજારની મુડી તો આપણી પાસે રહી ! પણ તે રૂપૈયા પાછા માગશે ત્યારે ? ખરૂ જોતાં તો પાછા આપવાજ પડે- પણ હાય, હાય, હાથમાં આવેલા પાંચ હજાર પાછા જવા દેવાય કેમ ? ત્યારે હવે કરવું કેમ ? (વિચારીને) બસ ! ફાવે તેમ થાય પણ હવે રૂપૈયા તો પાછા નાજ આપવા, ના મુક્કરજ જવું, પણ વચ્ચે મદન છેને ? કાંઇ નહીં ! શો પૂરાવો ? એનું કહ્યું કોણ માંને ? એ તો છોકરવાદ અને જુઠો ગણાશે. અને આપણને આ રૂપૈયા પચશે. છોકરી ગઇ તો મૂઇ, પણ આ પાંચ હજાર રૂપૈયા આપણી પાસે રહે તો પછી કાંઇ વાંધો નથી, ભલેને રખડી ખાય ! (ઉંચે જુવે છે) પણ આહા ! પેલો મદનજ આવે છે !

મદન૦—(આવીને) કેમ સ્વાર્થ દત્ત ભાઇ ! તમારી વસંતનો કાંઇ પત્તો ?

સ્વા૦—ના...ભાઇ, હજુ સુધી તો કાંઇ પત્તો પડયો નથી. (ઢોંગ કરે છે) જુવોને; એ છોકરી તો મને ભીખારી

કરીને ગઇ, મદનભાઇ! મ્હારા ક્યાં ભોગ લાગ્યા કે મ્હેં એનો વિવાહ એ મોહન સાથે કરયો; શું કરૂં ભાઇ પાંચ હજારના દાગીના લેઇને ગઇ બા.........પ... (સ્વગત) ઠીક છે, તાલ તો બરાબર જામ્યો છે, તેમનેજ માથે દોષ મૂકું.

મ૦-(સ્વગત) આણે તો ઠીક તાલ જમાવવા માંડયો, રૂપૈયા પચાવી પડવા વિચાર જણાય છે ! ઠીક. જોઉં છું. (મ્હોટેથી) વારૂ, એ તો ઠીક પણ હવે આપણા રૂપૈયાનું કેમ કરોછો ? તમારી પુત્રી હજુ સુધી તો જડી નહીં, માટે વિવાહ ફોક, અને લાવો રૂપૈયા પાછા.

સ્વા૦—(સ્વગત) માર્યા ! પણ ઠીક છે (મ્હોટેથી) હેં ? તમે આ શું બોલ્યા ? વિવાહ ફોક ? એ તે બનેજ કેમ ? આપણામાં તે વળી વિવાહ કરેલા ફોક થતા હશે કે ? શુ કોઇ નાતરીયા ન્યાત ભાળી ? અમને એવા હલકા ગણ્યા ? જાઓ, જાઓ, મ્હારા ભાઇ! કાંઇ વિચાર તો કરો ! છોકરી કયાં જવાની છે ? તેનું ગજુ કેટલું ? હમણાં નહીં તો બે દિવસ પછી એની મેળે હાથ આવશે. ત્યારે એટલા વખતમાં શું વ્હેલું મોડું થઇ જાય છે.

(સ્વગત) નાંખવા હોને લંબાણ !

મ૦—શું કેમ ? અમને તો ખાત્રીજ છે કે એ તો હવે જડવાનીજ નથી ! અમે પણ ઘણીએ તપાસ કરાવી પણ બધી ફોકટ ! માટે હવે તો હમારે એવી રીતે આશામાં બેશી રહેવું નથી. સમજ્યા ? માટે લાવો રૂપૈયા પાછા !

સ્વા૦—(સ્વગત) આ તો સપડાયા, માટે ફેરવવા

દે પાઘડી, નામુક્કરજ જાઉં ! (મ્હોટેથી) હેં ? હેં ? તમે શું બોલ્યા ? ફરી બોલો ફરી.

મ૦—શું તે રૂપૈયા પાછા લાવો એ.

સ્વા૦—રૂપૈયા શેના ?

મ૦—તમારી પુત્રીનું લગ્ન કરવા બદલ આપેલા તે

સ્વા૦—ક્યારે ?

મ૦—આમ કેમ બોલોછો ? ક્યારે કેમ? શું ભૂલી ગયા કે ?

સ્વા૦—જા જા, હવે ખાલી ગળે શું પડે છે ! વળી રૂપૈયા શાના ને વળી શેની ? ગાંડો તો નથી થયોને?

મ૦—(સ્વગત) હાય, હાય, ગજબ થયો ! આ તો નામુક્કરજ જાય છે ! હવે મોહનને શું જવાબ દેવો ? (મ્હોટેથી) વાહ ! રસ્તો તો ઠીક કહાડયો ! ત્યારે શું તમે રૂપૈયા પાછા નહીંજ આપો ?

સ્વા૦—ના, ના, નહીંજ, રૂપૈયા શાના ?

મ૦—એમ કે ? ધંધો તો ઠીક માંડયો છે સ્વાર્થદત્ત બાઇ ! આવો ધુતારાનો ધંધો જવા દો અને સીધે સીધા રૂપૈયા પાછા આપી દો. નહીં તો નાહક કચેરીએ ચઢશો ને આબરૂના કાંકરા કરશો. સમજ્યા ?

સ્વા૦—હા, હા, સમજ્યા ! જાને ત્હારાથી થાય તે કરજે, રૂપૈયા આપ્યા છેજ ક્યારે ? વળી છોકરીના તે કોઇ રૂપૈયા લેતું હશે? શું કાંઇ નીશો તો નથી કર્યોને ? ચાલ્યો જા, ચાલ્યો, વળી આ, આજકાલનું છોકરૂં મને સમજાવનારૂં ના દીઠું હોય તો !

મ૦—એમ કે ? ઠીક છે, હું પણ જોઉંછું કે તમે રૂપૈયા કેવા રાખો છો ! જઇ તુરતજ દરબારમાં ફરીઆદ

ફેરાવું છું પછી બધુંએ માલુમ પડશે. (ચાલ્યો જાયછે).

સ્વા૦—ઠીક થયું, ઘાટ તો બરાબર ઉતર્યો છે. આપણે તો નામુકરરજ જવું પછી બધુંએ જોઈ લેવાશે.

(દરમીયાન પડદો પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—દ્વારિકાં, ગોમતિ ઉપર શ્રીકૃષ્ણનો મ્હેલ.

જાત્રાળુ સાધુઓ, બાદ સુદામા, પાછળથી પ્રભુ,
રાધિકાજી વિગેરે.

(સાધુઓનું ટોળું ભજન બોલતું બોલતું આવે છે).

ગાયન ૨૫.

સાધુઓ— **ભજન.**

મુકામ ત્હારો પાસે રે, મુસાફર કરી લે તૈયારી,
ત્હારી સાથે રે, શું શું આવશે જી............(૨)
ભોગવીયા મ્હેલ બગીચા, કંઇ હેમ હીંડોળે હીંચ્યા,
રહેશે તેલ ફુલેલ સૌ સિંચ્યાં રે, મુસાફર૦
પૈસો પરમેશ્વર માની, સંઘરીયો ઉલટ આણી,
ભોગવનારા, તે ભોગવશે રે, મુસાફર૦
રમણીના રંગમાં રાચ્યો, નયને નચાવ્યો નાચ્યો,
સંગાથ નથી એ સાચો રે. મુસાફર૦
કરીયાં જે સુકૃત હાથે, તે થાશે ત્હારી સાથે,
પ્રભુ પાસે તે લઇ જાશે રે. મુસાફર૦

(બધા, દ્વારકાંધિશકી જે, ના પોકાર કરે છે).

સાધુ—ભાઇઓ ! ચલો અબ ગોમતિજીમેં ન્હાનેકુ.

બધા—હાં ચલો, અબ ચલો. (બધા જાય છે.)

(સુદામાજી ગાભરા, કંગાલ વેશમાં પ્રવેશ કરે છે.)

સુ૦—હાય, પેલો ભલો માંણસના આવી પ્હોંચ્યો હોત તો છોકરાં મને ઘણો હેરાંન કરત ! હશે, પણ બાળક છેને ? પજવેયે ખરાં ! પણ આ હા ! આ નગરનો દેખાવ કેટલો સુંદર છે ? અને તેમાં આ મ્હેલ, ખરે અજબજ છે; બાળપણમાં, મ્હારી સાથેજ રહેનાર, અને ગોવાળીયાઓમાં ગાયો ચરાવી ખાનાર આ કૃષ્ણની કેટલી સત્તા ? શું વૈભવ ? આજે તો એ, આ દ્વારિકાંનો પતિ થઇ બેઠો છે, તથા આ મ્હેલમાં મોજો માંણે છે, ત્યારે આ હુંજ—તેનો સાથી-તે આજે આ કંગાલ વેશમાં તેની પાસે કાંઇ યાચવા આવું છું; બંનેની સ્થિતીમાં કેટલો ફેરફાર ? (વિચારીને) આહા! પણ મ્હારી કેવી ભૂલ ? ફેરફાર કેમ ના હોય ! હું કેમ ભૂલી ગયો કે તે તો સાક્ષાત પરમાત્મા છે ? કયાં સિંહને કયાં શિયાળવું ? કયાં દરિયોને કયાં ખાબોચીયું ? કયાં હંસ અને કયાં બગલું ? તેમજ કયાં તે ત્રિલોકનો પતિ અને કયાં હું ? હું કેવો મૂર્ખ કે તેમની સાથે મ્હારી સરખામણી કરવા લાગ્યો ? એ તો મ્હારાં સદ્‌ભાગ્યજ કે મ્હારે ગુરૂજીને ત્યાં તેમના જેવા પરમ ઇશ્વરનો સમાગમ થયો, અને વળી તે ઉપરાંત. તે મ્હારા માટે જે મમતા રાખતા, તથા જે મ્હેર તથા પ્રેમ હજુ પણ રાખે છે, તેથી તો મ્હારા જીવનનું સાર્થકજ થયું ! ત્યારે હવે એવા દીન દયાળ પાસે યાચતાં શરમ શાની ? નક્કી હવે તો મ્હારૂં દળદર દુર થવાનુંજ, કારણ આ કનકના મ્હેલમાંથી તેમને કનકનો એક કટકો આપશે તો પણ બસ છે ! અને કદી નહીં આપે તો પણ શું ? તેના દર્શનનો લાભ કયાં ઓછો છે ? માટે લાવ હવે તો જઇને મળું ! (વિચારીને)

પણ કદાચ તેમને આવા ફાટયા તુટયા વેશમાં આ વેલ આ કંગાલને મળતાં શરમ આવશે તો ? અને કદી નહીં મળે તો ? હશે જેવી તેની ઇચ્છા ! દુરથીયે, દર્શન તો થશે ? (એમ વિચારી મ્હેલમાં પેસવા માંડે છે. દ્વારપાળ ઉભો થઇ અટકાવે છે)

દ્વારપાળ—અબે, એ કીદર જાતા હૈ ? માલુમ નહીં હૈ કે એ તો કૃષ્ણ પરમાત્મા કા મ્હેલ હય ?

સુ૦--હા, ભાઇ, હા, તે તો હું જાણું છું, અને તેથીજ પરમાત્માને મળવા માટે અંદર જાઉંછું.

દ્વા૦—હેં ? યે કયા બકતા હે ? કયા તેરેકુ પરમાત્માકી પાસ જાના હે ? વાહરે ! કયસી સુરત, ઓર કયસે કપડે? કયા પરમાત્મા તુમેરે જેસેંકુ મીલનેકુ એક રહે હોગે ? જાઓ, જાઓ, ઇદરસે. (ધક્કો મારે છે.)

સુ૦—ભલા ભાઇ ! આમ ધક્કા શા માટે મારો છો? શું શ્રી કૃષ્ણ પરમાત્મા ગરીબને નથી મળતા ? રંકને તેમનાં દર્શનનો અધિકાર નથી ? એવું હોય ત્યારે તો તે દીનદયાળ શાંના ? પ...ણ.

(એટલામાં એક દાસી ત્યાં આવે છે.)

દાસી૦—દ્વારપાળ ! આ કોણ છે ? અને શું ગરબડ છે ?

દ્વા૦—યે તો કોઇ ગમાર હે, ઇસ્કુ પરમાત્માકી પાસ જાના હે, દેખો તો ખરે ઇસ્કે દેદાર ? (હસે છે.)

સુ૦—ભાઇ, ભલે હું ત્હારી નજરમાં તેવો હોઉં ! પણ ભક્ત વત્સલ પ્રભૂ મને તેવો નહીંજ ધારે, તેમને મન તો રાય અને રંક સરખાજ છે, માટે કૃપા કરીને તું પ્રભૂને એટલું કહી આવ, કે તમારો સુદામો તમને મળવા આવ્યો છે —

દાસી—(આશ્ચર્યથી) હે ! સુદામા ? શું આપ પોતેજ સુદામાજી કે ? (દ્વારપાળને) એ તો પ્રભૂના પરમ ભક્ત તથા મિત્ર છે, પ્રભૂ ઘણીયેવાર તેમની વાતો કરે છે, દ્વારપાળ તેં આ શું કર્યું ? પ્રભૂના મિત્રનું અપમાન ?

દ્વા૦—(ગભરાય છે-સુદામાને નમે છે) હમકુ ક્ષમા કરો માહારાજ ! હમારી ભૂલ હુઇ કે આપકુ પ્હેંચાને નહીં.

સુ૦—એમાં ત્હારે ક્ષમા માગવા જેવું કાંઇ નથી. ભૂલ સ્વાભાવિક છે, પ્રભૂના દાસને મન માંનને અપમાંન સરખાંજ છે; તને ક્ષમાજ છે ! પણ હવે તું જલ્દીથી પ્રભૂને ખબર આપે તો સારૂં.

દાસી—હા હુંજ એ ખબર તો આપું છું (દોડતી અંદર જાય છે) (સુદામાજી રાધેકૃષ્ણના ઉચ્ચાર કરતા ઉભા રહે છે. એટલામાં પ્રભૂ ઉઘાડે શરિરે તથા ઉઘાડે પગે દોડતા આવી સુદામાને ભેટે છે.)

પ્રભુ—કોણ ભાઈ સુદામા ? મ્હારા, પરમ મિત્ર !

(એમ કહી એક એકને સજ્જડ ભેટી પડે છે.)

(રાધિકાજી તથા બીજી રાણીયો પણ પાછળ આવે છે પ્રભૂ તથા સુદામાને ભેટેલા તથા હર્ષ ઘેલા જોઇ સર્વે આશ્ચર્ય પામે છે તથા અંદર અંદર વાતો કરે છે)

પેહેલી—હેં ? આ શું ? જુવો તો ખરાં ? પ્રભૂ આ શું કરે છે ? તેમના મિત્ર સુદામાજી તે આજ કે?

બીજી—હા, જોયું ને? તેમને તો બધા આવાને આવાજ મિત્ર મળે છે.

રાધિકાજી—તેજ (આપણે શું પંચાત ? ચાલો અંદર (બધાં અંદર જાય છે-પ્રભૂ તથા સુ૦ છુટા પડી ધીમેથી વાતો કરતા હોય છે).

પ્રભુ-સુદામાજી ! આજે ત્હને જોવાથી મને ઘણોજ હર્ષ થયો! ઘણે દિવસે મળ્યા ! તને જોતાં આજે મને મ્હારૂં બાળપણ ફરીયાદ આવે છે, અને ગુરૂજીને ત્યાં ત્હેં મ્હારા ઉપર રાખેલો પ્રેમ ફરી ફરી મ્હારા હૃદયમાં સ્ફુરે છે.

સુ૦—ત્રિલોકના પતિ ? આપને હર્ષ કેમ ના થાય ? માતા પિતા પાસે બાળક લાંબે વખતે આવે ત્યારે તેમને હર્ષ થાય એ સ્વાભાવિક છે. આજે આપનાં દર્શનથી મ્હારૂં જીવન સફળ થયું, હે નાથ ! આપ આ રંક શેવકને આટલા બધા ભાવથી ભેટયા ? તે મ્હારૂં ધન્ય ભાગ્યજ !

પ્રભુ—સુદામાજી ! તું આ શું બોલે છે ? દુનિયાની નજરમાં તું ભલે રંક રહ્યો, પણ મ્હારે મન તો ત્હારા જેવા ભકતો સૌથી શ્રેષ્ટ છે. તો તેમના પ્રતિ મ્હને પ્રેમ કેમ ના થાય ? ચાલો હવે મ્હેલમાં પછી નીરાંતે વાતો કરીશું, હાલ તો તને લાંબેથી આવવાથી થાક લાગ્યો હશે. (જવા માંડે છે.) (પાછા અટકીને) અરે ! પણ ઘેર મ્હારાં ભાભી તથા છોકરાં વિગેરે ખુશીમાં તો છે ને? હું તો હર્ષમાં ને હર્ષમાં તે પૂછવાનું તો ભૂલીજ ગયો.

સુ૦—હા પ્રભૂ! આપના કૃપાથી તે સર્વે સારાંજ છે.

પ્રભુ--ત્યારે ઠીક, (દાસીને) દાસી ! જાઓ, તુરત ગરમ પાણી મૂકાવી ન્હાવા વિગેરેની સગવડ કરો—

(દાસી જાય છે) પ્રભુ તથા સુ૦ પણ જવા માંડે છે.

પ્રવેશ ૮ મો.

સ્થળ—માધવનો એકાંત આવાસ.

માધવરૂપે વસંત એકાંતમાં. પાછળથી લક્ષ્મીપ્રસાદ.

વ૦—તાલ તો બરાબર જામ્યો છે, પ્હેલેથી ધાર્યા પ્રમાણે વ્હાલાને તથા તેમના કુટુંબને, ઉપકારમાં તો ઠીક લીધું છે, તેમજ આ ગામમાં રહેવાનું કારણ પણ ઠીક બતાવ્યું છે, એટલે હવે વચન લેઇ લગ્નને માટે બાંધી લેવાનું પણ ઠીક ફાવશે. અત્યારે તે અહીં આવવાના પણ છે, એટલે આજેજ વચન લેઇ લેવાનો ઠીક લાગ છે. ખરે, ઇશ્વરની લીલા અજબજ છે. મ્હારા સુખના સૂર્યનો હવે ઉદય થતો દેખાય છે. પ્રભુના કહેવા મુજબ, સુદામાજી દ્વારિકાં પણ ગયા, ને હવે પાછા ફરશે ત્યારે તેમની સ્થિતિ બદલાવાનીજ ! ને તે દરમીયાન હું પણ વ્હાલાને વચનથી બાંધી લઇશ, એટલે પછી મનના બધા મનોરથ પૂર્ણ થશે. (એટલામાં લક્ષ્મીપ્રસાદ ત્યાં આવે છે). આહા, પણ પણે તેજ આવતા હોય એમ લાગે છે. (આવેછે) પધારો ! હું આપનીજ વાટ જોતો હતો.

લ૦—હાં, એમકે ? આજે સ્હેજ મોડું થઇ ગયું! તમારે પણ મ્હારે માટે ઘણી રાહ જોવી પડી ! ખરેખર તમે તો અમને ઉપકાર નીચે દબાવવાજ માંડ્યા છે, પણ લાચાર છું કે, તેનો કાંઇપણ બદલો અમારાથી વાળી શકાય એમ નથી.

વ૦—(સ્વગત) આ ઠીક લાગ છે, અત્યારેજ વાત કહાડું. (મ્હોટેથી) એમાં તે લાચાર થવાનું શાનું ? તમારા મનમાં મ્હારા ઉપકારનો બદલો વાળવોજ છે, એવો વિચાર હોય તો તમારાથી બને એવું એક કામ બતાવું.

લ૦—ઘણીજ ખુશીથી, મ્હારાથી બને એવું કાંઇ પણ કામ કરવા હું તૈયાર છું. કહો શું કામ છે ?

વ૦—એમ કહેવાનું નહી ! પેહેલા વચનથી બંધાવો પછી !

લ૦—મ્હોયેથી એકવાર બોલ્યા તે વચનજ છે. કારણ તે પણ ઇશ્વર તો સાંભળેજ છે. છતાં લ્યો આ વચન! (વચન આપે છે) તમો કહો તેમ કરવા હું તૈયાર છું.

વ૦—ઠીક ત્યારે, હવે સાંભળો, "મ્હારો જન્મ થયો ત્યારે મ્હારાં માતા પિતા, લગભગ વૃદ્ધાવસ્થાયે પ્હોંચવા આવ્યાં હતાં,

લ૦—હા, હા, પણ કાંમ કહોને! તે વાતને, ને વચનને શો સંબંધ?

વ૦—હજુ સાંભળો તો ખરા! સંબંધ આગળ આવશે. તેમને મ્હારા જન્મ પ્હેલાં ત્રણ બાળક થયાં હતાં પરંતુ દુર્ભાગ્યે તે સર્વ મર્ણ પામ્યાં હતાં, અને તેથી મ્હારાં માત પિતાને પૂત્ર માટે ઘણીજ ચિંતા થવા લાગી. એટલામાં મ્હારી માતાને કોઇ વૃદ્ધ યોગિ પાસે જવું થયું, ત્યાં તેણે પૂત્રને માટે ઇચ્છા જણાવી.

લ૦—અરે! પણ આ બધી વાત કહેવાનું શું પ્રયોજન?

વ૦—પ્રયોજન પછીથી જણાશે, સાંભળો તો ખરા! પછીથી તે યોગિએ મ્હારી માતાની શેવા ચાકરીથી પ્રસન્ન થઇ તેને બાધા આપી અને કહ્યું કે "તને એક પૂત્રી પ્રાપ્ત થશે" મ્હારી માતાયે તે વખતે તે યોગિને, પોતાને પૂત્રીને બદલે પૂત્ર થાય એવો આશિર્વાદ દેવા કહ્યું. ત્યારે તે યોગિને દયા આવવાથી તેણે તને "પૂત્ર થશે" એવો આશિર્વાદ આપ્યો. પણ કહ્યું કે તેને જે પૂત્ર થાય તેને મ્હોટો થયા બાદ, એક વખત સ્ત્રીનો પોશાક પેહેરાવી, કોઇ સ્ત્રી, પૂરૂપ સાથે પ્રેમ કરે તથા વરવા વચનથી બંધાય એમ કરાવવું. આવું કરાવવાનું કારણ પૂછતાં તે

યોગિએ કહ્યું કે તેના નશીબમાં પૂત્રીજ હતી, અને તેથી તેણે, તેને બદલે પૂત્ર થાય તેને પણ એકવાર એવી રીતે કરાવવું.

લ૦—(હસતાં) એતો અજબ ! પણ પછી ?

વ૦—પછી મ્હારી માતાને પેટે મ્હારોજ જન્મ થયો.

લ૦—હેં તમારોજ ?

વ૦—હા, મ્હારોજ ! અને હું દશ વર્ષનો થયો ત્યારે મ્હારા પિતાજી ગુજરી ગયા, બાદ બે વર્ષે મ્હારાં માતાજી પણ ગુજરી ગયાં, તેથી તેમણે તે વખતે મને પાસે બોલાવી આ બધી વાત કહી. અને મ્હારી પાસેથી તેમ કરવા વચન લીધું.

લ૦—(અધિરાઇથી) પછી તમે તે બધું કર્યું ?

વ૦—ના, તે બાધા હું તમારી પાસેજ પૂર્ણ કરાવવા માગું છું.

લ૦—ખરે એતો અદ્ભૂત બાધા! એવું તે કરાતું હશે વળી ?

વ૦—કરાયકે ના કરાય, પણ મ્હારે તો મ્હારી માતાના વચન ખાતર તેમ કરવુંજ છે, માટે તમારે ના કરવું હોય તો કહો કે વચન વ્યર્થ ગયું.

લ૦—આ શીર જાય, પણ વચન વ્યર્થ ગયું કેમ કહેવાય ?

વ૦—ત્યારે મ્હેં કહ્યું તેમ કરવુંજ પડશે.

લ૦—ભલે, હું તેમ કરવા તૈયાર છું. પણ તમે સ્ત્રીનો પોષાક ક્યાંથી લાવશો ?

વ૦—તે તો મ્હેં મ્હારી સાથેજ રાખ્યો છે. કારણ મ્હારી માતાના ગુજરી ગયા પછીથી હું તે બાધા પૂર્ણ ક-

રવાના વિચારમાંજ છું, લ્યો ! હું જાઉં છું, પણ જો, જો હોં, મ્હેં કહ્યું તે પ્રમાણે બરાબર પ્રેમ કરી વચનથી બંધાવું પડશે;

લ૦—(હસતાં) હા. હા. જાઓતો ખરા, લુગડાં બદલી આવો.

(વસંત જાય છે.)

લ૦—(સ્વગત) આતો કોઇ અજબ માણસ લાગે છે, આવી બાધા તે, કોઇ પણ રાખતું હશે ? મ્હારા માનવામાં તો એ વાત આવતી નથી, હશે, પણ તેનો આપણા ઉપર ઉપકાર થયો છે, ને વચનથી બંધાયા છીયે એટલે પછી ના પણ કેમ કહેવાય ? ઠીક છે, પૂરૂષ છે એટલે કાંઇ અડચણતો નથી. (ઉંચે જોઇને) અરે ! પણ એતો એ આવે. દેખાય છે તો ખરી સ્ત્રીના જેવોજ, લાવો, હવે તો તેના કહ્યા પ્રમાણે કરવા શિવાય છુટકો નથી.

(સામો જાય છે-વસંત પણ મૂળ રૂપમાં આવેછે).

લ૦—પધારો સલુણી, પધારો સુંદરી ! હાથ ઝાલવા જાય છે.)

વ૦—(છણકો કરીને) જાવો, મને અડશો નહીં.

લ૦—રીસાઓ છો કેમ શાંણી ? આવો, આવો, (એમ કરી પાસે જાય છે, વસંત તેના તરફ ઘુમટો રાખી ખસી જાય છે)

ગાયન—૨૭.

ખેમટો

(સુજે મારડાલો નજીના અછા હે)ને મળતો રાહ.

વસંત—જાઓ પ્રિત જૂઠી જણાયે તમારી,

લ૦-આવો, આવો. વ્હાલી, જાઉંવારી બલીહારી(૨)જાઓ૦

વ૦—રોકો ન રસિયા હું કન્યા કુંવારી,
લ૦—કન્યા કુંવારી પણ પ્યારી થનારી, જાઓ૦
વ૦—મૂકોને ધુતારા, ગરડાશે હાથ મ્હારા,
પ્રેમ વચન આપી લ્યો રસિયા સ્વિકારી. જાઓ૦
લ૦—લ્યો આ વચન વ્હાલી, શીદ રીસ કરો ઠાલી,
પ્રાણ કરી સ્થાપું મુજ દીલડામાં પ્યારી. જાઓ૦

લ૦—વ્હાલી, હવે તો ઘુંઘટ ખોલો ? તમને વરવા હું વચનની બંધાઈ છું, માટે હવે તો બોલો ?

વ૦—તમે મને વરવા બંધાઓ છો ?

લ૦—હા.

વ૦—બાપ દાદાના વચનથી ?

લ૦—હા,

વ૦—ત્યારે હવે મ્હારી પણ વ્હાલા સાથે બોલવાની તથા ઘુંઘટ ખોલવાની હા.

(એમ કહી ઘુંઘટ ખોલે છે-લ૦ નું આશ્ચર્ય.)

લ૦—હેં કોણ ? વસંત ?

વ૦—હા, વ્હાલા એજ, આપના પ્રેમની પ્યાસી.

(લ૦ નું આશ્ચર્ય, ગભરાટ)

ટેબલો.

પ્રવેશ ૯ મો.

સ્થળ—શ્રી કૃષ્ણ પરમાત્માનો આવાસ.

સુદામાજી, પાછળથી પ્રભુ, રાધિકાજી વિગેરે.

સુ૦—(વિચારમાં) આજે તો આનંદ આનંદ થઇ રહ્યો છે ! પ્રભુ મને કેટલા ભાવથી ભેટયા ? આહા, કેટલો પ્રેમ ? ખરેખર, તે ભકત વત્સલ કહેવાય છે, તે બ-

રાબરજ છે, નહી તો કયાં તે દ્વારિકાંના પતિ ? અને કયાં હું રંક બ્રાહ્મણ ! મને તેમની રાણીયો વિગેરે બીજા માણસ આગળ કેટલું બધું માન આપે છે ! પણ હવે આ તાંદુલનું શું કરવું ! ઘેરથી તો ભેટ આપવા લાવ્યો હતો, પણ અહીં તો જ્યાં જોઇયે ત્યાં સોનુંજ સોનું. પરમાત્માનો મ્હેલ સોનાનો તેમજ આખું નગ્ર પણ સોનાનું તો આવા નગ્રના પતિ આગળ આવી નજીવી ભેટનો શું હીસાબ ! આપીયે તો ઉલટી હાંસી થાય ! ત્યારે હવે કેમ કરવું ? તેને સંતાડવી પણ કયાં ? અરે, પણ પણે પરમાત્માજ પધારે છે; લાવ સંતાડી દેઉં નહીં તો જોશે !

(બગલમાં સંતાડી ઉભા રહે છે,)

પ્રભુ-(નજીક આવીને) કેમ સુદામાજી ? મુસાફરીનો થાક તો હવે ઉતર્યોને ?

સુ૦--દીનદયાળ ! આપનાં પવિત્ર દર્શનના પ્રતાપે હજારો દુઃખ હોય તે પણ દુર થઇ જાય, તો આ થાકનો તો શું હીસાબ !

પ્ર૦-ધન્ય છે સુદામા તારી ભકિતને, ત્હારા જેવા ભકતોને હું જોઉં છું, ત્યારે મને ઘણોજ આનંદ થાય છે, પણ સુદામા, ત્હારી આવી હાલત કેમ ? તું દુખી હોય એમ દેખાય છે !

સુ૦-જગદીશ ! આપના ચરણ કમળના પ્રતાપથી તથા આપના નામના આધારથી, આ દાસ હમેશાં સુખમાંજ રહે છે, પણ હાલમાં તો બચ્ચાં છોકરાંની જંજાળ વળગી છે એટલે એવું'સ્તો,

પ્ર૦-આમ વાત શું ઉડાવે છે ? ત્હારો દેખાવજ

ત્હારૂં દારિદ્રય કહી આપે છે. મને તો લાગે છે કે તું ઘ-ણુાજ દુઃખમાં છે.

સુ૦--આ દુનિયામા કોણ સુખી છે? એ તો એવું ચાલ્યાંજ કરે છે. તેથી આપ કયાં અજાણ છો વિભૂ?

પ્ર૦-તે સત્ય છે, પણ તને આવી કંગાલ સ્થિતી-માં જોઇ મને ઘણો ખેદ થાય છે, માટે કહે ત્હારે શાંની ઇચ્છા છે?

સુ૦-(સ્વગત) હવે શું માગવું ? સંસારનું સુખ માગું ? ના, ના, તેતો ક્ષણભંગુર છે; દ્રવ્ય માગું ? ના, ના તેતો ચલિત છે; ત્યારે અચલિત શું ? ભકિત ! આહા, એજ તેમના પદની ભકિતજ માગું કે જીવન સફળ થાય !

પ્ર૦--(સ્વગત) સુદામા વિચારમાં પડયો હોય એમ લાગે છે. પણ, પેલી ભેટ આપવા લાવેલ તાંદુલની પોટકી આપતાં શરમાય છે, અને સંતાડે છે, ઠીક છે, હમણુાંજ તે જાહેર કરી ચમત્કાર બતાવું છું-(મ્હોટેથી) કેમ સુદા-માજી ! શાંની ઇચ્છા છે ?

સુ૦--આ, આપના રંક દાસને આપના ચરણ ક-મળની ભકિત શિવાય અન્ય શાંની ઇચ્છા હોય ? માટે મને, હમેશને માટે આપની ભકિત આપો એજ મ્હારી માગણી છે.

પ્રભુ૦—તથાસ્તુ ! (પાસે જઇને) પણ વારૂ સુદામાજી ! આ શું છે ? (તાંદુલ બતાવે છે)

સુ૦—(પોટકી સંતાડવા પ્રયત્ન કરતો)(સ્વગત) હાય; હાય, આતો સપડાયા ! (મ્હોટેથી) ક...આં...ઇ નહીં,

પ્ર૦--કાંઇ નહીં કેમ ? આ પોટકી શાંની છે ? (એમ કહી પોટકી ખેંચી નીચે પાડે છે)

સુ૦—(સ્વગત) હાય, હાય, આતો મશ્કરીનો ઘાટ કર્યો ? હું તો જાણુતો હતો કે હવે તો દ્વારકાધિશ થયા એટલે ટીખળની ટેવ મૂકી દીધી હશે, પણુ એ તે જાય ? હવે નક્કી મ્હારી પૂરેપૂરી ફજેતી કરશે.

પ્ર૦--સુદામા ! આં,માં શું છે ? શરમાઓછો શામાટે ?

સુ૦--(ગભરાતાં) એમાં આપને આપવા ભે...ટ લાવ્યો હતો.

પ્ર૦--હેં ! મને ભેટ આપવા લાવ્યા હતા ? ત્યારે શું કામ સંતાડતા હતા ? (બીજી તરફ ફરીને) દાસી !

દાસી--(હાજર થાય છે) માહારાજ !

પ્ર૦--જાઓ એક સોનાનો થાળ લાવો તથા સર્વેને અહીં બોલાવો--

દાસી—જેવો પરમાત્માનો હુકમ-(જાય છે)

સુ૦--(સ્વગત્) નક્કી હવે તો પૂરે પૂરી ફજેતી, વળી બધાંને અહીં બોલાવે છે !

પ્ર૦--કેમ સુદામાજી ? શા વિચારમાં પડી ગયા ? ભેટ આપતાં મન કચવાય છે કે શું ?

(પ્રભુ ગાંઠો છોડવા બેસે છે-એટલામાં રાધિકાજી વીગેરે રાંણીયો ત્યાં પ્રવેશ કરે:છે, દાસી સોનાનો થાળ લાવી પ્રભુ સમિપ મૂકે છે-) (સુદામાજી શરમાઈ બાજુ-યે ઉભા રહે છે)

રાધિકાજી--(જોઇને) પ્રાણુવલ્લભ ! આપ આશું કરો છો ?

પ્રભુ૦—એમાં સુદામાજીની ભેટ છે તે હું છોડુંછું.

બીજી—(ત્રીજીને) હેં વળી આતે કેવી ભેટ ? જુવોને કેટલાં લુગડાંથી બાંધી છે ! ને કેવી ગાંઠો વાળી છે!

ત્રીજી—તે તો કાંઇ અમૂલ્ય ભેટ હશે.

ચોથી—હા, હા, તેમજ હશે નહીં તો આટલી બધી ગાંઠો શું કરવા વાળે !

સુ૦—(સ્વગત) આ તો અમૂલ્ય ભેટની વાતો કરે છે ને મહીં તો તાંદુલ છે !

બીજી—હા, હા, એતો રસ્તામાં કોઇ ચોર, લુંટારા લુંટી ના લે એટલા સાર મેલાં લુગડાંમાં છુપાવી લાવ્યા હશે.

ત્રીજી—પણ જુવો તો ખરા ! કેટલાં ચીથરાં વીંટયાં છે ? એક છોડે છે કે બીજુ તરતજ નીકળે છે.

પ્રભુ—(સુદામાને) સુદામાજી ! હવે તો ગાંઠો છોડી છોડીને થાક લાગ્યો, હજુ કેટલી બાકી છે ! (સુ૦ શરમાય છે)

ત્રીજી—(બીજીને) જુવો, જુવો, હવે કાંઇ ધોળુ ધોળું દેખાયું ખરૂં; (એટલામાં પ્રભુ છોડી તાંદુલ થાળમાં નાંખે છે)

બીજી—હા, હા, અરે, પણ એતો તાંદુલ છે !

ત્રીજી—હેં શું ભેટમાં તાંદુલ !

પ્રભુ—(સ્વગત)–આ રંક ભક્ત તાંદુલની ભેટ મને કેટલા બધા ભાવથી આપવા લાગ્યો છે ? પણ આ બધાં હસે છે તેથી તે શરમાય છે, ઠીક છે, તેમાંજ એવો ચમત્કાર મૂકી દેઉં, કે તે, એક અજબ ભેટ ગણાય, (મ્હોટેથી) લ્યો આ ભેટનો સ્વાદ જુવો.

(એમ કહી રાધિકાજીને ચપટી આપે છે, રાધિકાજી ચાખે છે.)

રા૦—(આશ્ચર્યથી) અહો, આતો કાંઇ અજબજ સ્વાદ.

(પ્રભુ બીજી રાણીયોને પણ આપે છે. સર્વે ચાખી આશ્ચર્ય પામે છે).

પ્રભુ૦—(બધાંને વ્હેંચી રહ્યા બાદ મૂઠીમાં તાંદુલ લેઇ ખાવા માંડે છે) હવે હું પણ મ્હારા ભક્તની ભેટ ચાખું. (એમ કહી બે મૂઠી ખાય છે, ત્રીજી ખાવા જાય છે. એટલે રાધિકાજી તરત હાથ ઝાલે છે.)

રાધિકાજી—હાં, હાં, પ્રભૂ! હવે બહુ થઇ ગયું ? એટલું બસ છે, હમારે માટે તો થોડા રહેવા દો ?

પ્રભુ૦—(ખાતાં અટકીને) એમ ? ત્યારે લ્યો હવે મ્હારા ભક્તની પ્રસાદી સર્વેને વ્હેંચો, હમે જઇએ છીએ.

(સુદામા તથા પ્રભૂ ત્યાંથી જાય છે).

બીજી૦--(રાધિકાજીને) હે! પણ આ તે કેવી ભેટ? કેવો સ્વાદ ?

ત્રીજી૦—હા, આવો સ્વાદ તો કદી પણ જોયો નથી.

રા૦—સાંભળો, એ સ્વાદનું કારણ તો હું ક્યારનીયે સમજી ગઇ છું.

ચોથી૦—ને પ્રભૂને ખાતાં અટકાવ્યા તેનું કારણ ?

રા૦—જુવો, એ તો પ્રભૂનો ચમત્કાર હતો, તેથી આપણને એવો સ્વાદ લાગ્યો, અને ખાતાં અટકાવવાનું કારણ તો એ કે, જો પ્રભૂએ ત્રીજી મૂઠી ખાધી હોત તો એ સુદામાજી આપણા કરતાં પણ વધુ વૈભવવાળા થઇ જાત!

બીજી૦—(આશ્ચર્યથી) હેં ! એ કેવી રીતે ?

રા૦—પ્રભૂયે પહેલી મૂઠી ખાધી, ત્યારે તેનું સઘળું દારિદ્રય દુર થયું, અને બીજી ખાધી ત્યારે તેમનો વૈભવ આપણા જેટલો, થઈ ગયો, ને જો ત્રીજી મૂઠી ખાધી હોત તો મ્હેં કહ્યું તે પ્રમાણે તેથી પણ વધુ થઇ જાત! સમજ્યાં ?

ત્રીજી૦—ત્યારે તો હવે સુદામાજીનું ભાગ્ય ફર્યું ?

રા૦—હાસ્તો ! તેમને ત્યાં તો, આપણા અહીંના જેવો વૈભવ ક્યારનોયે થઈ ગયો હશે, પણ ચાલો હવે આપણે પણ જઇયે, કારણ પ્રભૂ અંદર રાહ જોતા હશે.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—વસંતનો આવાસ.

વસંત તથા લક્ષ્મીપ્રસાદ.

(વસંત તથા લક્ષ્મીપ્રસાદ ગાયન બોલતાં પ્રવેશ કરે છે.)

ગાયન—૨૭.

બેમટો-સારંગ.

વસંત તથા લ૦—

વ૦—ચાલો શાંણાં શીરતાજ, ધીમેથી, ધીમેથી, ધીમેથારે,
ચાલો૦

મળીયું મનહર મોતી રસીલું,
જતન કરું નવ મેલું વ્હીલું;
હાર કરી હૈયે ધારૂં રે. ચાલો૦

લ૦—વાહ રસિલી, શાંણી નવેલી,

પાઠ પ્રીતીનો ભણાવે તું પ્હેલો;
જીવન સફળ થયું મ્હારૂં રે. ચાલો૦

લ૦—શાંણી ! ત્હેં ત્હારો પ્રેમ અર્પણ કરી મને ઘણોજ આભારી કર્યો છે, (વિચારીને) હવે હું તને વરવા તો બંધાઇજ ચૂકયોછું. તને માલુમજ હશે કે તને નસાડી મૂકવાનું ત્હોમત મ્હારા પિતાજીના ઉપરજ આવ્યું હતું. માટે હાલમાં ત્હારે આવેશમાં રહેવું જોખમ ભરેલું છે. એ તો ધન્ય છે. ત્હારી હીમ્મતને કે ત્હેં આવી યુક્તિ કરી તેમને છોડવ્યા, નહીં તો હમારી ઘણીજ માઠી દશા હતી.

વ૦—એમાં તે મ્હેં શું કર્યું છે વ્હાલા ? એવી નજીવી વાત વારે વારે સંભારી મને શરમાવો ના, એ તો જુવોને, પંખીને જાળમાં પકડવા સારૂ તેને દાણા નાંખી લલચાવે તેમાં પંખી ઉપર ઉપકાર શાંનો ? દેવને પ્રસન્ન કરવા સારૂ તેમની શેવા પૂજા કરે તેમાં દેવના ઉપર ઉપ-કાર શાંનો ! તેમજ પ્રિતમને પ્રેમની જાળમાં સપડાવવા પ્રમાદા ચ્હાય તે કરે તો પણ તે શું હીસાબમાં ? વ્હાલા ! એ તો યજ્ઞમાં બળીદાન આપ્યા શિવાય દેવ પ્રસન્ન ના થાય, તેમજ પ્રેમના યજ્ઞમાં એવું બળીદાન આપ્યા શિવાય આ દીલદેવળના દેવ પણ કયાં માનવાના હતા જે ?

લ૦—અરે, વાહરે રસિલી ? ત્હેં તો ધર્મશાસ્ત્રનો ખુબ અભ્યાસ કર્યો હોય એમ લાગે છે જો ! પણ વારૂ ! હવે તું કહે છે તે પ્રમાણે પિતાજી પાછા ફરે અને આ-પણા સુખના સૂર્યનો ઉદય થાય ત્યાં સુધી તો તું ત્હારા પુરૂષવેશમાંજ રહે તો ઠીક કારણ જો ત્યાર પહેલાં તને ત્હારા ખરા રૂપે કોઇ મ્હારે સાથે જોશે તો, તો પૂરેપૂરા ભોગ !

વ૦—હા, મ્હારે પણ હાલમાં તો પૂરૂષ વેશેજ રહેવા વિચાર છે.

લ૦—ત્યારે તો પછી અડચણ નહીં, આહા, વ્હાલી ! ત્હેં પણ મ્હારા માટે બહુ દુઃખ સહન કર્યાં, તે તો તે મને બધી વાત કહી ત્યારેજ મ્હેં જાણ્યું ! હું ત્હારા જેવી સ્ત્રીનો પતિ થઇશ તે પણ મ્હારાં ધન્યભાગ્યજ ! તું ખરે પ્રેમ નીશાળજ છે.

વ૦-પણ તે શાળામાં શિક્ષકરૂપે આ વ્હાલાજ બીરાજવાના તો ?

લ૦—એમ ?

વ૦—હા,

ગાયન--૨૮

(સાદો કેરબો.) ને મળતો.

રાહ--(બોલે બાંધી લ્યો બાળારે).

વ૦--છો મનહર મોહન મ્હારા, રસિયા રસિક રીસાળા
લ૦—વાહ ! ગુણિયલ ગુણ મણી માળા, છો પ્રેમ રસની શાળા.

વ૦—પ્રિતમ પ્રતિમા નિત્ય સ્મરશું
લ૦—પ્રિત હાર પ્રિયા તન ધરશું.
વ૦—દીલ દેવલને દીપવશું,
લ૦—રમણીને આધિન રહેશું
વ૦--સુખ સ્વર્ગ તણાં અનુભવશું. રસિયા૦--

--ગાયનદરમીયાન પડદો પડે છે--

પ્રવેશ—૧૧ મો.

સ્થળ— **—માર્ગ—**

—મોહન તથા મદન—

મોહન૦—(વિચારમાં) બધા પાસા ઉંધાજ પડતા દેખાય છે. વસંત સાથે વરવા વિચાર કર્યો ત્યારે તેજ નાશી ગઇ. અને તેની સાથે આપણી સુખ માંણવાની આશાઓ પણ રદ ગઇ, નાહક આબરૂ ગઇ, અને મુડી પણ ખરાબ થઇ ! તેના બાપને આપેલા સાત હજાર રૂ-પૈયા પાછા લેવા મદનને મોકલ્યો છે તો ખરો પણ હજુ સુધી તે કેમ આવ્યો નહીં ? (ઉંચુ જોઇને) અરે, પણ એ આવ્યો ? (મદન આવે છે) કેમ રૂપૈયા લાવ્યા ?

મદન૦—(સ્વગત) આંને તો રૂપૈયા જોઇએ છીએ છીયે ને પણે તો રૂપૈયાની વાતજ અધ્ધર ગઇ છે. અને વચ્ચે આપણે બે હજાર ઉડાવ્યા છે, તેની ગભરાંમણ પણ શરૂ થઇ છે ! ઠીક છે તે પણ આગળ ઉપર જોઇ લેવા-શે ! હમણાં તો વાતજ ઉડાવવા દો.

મો૦—કેમ મદન શા વિચારમાં પડ્યો ?

મ૦—ભાઇ હું તો, મ્હેં એક અજબ બનાવ જોયો તેના વિચારમાં ગાંડોજ બની ગયો છું.

મો૦—હે વળી તે શો ? શું વસંત જડી ?

મ૦—(સ્વગત) ભાઇ તો હજુ વસંતના વમળ-માંજ તણાય છે. (મોટેથી) ના, ના, તે તો કાંઇ જડી નથી પણ પેલા ભગતડાની સ્થિતી ફરી, તમને કાંઇ તેની ખબર મળી ?

મો૦—ના, ભાઇ, ના, કહેતો ખરો શું છે ?

મ૦-શું તે પેલા સુદામાની ઝુંપડીનો મ્હેલ બની ગયો.

મો-જા, જા, હવે, વળી ઝુંપડીનો તે મ્હેલ થતો હશે?

મ૦-થતો હશે શું, થયો આખુ ગામ તે જોવા ઓબાળે ચઢયું છે, રાજા સાહેબ પણ ત્યાં આવ્યા હતા, અને કહેતા હતા કે તેમને ગઇ રાત્રે તે બાબતનું સ્વપ્ન આવ્યું. હતું અને તે સ્વપ્નમાં તેમને પ્રભૂનાં દર્શન થયાં હતાં.

મો૦-હેં? ત્યારે તો પેલા લક્ષ્મીપ્રસાદનું નશીબ ફર્યું? મને તો લાગે છે કે તે લોકોયે નક્કી કાંઇ જાદુ-જ કર્યું.

મ૦-ના, ના, આતો પ્રભૂયેજ કર્યું એમ કહેવાયછે. ઉલટા રાજાજી તથા બીજા માણસો તેમને ત્યાં મળવા જાય છે.

મો૦-આ સાંભળી મ્હારા દીલમાં કાંઇ કાંઇ થાય છે! પણ વારૂં રૂપીયા ક્યાં?

મ૦-(સ્વગત) પાછું એનુ એજ સંભાર્યું, હવે તો ઉડાવાય એમ નથી, ઠીક છે, ત્યારે કહેવાજ દોને, આપણે પણ સાત હજારજ આપ્યા છે એમજ કહેવું (મ્હોડેથી) ક્યાં તે સ્વાર્થદત્તને ત્યાં, એતો રૂપીયાની વાતજ ના સુકર જાય છે.

મો૦-(ગભરાટથી) હેં, શું ત્યારે રૂપૈયા પાછા નહી આપે? હાય, હાય, હવે તો મ્હારો બધો આધાર એ સાત હજાર ઉપરજ હતો, ખજાનામાં જોયું તો બધુ ખલાસ થઇ ગયું છે.

મ૦–(સ્વગત) હવે તમારું આબીજ બન્યું છે, વચ્ચે આપણું કીસ્મત ઠીક ફર્યું છે. ઠીક છે હજુ જમાવવા દો (મ્હોટેથી) એમાં ગભરાઓ છો શું કામ ? કયાં જનાર છે ? ચાલો દરબારમાં ફરીયાદ દાખલ કરાવીયે.

મો૦—હા, હા, એ બરાબર છે, ચાલો તેમજ કરીશું. પણ વારું યાર હવે વસંત વિષે શું વિચાર? મને તો લાગે છે કે આ બગતડાંયેજ અને ઉડાવી છે. હવે તે મ્હેલમાં મોજો માણશે એ વિચારથી મ્હારું મન ચકડોળે ચઢયું છે, માટે તેનું વેર લેવાનો કાંઇ પણ ઉપાય થાય તો ઠીક. યાર! પણ હવે કેમ કરીશું મ્હારા દોસ્તદાર ?

મ૦—કેમ તે, એ લક્ષ્મીપ્રસાદને કરવો ઠાર !

મો૦—પણ કયાં યાર ?

મ૦--ગામ બ્હાર, તે હમ્મેશ સંધ્યાકાળે એકલો શીવમંદીરે જાય છે ત્યારે ત્યાં માણસો સાથે રહેવું તૈયાર, એટલે પછી કામ પાર.

(એટલામાં માધવ રૂપે વસંત ત્યાં આવી ચઢે છે. મ૦ તથા મો૦ ને જોઇ અચકાય છે વાત સાંભળવા સંતાય છે.)

વ૦--(સ્વગત) આ દુષ્ટો પાછા અહીં કાંઇ મસલત કરતા હોય એમ લાગે છે. કોઇને પાર કરવાના વિચાર ચાલે છે. ઠીક છે સાંભળું તો ખરી !

મો૦—પણ માણસો કયાંથી લાવશો ?

મ૦--પેલો કાળો તથા ધુળો તૈયાર છે–એમને તો પૈસા આપવાનું કહું એટલે પછી જે કહો તે કરે, માટે તેમને લેઇ શીવમંદીરના રસ્તાની બાજુએ સંતાવું. પછી પેલા આવે એટલે એકદમ પકડી વસંત કયાં છે તે બતા-

વવા કહેવું; એટલે જો જાણુતો હશે તો તો બીકમાં કહી-જ દેશે, અને પછી કહે કે ના કહે તોપણુ કરી નાંખવો પાર ! કેમ ખરૂં ને યાર ?

મો૦—હા, બરાબર છે મ્હારા દોસ્તદાર, પણ કાળાને તથા ધુળાને ત્હારેજ તૈયાર રાખવા, હું હવે જાઉંછું. (જવા માંડે છે, પાછો ફરીને) પણ એ લોકોને પહેલો એ લક્ષ્મીપ્રસાદનું નામ કહીશ નહીં હો ?

મ૦—હા, હા, એમાં તો ભૂલ નહી આવે—

(જાય છે.)

વસંત (માધવ)—(બ્હાર આવીને), હાય, હાય આ દુષ્ટોયે તો ગજબ કરવા ધાર્યો છે, વ્હાલાનેજ મારવા ગોઠવણ કરી છે. પણ ફીકર નહીં, સારૂં થયું કે હું અ-હીંયાં આવી પ્હોંચી નહીં તો મ્હારા સુખનું સત્યાનાશ વળી જાત ! હરી, હરી, હરી, આ દુષ્ટોની એક ક્ષણુ ભંગુર સુખ માટે કેટલી ખટપટ ? ખુન કરવું તે તો તે-મના હિસાબમાંજ નથી, કહેવત છે કે " વિનાશ કાળે વિપરીત બુદ્ધિ " એ પ્રમાણે એ મૂર્ખા મોહનનું હવે બગડવાજ બેઠું છે. પૈસે ટકે તો ખુવાર થયો છે, અને હવે જાતે હેરાન થવું બાકી છે, તેનો પણ આ રસ્તો શો-ધ્યો છે: આહા ! જ્યારે પતંગીયું દીવા ઉપર પડતું નાંખે છે ત્યારે તેને માલુમ નથીજ હોતું કે તેજ દીવાથી બળી પોતે પ્રાણુ ખોશે ! માંછલી ગલ ઉપરની કણક ખાવા જાય છે ત્યારે તેને ખબર નથી હોતી કે તેજ ગલ તેના ગળામાં ભોંકાઇ તેના પ્રાણુ લેશે. તેમજ આ વિષય વાસ-નામાં અંધ બનેલ મૂર્ખને ખબર નથી કે તેજ વિષયથી તેની ખરાબી છે. હશે, એ તો જે " ખોદે તે પડે ".

એવુંજ થવાનું માટે લાવ હું પણ જઇ દરબારી માણુસોને ખબર આપી તે દુષ્ટોએ નિર્મેલી જગ્યાએ તૈયાર રાખું કે પછી તેમની જાળમાં તેજ સપડાય. (જાય છે).

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—શીવમંદીરનો માર્ગ.

મોહન, મદન, કાળો, ધુળો, બાદ વસંત, લક્ષ્મીપ્રસાદ તથા પાછળથી રીપાઇઓ.

(મદન તેના સાથીયો સાથે ત્યાં આવે છે).

મ૦—હાં, આ જગ્યા ઘણીજ સરસ છે. કોઇ દેખી શકે એવું પણ નથી, માટે અહીંજ સંતાઇએ.

મો૦—હા, હા, અહીંજ સંતાઇએ.

મ૦—હવે એને આવવાનો વખત પણ થયો છે, માટે ચાલો જલદી સંતાઇએ. પણ જોજો, હોં, હું તાળી પાડું કે તરત તુટીજ પડજો.

કા૦ તથા **ધુ૦**—એમાં કહેવું ની પડે. (જાય છે).

(લક્ષ્મીપ્રસાદ આવે છે).

લ૦—(વિચારમાં) આ, હા, ઇશ્વરની ગતી વિચિત્રજ છે, તે રંકને રાય ને રાયને રંક કરે છે એવું કહેવાય છે તે ખરૂંજ છે, તે અમારાજ દાખલા ઉપરથી સિદ્ધ થાય છે. કાલની અને આજની સ્થિતીમાં કેટલો ફેરફાર? ખરે, વસંતનું કહેવું લગારે લગાર મળ્યું. દુઃખ જઇ સુખ પણ થયું, તેમાં વળી વસંત જેવી સદ્દગુણી અને પ્રેમાળ પ્રમદા ! અહા, વસંત તે વસંતજ છે........

(એટલામાં તાલી પડેછે, લક્ષ્મીપ્રસાદ પકડાય છે.)

મો૦—આહા, વસંત તે વસંતજ છે, કેમ! બતાવ વસંત કયાં છે ?

મ૦—બતાવે છે કે, પૂરો કરૂ ?

(એટલામાં સીટી થાય છે ને એકદમ સીપાહીઓ સાથે માધવ (વસંત) આવે છે. કાળો તથા ધુળો નાસે છે.)

કા૦—ધુળીયા નાશ, સીપાઇ આવ્યા.

(બન્ને નાશી જાય છે).

(મદન તથા મોહન કેદ પકડાય છે.)

ટેબ્લો.

ડ્રૉપસીન.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—અભયસિંહનો દરબાર.

અભયસિંહ, દરબારીયો, બાદ સ્વાર્થદત્ત, મદન, મોહન, તથાં માધવ અને લક્ષ્મીપ્રસાદ વિગેરે.

(દરબારીયો હાજર છે. એટલામાં અભયસિંહ પ્રવેશ છે)

છડીદાર—(બ્હારથી) ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, મહારાજાધિરાજ અભયસિંહ માહારાજને ઘણી ખ...મા......

(મહારાજા પધારે છે સર્વ નમન કરે છે, અભયસિંહ સિંહાસન ઉપર બીરાજે છે).

દરબારીઓ— ગાયન ૨૯.

રાહ (પ્રસન વદન કર મદહરમદના) ખ્યાલ.

સર્વે:—અચળ વિભૂજી કર, રાજ શિરતાજને,

અભય કર, નરવર સુખકર રાજ શિરતાજને,

વિનતી, સુણીને, અહનિશ શરણમાં રાખજે,

સકળ સમાજને. અચળ૦

(ગાયન પૂરૂ થતાં નાચ થાય છે).

અભયસિંહ—(નાચ પૂરો થતાં) શાણા સામંતો! આજે દરબારનું કામ શરૂ થતા પહેલાં મ્હારો વિચાર, તમને આપણા નગ્રમાં હાલમાંજ બનેલા બનાવ વિષે કાંઇક કહેવાનો છે. હું ધારૂ છું કે સુદામાજીની ઝુંપડી બદલાઇ તેનો મ્હેલ બની ગયો, તે તો તમો બધા જાણુતાજ હશો. પરંતુ તેમ થવાનું કારણ, મ્હારા જાણવામાં

આવ્યું છે, અને તેજ હું તમને બધાને કહેવા માગુ છું. સાંભળો ! (બધા જીજ્ઞાસાથી કાન માંડે છે) સુદામાજી ની ઝુંપડીનો મ્હેલ બની ગયો, તેની આગલીજ રાત્રે મને એક સ્વપ્ન થયું, અને તેમાં મ્હેં સાક્ષાત પરમાત્માજ, મ્હારી સમિપ ઉભા હોય એમ દેખ્યું, બાદ પ્રભુ મ્હારો હાથ ઝાલી કહેવા લાગ્યા કે, સુદામાજી તેમના પરમ ભક્ત છે અને તેથી પોતે તેના ઉપર પ્રસન્ન થયા છે, તેથી તેની ઝુંપડીનો મ્હેલ બનાવશે. પછી પ્રભુ અદ્દશ્ય થયા અને ઝુંપડીનો મ્હેલ બનતો હોય એવો દેખાવ મ્હારી નજરે પડયો, તેથી હું ઝબકી જાગી ઉઠયો, પણ તે વખતે હુ આ બનાવને એક સાધારણ સ્વપ્ન ગણી પાછો નિંદ્રાવશ થયો. પરંતુ બીજે દિવસેજ સુદામાજીની ઝુંપડી બદલાઈ મ્હેલ બની ગયાના ખબર મને મળ્યા, તેથી મ્હેં ત્યાં જાતે જઈ જોયું તો સ્વપ્નમાં દીઠેલો એવોજ મ્હેલ મ્હારી નજરે પડયો. મને તો લાગે છે કે સાક્ષાત પરમાત્માજ મ્હારી પાસે રાત્રે પધારેલા પણ નિર્ભાગ્યે તે બનાવને એક સ્વપ્ન ગણી પ્રભુનાં પૂર્ણ દર્શનનો લાભ ના લેવાયો ! છતાં આપણા નગ્રમાં તેમના આવા આરૂઢ ભક્ત વસે છે તે આપણું ધન્ય ભાગ્યજ; તેમને થોડાજ વખત ઉપર દરબારમાં જાદુગર ગણી પકડી લાવ્યા હતા, અને તેથી તેમને આપણે દુઃખ આપ્યું હતું તે આપણી ખરે ખરી ભુલજ હતી, કારણ તે વખતે આપણે તે પરમ ભક્તને પરખી શકયા નહોતા. આહા, ! ધન્ય છે આવા ભકતોને.

(પ્રધાનને) પ્રધાનજી ! સુદામાજી દ્વારિકાંથી પાછા અહીં પધારે ત્યારે મને તુરત ખબર આપવી કે જેથી

આવા પરમ ભક્તનાં દર્શન કરી હું કૃતાર્થ થાઉં !

પ્રધાન—(નમીને) જેવી આજ્ઞા માહારાજ !

અ૦—વારૂ, હવે કચેરીનું કામ ચાલવા દો, ફરીયાદીને અંદર આવવા દો.

પ્ર૦—(પ્રતિહારને) પ્રતિહાર ! ફરિયાદીને હાજર કરો.

(પ્રતિહાર નમન કરી જાય છે—મદન તથા મોહન પેરામાં, પ્રવેશ કરે છે).

અ૦—(પ્રધાનને) પ્રધાનજી ! આ બન્ને માણસો ફરિયાદી છે કે ગુન્હેગાર ? તેમની સાથે પેરા કેમ છે ?

પ્ર૦—માહારાજ ! તેઓ ફરિયાદી છે, તેમજ ગુન્હેગાર પણ છે.

અ૦—તે કેવી રીતે ?

પ્ર૦—તેમણે, આપણા ગામના, એક સ્વાર્થદત્ત નામના તેમનીજ ન્યાતના માણસ ઉપર તેને તેની દીકરી, આ માણસ સાથે પરણાવવા બદલ આપેલ રૂપૈયા માટે દાવો કર્યો છે-તેમજ તેમના ઉપર પણ એક તોહોમત છે.

અ૦—હેં ! સ્વાર્થદત્ત ? એ તો સુદામાજી ઉપર જાદુગર તરીકે આરોપ મૂકનારજ ! શું તેણે છોકરી બદલ રૂપૈયા લીધા હતા ? કન્યાવિક્રય કર્યો હતો ?

પ્ર૦—હા, મ્હારાજ, ફરિયાદી કહે છે કે, તેઓએ તેની દીકરી પરણાવવા બદલ રૂપૈયા તેને પેહેલેથીજ આપેલા છે; પરંતુ પછીથી તેની પુત્રી, ફરિયાદી સાથે વરવા ખુશી નહીં હોવાથી અગર કોઇ બીજા કારણથી ગુમ થઇ —અને લગ્ન થયું નહી-તેથી તે રૂપૈયા પાછા અપાવવા ફરિયાદ છે.

અ૦—ઠીક, વારૂ સ્વાર્થદત્ત ! તમને તમારી પુત્રીના વિવાહ બદલ તેમણે કેટલા રૂપૈયા આપેલા ?

સ્વા૦—એક પાઇ પણ નહીં મહારાજ ! વળી દીકરીના તે પૈસા લેવાતા હશે બાઇસાહેબ ?

અ૦—(મોહનને) વારૂ મોહનપ્રસાદ ! આ તો ના કહે છે. તમે તેમને કેટલા રૂપૈઆ આપેલા ? તમારા કોઇ સાક્ષી છે ?

મો૦—સાત હજાર, મહારાજ ! અને તે પણ આ મદનશંકર મારફતેજ !

સ્વા૦—(ગભરાટમાં-ભૂલથી) હેં ? સાત હજાર ! ના, ના, પાંચ હજાર ! (બોલતાં એકદમ અચકાઇ જાયછે). (સ્વાગત) હાય ! હાય ! માર્યા ગયા !

અ૦—હે ? શું બોલ્યો સ્વાર્થદત્ત ? પાંચ હજાર આપેલા કેમ ?

સ્વા૦—ના માહારાજ ! એક પાઇ પણ નહીં. નકામો ગળે પડે છે.

અ૦—(ગુસ્સાથી) હમણાંજ, " સાત હજાર નહીં પણ પાંચ હજાર એમ કહ્યુંને ? નક્કી તું જુઠોજ છે ! દુષ્ટ ! તું મ્હારી આગળ બોલે છે, તે ફેરવતાં તને વાર નથી લાગતી તો તને રૂપૈયા મળ્યા હોય તો પણ તું ક્યાંથી કબુલ કરે ? નક્કી, તું ગુનેગારજ છે.

સ્વા૦—ના, માહારાજ, મને તો કશુંયે નથી આપ્યું.

અ૦—દુષ્ટ ! ચુપકર, હવે વધુ જુઠું બોલી, ત્હારા પાપમાં વધારો ના કર ! ધિક્કાર છે તને, કે તે બ્રાહ્મણ થઇ પોતાનીજ પૂત્રીનો વિક્રય કરવા વિચાર કર્યો ! મને તો લાગે છે કે, તેની પૂત્રી નાશી ગઇ કહે છે તે, આ

પાપને લીધેજ નાઠેલી, ઠીક છે, જાઓ ! એની અડધો અડધ મિલકત જપ્ત કરી ધર્માદા કરી દો ! તથા બાકીની લાવી દરબારમાં જમે રાખો, ! કે જેથી તેની પૂત્રી જડે ત્યારે તેને તે સોંપી શકાય ! અને આ લોકોના સાત હજાર રૂપૈયા ધર્માદા માટે જપ્ત કરેલ તેની અડધ મિલકતમાંથી અપાવવા !

સ્વા૦—(સ્વગત) હાય, હાય, આ શું ? બધી મિલકત જપ્ત ! મ્હારી આટલી બધી મ્હેનતે મેળવેલી મિલકત જપ્ત ! હવે તો આવીજ બન્યું ! અરે, રે, મ્હેં આ શું કર્યું ? દીકરીના પૈસા લેવાનો વિચાર ના કર્યો હોત તો આ ગતિ ના થાત, ને આ મિલકત પણ ના જાત ! હાય, હાય ! મ્હેં દુષ્ટે દીકરી પણ ના જોઇ ! હવે પસ્તાઉં છું ! ગરીબ દીકરી ! ખરે ત્રાસને માર્યેજ નાશી ગઇ, હાય ! તેની શી ગતિ હશે ? હવે તેને ક્યાં દેખું ? તેને તેની ઇચ્છા પ્રમાણે વરવા દીધી હોત તો આજે કેટલી સુખી હોત ? હાય ! મ્હેં મ્હારા ઉગતા ફુલને મ્હારે હાથેજ છુંદી નાખ્યું ! હવે પસ્તાવાની આગમાં બળું છું ! મરૂં છું ! (નિચું જોઇ રડે છે; આંસુ ટપકે છે.)

અ૦—મને આ અધમ પાપીને પોતાના કર્મને માટે પસ્તાવો કરતો જોઇ તેની દયા આવે છે માટે તેની મીલકતમાંનો પા ભાગ તેની પાસેજ રહેવા દેવા હુકમ કરૂં છું જાઓ તેને અહીંથી દુર કરો !

(પ્રતિહારો પકડી લેઇ જાય છે.)

સ્વા૦—(જતાં) હાય ! કન્યા વિક્રયનો પૂર્ણ બદલો મને મળી ચૂક્યો; (જાય છે.)

અ૦—વારૂ ! હવે આ લોકો ઉપર તહોમત શેનું છે?

પ્ર૦—મ્હારાજ ! આ બન્ને દુષ્ટ સાથીયો સુદામાજી

ભકતના પૂત્ર લક્ષ્મીપ્રસાદનું ખુન કરવાનો પ્રયત્ન કરતા પકડાયા છે.

અ૦--(આશ્ચર્યથી) હેં ? ખુનનો પ્રયત્ન ? કારણ ?

પ્ર૦--કારણ તો કાંઇ માલુમ નથી, પણ તેને બચાવનાર એક માધવ નામનો બાહાદુર માણુસ છે; અને તે અહીં હાજર પણ છે, તો તેને પૂછવાથી ખાત્રી થશે.

અ૦--તેને જલ્દી અંદર બોલાવો

(પ્રતિહાર જઇ બોલાવી લાવે છે. લ૦ તથા માધવ અંદર પ્રવેશ કરે છે).

અ૦--(માધવને) વારૂં, તમે કોણ છો ?

મા૦--માહારાજ ! હું એક મુસાફર છું, પણ હાલમાં થોડા રોજથી આ નગ્રમાંજ રહું છું.

અ૦--તમે આ બાબતમાં શું જાણો છો ?

મા૦--હું ગઇ કાલે શીવ મંદીરે દર્શના માટે જતો હતો એવામાં મ્હેં આ બે નિચ દોસ્તોને માર્ગમાં કોઇનું ખુન કરવાની મસલત કરતા સાંભળ્યા ! તેથી તે બાબતમાં વધુ જાણુવા આકાંક્ષા થવાથી છૂપાઇને બધી વાત મ્હેં સાંભળી; બાદ, આ મૂર્ખ મિત્રોના દુષ્ટ ઝ્હેરના ભોગ થઇ પડેલા નિર્દોષને બચાવવા, મ્હેં દરબારી માણુસોની મદદ લીધી, અને તે લોકોના મુકરર કરેલા વખતે તથા ઠેકાણે તેમને આ નિર્દોષ ઉપર ઘા કરતા પકડયા ! એટલીજ હકિકત મ્હારા જાણુવામાં છે.

અ૦—શાબાશ ! શાબાશ ! ત્યારે તો તમે તેમને તે દુષ્ટ કૃત્ય કરતાજ પકડ્યા ?

પા૦—જી, હા.

અ૦—(મોહનને)_વારૂ, ત્હારે આ બાબતમાં કાંઈ કહેવાનું છે ?

મો૦—(સ્વગત) હાય ! આતો સપડાયા ! લાવને, મદનને માથેજ ઢોળી પાડું ! (મ્હોટેથી) માહારાજ ! મારનાર તો મદન હતો, મને તો એણે અવળુ સમજાવી સાથે લીધો હતો.

મદન૦—(સ્વાગત) એ તારી ! આતો આપણે માથેજ પડી ! (મ્હોટેથી)-ના માહારાજ ! એને પેલી સ્વાર્થદત્તની વસંતને પરણવું હતું તેથી એણે તો મારવાનો વિચાર કર્યો હતો.

અ૦—બંન્ને જણ ગુનેગાર છે ! તે તેમની બોલી જ કહી આપે છે. ખુન કરવાનું કારણ સમજાયું, મ્હારે હવે કાંઇપણ વધુ સાંભવાની જરૂર નથી, તે બંન્નેને જન્મ કેદની સજા કરવામાં આવે છે-માટે જાવો, તેમને મ્હારી નજર આગળથી એકદમ દુર કરો !

(સીપાઇઓ પકડી ધક્કા મારી લેઇ જાય છે).

અ૦—(સિંહાસન ઉપરથી નીચે આવી,) આહા ! કેવા દુષ્ટ ? આ વિષયથી અંધ બનેલ દોસ્તોની કેવી અધમ મતિ ? ખુન કરવું તે તો તેમને મન સ્હેલજ ! તેમજ પેલા દુષ્ટ અને લોભીયા સ્વાર્થદત્તની કેટલી ક્રુરતા ? પોતાના સ્વાર્થ તથા લોભને લીધે તેણે કેટલું કર્યું ? આહા ! લોભ શું ના કરાવે ? માણુસ જ્યારે લોભનાં ચસ્માં ચઢાવે છે, ત્યારે દુષ્ટમાં દુષ્ટ કૃત્ય કરવાં તે પણ તેને સ્હેજ ભાસે છે ! લોભ દગો દેવરાવે ! લોભ વિશ્વાસ ભગાવે ! લોભ વેર કરાવે ! અને લોભ ખુન કરાવે, અને તેજ લોભથી એ દુષ્ટ માણુસ પોતાની પૂત્રીને કસાઇવાડે નાંખવા તૈયાર થયો;

મને તો આ બધી વાત સાંભળી, તે લોભીયા સ્વાર્થદત્તની પૂત્રી માટે ઘણીજ દયા ઉત્પન્ન થાય છે. નક્કી તે આ દુષ્ટ કસાઇથી કંટાળીનેજ નાઠેલી ! તેને સુદામાજીના પૂત્ર લક્ષ્મીપ્રસાદ પ્રતિ પ્રેમ હતો એમ કહેવાય છે. અને નસાડી પણ સુદામાજીએ એવું ઠર્યું હતું તે ઉપરથી મને તો લાગે છે કે એ પણ કાંઇ ઇશ્વરી ચમત્કાર હશે; જો તે બીચારીને તેના પિતાએ તેની ઇચ્છા પ્રમાણેજ વરાવી હોત તો અત્યારે ઘણીજ સુખી હોત ! મને તો તેને માટે ઘણીજ લાગણી થાય છે, બીચારી નિરાધાર બાળા ! જો જડે તો હું મ્હારે હાથેજ તેનાં એ લક્ષ્મીપ્રસાદ સાથે લગ્નાં કરૂં ! પણ તેને કોણ શોધી લાવે ?

મા૦—(સ્વગત) રાજાજીને મ્હારે માટે ઘણી લાગણી થાય છે માટે હવે જાહેર થવાનો ઠીક લાગ છે (આગાળ આવી મ્હોટેથી) માહારાજ ! હું તેને શોધી લાવું તો ?

(સઘળા આશ્ચર્યથી તેની તરફ જુવે છે).

અ૦—(આશ્ચર્યથી) તો તો તમને ભારે ઇનામ આપું, અને તેને લક્ષ્મીપ્રસાદ સાથે વરાવી સુખી કરૂં.

મા૦—પણ તેને માટે ખાત્રી શું ?

અ૦—મ્હારૂં વચન ! પણ તમે તેને કયાંથી ઓળખો ?

મા૦—તેનો ખુલાસો પછીથી થશે.

અ૦—ત્યારે તમે તેને કયારે શોધી લાવશો ?

મા૦—આપ ફરમાવો ત્યારે.

અ૦—હું તો કહું છું કે અત્યારે.

મા૦—ભલે અત્યારેજ,

અ૦—કયાં !

મા૦—અહીંયાંજ, ઉભા રહો, બોલાવું.

(એકદમ બ્હાર જાય છે).

અ૦--(સ્વગત) ખરેખર ! આતો કોઇ અજબજ માણસ લાગે છે, આટલી ન્હાની ઉમ્મરમાં પણ કેટલો બાહાદુર ?

પ્ર૦--હા, માહારાજ ! તે ઘણોજ ચાલાક છે, ખરે, કોઇ મ્હોટી પદ્વિને લાયક છે.

અ૦--હા, પણ મને તો તેના વિષે ઘણો વ્હેમ જાય છે, કયાંનો છે ? ને શું જાતનો છે ? તે તો કોઇ જાણતુંજ નથી- તેમ તેને કોઇ ઓળખતું પણ નથી, છતાં તે વસંતને કેવી રીતે શોધી લાવશે ? અરે પણ પણે કોઇ સ્ત્રીજ આવતી દેખાય છે ! (વસંત દોડતી આવી રાજાને નમે છે-રાજાનું આશ્ચર્ય-દરબારીયોનું આશ્ચર્ય).

ટેબ્લો.

પ્રવેશ ૨ જો.

સ્થળ--માર્ગ.

-મદન તથા મોહન, કેદને રસ્તે-

(મોહન ગાયન બોલતો પ્રવેશ કરે છે.)

મોહન-- **ગાયન ૩૦ ભૈરવી ગઝલ.**

હાલ શા મ્હારા થશે, હાયે હવે હે ઇશ્વરા,
કર્મ કુડાં બહુ કીધાં, વિચારીયું મન ના જરા, હાલ૦
દીલના ડરીયો કઇ હું, સુમતિ ઉર ના ધરી,
પાપને પંથે પડયો, પસ્તાઉં પૂરો હે હરી, હાલ૦
રંકને રીબાવતાં ઉરમાં દયા કંઇ નહીં લહી,
હાય મૂજ કૂકર્મની પૂરી સજા આ થઇ રહી, હાલ૦

હાય ! હવે શું ગતિ ? આખી જીંદગી કેદમાંજ કહાડવાની ? હવે તો જીવતાં મૂવા જેવુંજ ! હાય, હાય ! મ્હેં આ શું કર્યું ? પૈસે ટકે ખુવાર થયો ! આખા નગરમાં ફજેત ફજેત થયો ! ને આખરે આ દશાયે પ્હોંચ્યો ! અરે, રે ! હું કોણ ? મ્હારા પિતા કોણ ? અને આ શું ગતિ ? મ્હેં મ્હારા પિતાની આબરૂ ઉપર પાંણી ફેરવ્યું ! નિર્દોષને ફસાવતાં જાતેજ ફસાયો. હવે હું ઘણો પસ્તાઉં છું. વડીલોનું કહેવું માંન્યું હોત તો, આ સ્થિતી નાથાત! ને આ કેદમાં જવાનો વારો પણ ના આવત ! મ્હારા તરફ બધા ધિક્કારની નજરથી જુવે છે: અરે, રે ! મ્હેં નિર્દોષને કેટલાં સતાવ્યાં ? ગરીબ બિચારા લક્ષ્મીપ્રસાદનું ખૂન કરવા તૈયાર થયો ! ખરે ! તેનો આ દુષ્ટની શીખવણીથીજ ! (મદન તરફ આંગળી કરે છે).

મદન--એમાં મ્હારે શું ? વસંતને તો ત્હારે પરણવું હતું ? ને ઉલ્ટો ત્હારી સાથે હું ખરાબ થયો અને ફસાયો તે તો કહેતો નથી.

મો૦–ચુપકર ! દુષ્ટ ! મ્હને આ સ્થિતીયે લાવનાર તુંજ છે, નિચની સોબતનુંજ આ પરિણામ છે તે હવે મને સમજાય છે-ત્હેં ત્હારા સ્વાર્થ માટે મ્હારી આખી જીંદગી ખરાબ કરી !

મ૦—એમાં મ્હારો સ્વાર્થ શાનો ? ઉલટું ભાઇબંધ જાણી કાંમ કર્યું તેમાં કે ?

મો૦—હા, હા, તે તો બધુંયે હું જાણું છું. મને બધી ખબર મળી ચૂકી છે--સ્વાર્થદત્તને આપવા માટે તને આપેલા રૂપૈયામાંથી બે હજાર ત્હેં ખાધા છે તે હું સારી પેઠે જાણું છું.

મ૦—(સ્વગત). હાય! હાય! આતો, બધુ જાંણી ગયો છે!

મો૦—ત્હારા જેવા મિત્રોને લાખોવાર ધિક્કાર છે! મ્હારા જેવા અભાગી આંધળાઓને આડે રસ્તે ચઢાવી ખુવાર કરી પોતાનો સ્વાર્થ સાધનાર મિત્રો બધા ત્હારા જેવાજ હોય છે તે હું આજેજ જાણું છું હાય, હાય! પ્હેલેથી આટલું સમજ્યો હોત તો આ ગતિનાજ થાત પણ કરેલાં કર્મ ભોગવ્યા શિવાય હવે છુટકો નથીજ! હવે તો કેદખાનામાંજ સડી સડીને મરવાનું એ વિચારથી હું બળું છુ! પસ્તાવાની આગમાં બળું છું!

(મદન પણ કપાળે હાથ મૂકી રડે છે. બંન્નેને સીપાઇયો ધક્કા મારી આગળ લેઇ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—સુદામાપુરી નજીકનો માર્ગ.

સુદામાજી—પાછળથી નગરવાશીયો.

સુ૦—(વિચારમાં) અરે, રે, હું કેટલો મૂર્ખ કે, સ્રીની અકકલ પ્રમાણે દોરાયો! કેટલી, કેટલી ભારે આશાઓ રાખી દ્વારિકાં ગયો હતો! પણ કાળીયે તો કાંઇ પણ આપ્યું નહીં—આતો ઉલટી હાંસી થઇ; ઘેર પાછા જઇ શું કહેવું? ત્યાં તો બધાં મ્હારા આવવાની રાહા જોઇ બેશી રહ્યાં હશે; જઇશું એટલે છોકરાં ખાવાનું માગશે! ત્યારે શું આપવું? પેલા તાંદુલ પાસે રહ્યા હોત તો પણ બિચારાંને એક વખત ખાવાનું થાત!

આતો, તે પણ કાળીયાયે કપટ કરી પડાવી લીધા, ને ઉલ્ટી હાંસી કરાવી ! તે મ્હારી સ્થિતી તો જાણુતોજ હતો ! ત્યારે શું તેને કાંઇ પણ આપવાનો વિચારજ નહીં થયો હોય ? કયાંથી થાય ? છેવટે અસર ગોવાળીયાનીજને ? કારણ, જેવી સંગત તેવી અસર " ગોકુલમાં ગોપીયોનાં દહીં દુધ ચોરી ખાધેલાં, તેને આવુ સુખ મળ્યું એટલે આગલા દિવસ ભુલી જાયજ ! " સાકરના શોખીનને ભૂખ્યાનું ભાંન રહેતુંજ નથી ", તેમજ તેને પણ આવા સુખમાં મ્હારી સ્થિતીનું ભાંન કયાંથી થાય ? નાજ થાય ! મને, જે જોઇયે તે માગવા કહ્યું ત્યારે, મ્હેં કાંઇ પણ માગ્યું નહીં એ કેવી ભૂલ ? મ્હેં તો તેનો ઉપર ઉપરનો પ્રેમ જોઇ જાણ્યું કે નહીં માગીયે તો પણ કાંઇ પણ આપી સુખી કરશે. પણ, તેમાં તો હું ઠગાયો ! કારણ ! તે બધો પ્રેમ બતાવ્યો, તથા મીઠી મીઠી વાતો કરી, તે સર્વે તો મ્હારા તાંદુલ પડાવી લેવા માટેજ ! (વિચારીને) અરે ! પણ આ હું શું કરૂં છું ? મને આક્ષણ ભંગુર સુખ અને માયા માટે આટલો બધો મોહ કેમ લાગ્યો ? અને તે એટલે સુધી કે પ્રભૂની નિંદા કરવા મંડી પડયો ? હું મ્હારો ભકિત ધર્મ વિસર્યો ! મ્હારી કેવી ભુલ ? તે સર્વજ્ઞ તથા સર્વ શકિતમાન છે એટલે જે કર તો હશે તે સૌ સારાનેજ માટે; તેણે મને આજ સ્થિતીમાં રાખી મ્હારા ઉપર મ્હોટી મ્હેર તથા ઉપકાર કર્યો છે. નહીં તો માયામાં લપટાઇ હું તેનું ભજન વિસરત અને તેના પદ પંકજની ભકિતનું અચળ સુખ ગુમાવત! આહા ! તેની ગતિ અગમ્યજ છે ! તે કેમ કળી શકાય ! તે જે કરતો હશે તે સૌ સારાનેજ માટે, લાવ હવે તો તેનું ભજન કરતો જલ્દી ઘર ભેગો થઉં

(જવા માંડે છે—ઉંચુ જોઇને) અરે ! પણ હું આ શું દેખું છું ? આ ઉંચા મ્હેલ દેખાય છે તે કોના ? શું હું દ્વારિકામાં પાછો તો નથી આવ્યો ? એ તો પ્રભુના મ્હેલ હોય એવાજ દેખાય છે; ના, ના, પણ આ ગામ તો મ્હારૂંજ ! પણ એમાં આવા મ્હેલ ક્યાંથી ? મ્હારા ગામમાં આવા મ્હેલ તો હતાજ નહીં ! શું હું રસ્તો તો નથી ભૂલ્યો ? લાવ પેલાં બે માણસો આવે છે તેમને પૂછી ખાત્રી કરૂં !

(જવા માંડે છે-બે માણસો આવે છે).

માણસ પહેલો—(બીજાને) અરે, આ તો, સુદામાજી ભગત આવે છે !

બીજો—હા, હા, ચાલો આપણે તેમને તેમની ઝુંપડીની વાત કહીયે. (પાસે જાય છે).

સુ૦—(નજીક આવીને) ભાઇ ! આ કીયું ગામ છે?

પહેલો—કેમ ? સુદામાજી ! આમ કેમ બોલો છો? એટલા દિવસમાં પોતાનું ગામ પણ ભૂલી ગયા કે શું ?

સુ૦—પણ મ્હારા ગામમાં આવા મ્હેલ કયાં હતા?

બીજો--નહોતા, પણ તમે કર્યા ! એ તો તમારાજ મ્હેલ દેખાય છે ભક્તરાજ !

સુ૦—ભાઇ, નાહક મશ્કરી શામાટે કરો છો? મારે ગરીબને તે વળી મ્હેલ શા ?

પહેલો—ના ના, સાચુંજ કહીએ છીએ. એ તમારાજ મ્હેલ છે. જાણીને અજાણ્યા કેમ બનો છો ?

(ચાલ્યા જાય છે).

સુ૦—(સ્વગત) આ માણસો તો મ્હારાજ ગામના હોય એમ લાગે છે એટલે ગામ તો મ્હારૂંજ હશે. માટે

સાવ અંદર તો જાઉં ! પછી ખાત્રી થશે. પણ વળી એ લોકો આ મ્હેલની વાત કરે છે એ શું ? શું હું દ્વારિકાં પ્રભુની પાસે કાંઇ માગવાની આશાએ ગયો હતો તે વાત નગ્રમાં બ્હાર તો નહીં પડી હોય ? મને તો લાગે છે કે, એમજ થયેલું અને તેથીજ આ લોકો મને એની એજ સ્થિતીમાં ખાલી હાથે પાછો આવેલો જોઈ મશ્કરી કરતા હશે ! હશે, ઇશ્વર ઇચ્છા ! ગામમાં જઇ તપાસ તો કરૂં. હે દીનદયાળ, ત્હારા શેવકને એક ત્હારા નામનોજ આધાર છે.

ગાયન ૩૧.

સુ૦— **ભજન.**

ભજ રે મન્ન ઘેલા, ગોવરધનધારી ગિરધારી
ભૂલે તું ક્યાં મૂરખા, ભજનની આવી તક સારી
ભજ૦

નાથ નામ, તું નિશ દીન ઉર ધર,
ખટપટ જગત તણી સહુ દુર કર
તો કરૂણા કરી એ રાઘેવર
દેશે ભવ સાગર તારી. ભજ૦

(ભજન બોલતા બોલતા જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—સુદામાજીનો મ્હેલ.

—અન્નપૂર્ણા, બાદ, સુદામા, બચ્ચાં વિગેરે—

(અન્નપૂર્ણા ગાયન બોલે છે.)

અન્નપૂર્ણા— **ગાયન ૩૨. કેરબો**

રાહ. (મેરી બાલી ઉમરીયાં જાયરે) ને મળતો.

વળશે પ્રિતમ પાછા ક્યારે ?
દેખું રસિકને હું કયારે ?
આ મ્હેલ મંદિર એ ગુણ સાગર વિણ સુનાં ભાસે,
નહિં ચેન કંઇ દીન રેન પડે જીવ ભમે રસિક વાંસે,
શાન્તિ થશે, મળશે જ્યારે,
ટળશે સકળ દુઃખ તો ત્યારે, વળશે૦

પ્રાણનાથને દ્વારિકાં ગયે, ઘણા દિવસ થઇ ગયા, પણ હજુ સુધી પાછા કેમ નહીં આવ્યા હોય ? ઇશ્વરની કૃપાથી દુઃખ દુર થયાં, અને સુખના સુર્યનો ઉદય થયો. પણ પ્રાણનાથ વિના તે સર્વે સુખ સુનાંજ લાગે છે, શું પ્રભૂએ આગ્રહ કરી રોકી રાખ્યા તો નહીં હોય ? કે માર્ગમાં તો કાંઇ અડચણ આવી નહીં હોય ? રોકયા રહે એવા તો નથી, છતાં હવે દુઃખની ચિંતા દુર થઇ એટલે બે દિવસ વધુ રહે પણ ખરા; આહા ! પ્રભૂનો શું પ્રભાવ ! કયાં ઝુંપડી, ને કયાં આ મ્હેલ ? તે જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ કરી શકે એ ખરૂં છે; પહેલાંની અને આજની સ્થિતીમાં કેટલો ફેરફાર ? થોડાજ દિવસ ઉપર જે છોકરાં પેટપુર અન્નને માટે પણ વલખાં મારતાં હતાં,

તેમની આજે કેટલી સંભાળ લેવાય છે? તે બધો ઇશ્વર-નોજ મહિમા, જે તેનીજ કૃપા! હવે તો પ્રાણનાથ જ-લ્દીથી પધારે તો સારૂં; લક્ષ્મીપ્રસાદના વિવાહનું પણ નક્કી થઇ ગયું છે, તે પણ તેમના આવ્યા પછી કરી શકાય! આહા! કન્યા પણ કેટલી સદ્‌ગુણી?

(એટલામાં મ્હેલમાંથી દાસી આવે છે.)

દાસી—બા! પુજાની સામગ્રી તૈયાર છે!

અ૦—હા. ચાલો. (મ્હેલમાં જાય છે.)

(બાદ સુદામાજી પ્રવેશ કરે છે.)

સુ૦—ઝુંપડીની શોધમાં ઉંચું નીચું જોતા) અરે, રે, આ શું? ફરી ફરીને થાકયો, પણ મ્હારી ઝુંપડી તો કયાંઇ નજરેજ પડતીજ નથી, ગામ પણ આ, ને રસ્તો પણ આ, ને જગ્યા પણ આજ, પણ અહીંયાં તો આ મ્હોટો મ્હેલ છે! ત્યારે મ્હારી ઝુંપડી કયાં? હાયા હાય! મ્હારાં રંક બાળક તથા સાધ્વિ સ્ત્રી કયાં? શું તેમને કહાડી મૂકી કોઈ જુલ્મગારે મ્હારી ઝુંપડીને ઠેકાણે મ્હેલ તો નહીં બાંધ્યો હોય? મ્હારા કયાં ભોગ લાગ્યા કે હું દ્વારિકાં ગયો? નહીંતો આ ગતિ ના થાત! હે હરી! હવે તો કાંઇપણ સુઝ પડતી નથી. બિચારાં નિરાધાર બા-ળકોની શી ગતિ? હવે હું તેમને કયાં દેખું? કયાં શોધું?

ગાયન ૩૩.

ભૈરવી તાલ દક્ષણી લાવણી.

સુદામા—

બાળુ કયાં, હવે બાળજ મ્હારાં, હશે કયાં એ પ્યારાં
બાળુ૦
સ્થળ ઝુંપડીનું, આ ત્યાં દેખું, સૌ દેખાવજ ન્યારા,

મ્હેલ દીસે છે વિશાળ અહીં તો, વસે કોઇ સુખીયારાં.
ભાળુ૦

ક્યાં રડવડશે દીન દારાને, બાળક રંક બિચારા,
દુઃખડાં કહેશે કોને જઇને, ઝુરી મરશે નોંધારાં. ભાળુ૦
દીનાનાથ શું દોષ દેખીને, કીધાં દીન દુખીયારાં
હાય, ન સુઝે કાંઇ હવે એ, ક્યાં મૂજને મળનારાં. ભાળુ૦

(ગાયન દરમિયાન એક દાસી બ્હાર આવે છે, તે સુદામાને જોઇ—)

દાસી—અરે ! આ તો સુદામાજીજ આવ્યા ! લાવ તેમને અંદર બોલાવી જાઉં ! (પાસે જાય છે) ભકતરાજ ! આ મ્હેલમાં પધારો.

સુ૦—(ગભરાઇને) હેં તમે કોણ ?

દાસી—આપની દાસી,

સુ૦—હેં દાસી ? મ્હારી ? ભલી બાઇ નાહક ગરીબની મશ્કરી શામાટે કરે છે ? મ્હારે તે દાસી કેવી ?

દાસી—(આશ્ચર્યથી) આતો ગભરાય છે ! આ શું? ભક્તરાજ ! જલ્દી અંદર પધારો તો સારૂં, કારણ મ્હારાં બા પણ આપને મળવા ઘણાંજ આતુર છે.

સુ૦—હે ! ત્હારાં બા ? વળી એ કોણ ? જા, જા, ભલી બાઈ, તું માણુસ ભૂલી માંણુસ ! હું તો એક ગરીબ બ્રાહ્મણ છું,

દાસી—(સ્વગત) આતો બધી વાતથી તદ્દન અંજાણુજ હોય એમ લાધે છે, (મ્હોટેથી) હું આપનેજ કહું છું, અને આ મ્હેલ પણ આપનોજ છે માટે કૃપા કરી અંદર પધારો !

સુ૦--(સ્વગત) હેં આ શું ? ઉલટી ઉપાધી આવી પડી ! કહે છે કે તમારોજ મ્હેલ છે; પેલા એ માણુસો ગાંમ બ્હાર પણ તેજ કહેતા હતાં ! (મ્હોટેથી) બાઈ નાહક સતાવે છે શું કાંમ ? હું તો મ્હારી પીડામાં ફરૂં છું, મ્હેં મ્હેલ સામું કાંઇ બુરી નજરથી જોયું નથી; છતાં તું કહેતી હોય તો આ ચાલ્યો. (જવા માંડે છે)

દાસી—(સ્વગત) અરે ! આતો ચાલ્યા ! લાવ જલ્દી અંદર જઇ ખબર આપું- (મ્હેલમાં દોડે છે)

સુ૦—(જતાં—સ્વગત) અરે. રે ! આ શું ? આતો ઊલટું પડતા ઉપર પાટું ! હવે શી ગતિ ? હશે ! હરી જે કરે તે ખરી !

(એટલામાં અન્નપૂર્ણા મ્હેલમાંથી દોડતાં આવે છે)

અન્નપુર્ણા—(પાસે આવી, નમીને) પ્રાંણનાથ ! પ્રાંણનાથ ! પધારો,

સુ૦--(નીચુંજ જોઇ રહે છે-ગભરાઇને) હાય ! હાય ! આ વળી પ્રાણનાથ વાળું કોણ ? અહીંથી તો નાઠા વગર છુટકોજ નથી ! (નાસવા માંડે છે-અન્નપૂર્ણા પાછળ જાય છે)

અનપુર્ણા—આપ આ શું કરો છો નાથ ! શું આપની દીન દાસીને નથી ઓળખતા ?

સુ૦ —(ઉભા રહી જુવે છે.) હે ? કોણ ? પ્રિયા ? આ શું ? છોકરાં ક્યાં ?

અ૦--એ આવે આપનાં બાલકો પ્રાણનાથ ! શું? આપને માલુમ નથી કે ઇશ્વરની કૃપાથી આપણાં દુઃખ દુર થયાં છે, તથા ઝુંપડીનો આ મ્હેલ બની ગયો છે.

સુ૦—હે ? ત્યારે શું, આપણો મ્હેલ ? (જુવે છે).

(એટલામાં છોકરાં દોડતાં આવે છે)

અ૦—હા પ્રાણનાથ ! આપણોજ ! અને આ આવ્યાં આપનાં બાળકો !

(છોકરાં દોડતાં આવી સુદામાજીને વીંટળાઇ વળે છે.

છોકરૂં પેહેલું—બાપાજી ! બાપાજી ! આપણો મ્હેલ જુવો.

સુ૦—(સ્વગત) ખરે પરમાત્માયે કાંઇક ચમત્કાર કર્યો લાગે છે; કારણ, આ બાળકો પણ મ્હારાંજ ! હવે મને ખાત્રી થઇ; બધા વાતો કરે છે તે સાચીજ ! (મ્હોટેથી) હા ભાઇ ! તમે ખુશીમાં તો છોને ?

બીજું—હા બાપા ! પણ આપણી ઝુંપડી હતી ને, તેનો એકદમ (ઉંચો હાથ કરી) મ્હોટો મ્હેલ બની ગયો !

ત્રીજું—ને બાપા ! મહીંથી અમારે સારૂં ખાવાનું ને લુગડાં, ને બધુંયે તૈયાર નીકળ્યું !

પહેલું—તે બાપા, એ બધું તમે મોકલ્યું હતું ?

સુ૦—(સ્વગત] નક્કી મ્હારા નાથનાંજ કામ ! (મ્હોટેથી) ભાઇ ! એ બધું તો પ્રભુયે મોકલ્યું હતું !

અ૦—(સુદામાને) હવે આપ મ્હેલમાં પધારવા કૃપા કરો તો સારૂં.

સુ૦—હા ચાલો. હે દીનબંધુ ! ત્હારી લીલા અકળીજ છે !

(સુદામાજી વિગેરે મ્હેલ ઉપર ચડવા માંડે છે. મ્હેલમાં પેસતાંજ સુદામાજીનો કંગાળ પેહેરવેશ બદલાઇ કીમતી જરીવાનનો થઇ જાય છે—બાદ મ્હેલમાં પેસે છે, કે તરત મ્હેલના બ્હારના દેખાવનો સીન ફરી જઇ મ્હેલ-

નો અંદરનો ભાગ દેખાય છે, ત્યાં સર્વે આવે છે.)

સુદામા-(પોતાના શરિર તરફ જોઇ આશ્ચર્યથી), આ શું ? મ્હારો પેહેરવેશ બદલાઇ ગયો ! વાહ, નાથ ! આ રંક દાસ ઉપર ખુબ કૃપા કરી ! (અન્તપૂર્ણાને) પ્રિયા ! અત્યારે, પ્રભૂ પોતે અહીંજાંજ હોય તો કેવું !

અ૦—તે, થી, બીજુ સુખ કીયું ?

સુ૦—આવો ત્યારે. આપણે વ્હાલાને અહીં આવવા વિનંતી કરીયે.

સર્વે— **ગાયન ૩૪ ભજન.**

મોહનજી પધારો હવે મ્હેર કરી,
આવો આવોને વ્હાલીડા દીનની અરજ સુણીરે. મો૦
કર્યો મ્હેલ ઝુંપડી તણો બચાવીયાં નિજ બાળ,
અરજ સુણી આ રંકની, રાખી લાજ દયાળરે. મો૦
વિનંતી એક વધુ સુણો, પ્રણત તણા પ્રતિપાળ.
દયો દર્શન કરૂણા કરી, કમળાપતિ શ્રી ગોપાળરે મો૦

(ભજન દરમીયાન પ્રભૂ એકદમ વિમાનમાં બેસી પધારે છે.)

સુ૦—(ઉંચે જોઈ–હર્ષમાં) ઓ, હો, હો, હો! ઓ આવ્યો વ્હાલીડો! ઓ આવ્યો મ્હારો નાથ ! મારો દીનદયાળ! વાહ ! પ્રભૂ ! શેવકની અરજ સાંભળી ખરી ! વ્હાલા ! તને બહુ મેહેનત આપી ! (પ્રભૂ વિમાનમાંથી નીચે ઉતરે છે; સુદામાજી જઇ ચરણમાં શીશ નમાવે છે.]

પ્રભૂ—સુદામાજી ! ભક્તરાજ ! ઉઠો; હું તમારી ભક્તિથી ઘણોજ પ્રસન્ન થયો છું.

સુ૦—(ઉઠીને) ત્રીલોકપતિ ! આજે દર્શન દેઈ આ શેવક ઉપર ઘણીજ મ્હેર કરી ! આપના દીનદાસના મનના

મનોરથ પૂર્ણ કર્યા ! નાથ! હવે તો સેવકને હમેશને માટે આપના ચરણ કમળમાં વાસ આપો, એજ વિનંતી છે.

પ્રભૂ--સુદામાજી ! ધીરજ ધરો ! તમારી ભક્તિનો બદલો પામવાનો વખત હજુ હવેજ આવે છે.

સુ૦--વ્હાલા ! શેવકને તો આપનાં દર્શન થયાં ત્યારથીજ બદલો મળી ગયો છે, પણ પ્રભૂ ! આપે હું દ્વારિકામાં આવેલો, ત્યારે આગળ ઉપર બતાવવા વચન આપેલ આપની "અકળ લીલા" બતાવવા શેવકની વિનંતીછે.

પ્રભૂ--તથાસ્તુ ! ત્હારી એ આશા પણ હું પૂર્ણ કરીશ, પણ હાલમાં તો તને લાંબેથી આવવાથી થાક લાગ્યો હશે માટે ચાલ આરામ કરીયે.

જાય છે.

પ્રવેશ-પ-મો.

સ્થળ--લક્ષ્મીપ્રસાદનો આવાસ.

--વસંત, પાછળથી લક્ષ્મીપ્રસાદ--

વસંત-(વિચારમાં) મનના બધા મનોરથ હવે પૂર્ણ થયા, સુદામાજી દ્વારકાંથી પાછા પણ આવ્યા, ને પરમાત્મા જાતે પણ અહીંજ પધાર્યા. વળી રાજાજીએ તથા પિતાજીયે, વ્હાલાની સાથે વરવા સંમતિ આપી એટલે હવે રસિયાની સાથે લન થતાં વાંધો આવવાનો નહીં. લગ્ન પણ પ્રભૂને હાથેજ થશે એવું સાંભળ્યું છે. આહા! મ્હારાં કેવાં સુભાગ્ય કે, પરમાત્માના હાથેજ મ્હારાં લગ્ન થશે ! વળી વ્હાલાનો પણ કેટલો પ્રેમ ! પણ તે અત્યાર સુધી

કેમ નહીં આવ્યા હોય ? હવે તો તેમના વીના સુનું સુનું જ લાગે છે, હૃદય ઘણુંજ અધીરૂં બને છે, ને રાત દિવસ તેમનીજ મૂર્તિ મનમાં રમણ કરે છે. જીવ પણ એમનામાંજ સમાયો છે; ને માળા પણ એ રસિયાના નામનીજ જપાય છે. જ્યાં, ત્યાં, એમને, ને એમનેજ દેખુછું. અરે ! એો આવે મ્હારા દીલ દેવળના દેવ ! આજે કેટલા બધા હર્ષમાં જણાય છે ? લાવ જરા રીસાઇ તેમના પ્રેમની પરિક્ષા તો કરૂં ?

(લક્ષ્મીપ્રસાદ આવે છે, વસંત તેના તરફ પૂંઠ કરી મ્હોં ચઢાવી બાજુએ ઊભી રહે છે]

લ૦—રસિલી રંભા ! આજે રીસમાં કેમ દેખાઓ-છો ? આ, આભારી ઉપર, અત્યાર સુધી ઉપકાર કરી, હવે ખરો ઉપકાર કરવાની વખતે મરડાઓ છો શા માટે?

[પાસે જાય છે]

વસંત—(છણકો કરીને) જાઓ, મને બોલાવશો નહી રસિલી શાંની ? એ, તે, બનેજ કેમ ?

લ૦—હાં, હાં, આતો પેહેલાં મ્હેં શીવ મંદીરમાં કહેલું તે યાદ લાવી, લાગ વાળતાં હશો.

વ૦—હા, સ્તો ! વારા ફરતી વારો તો સૌનો એ આવે કાલ તમારો તો આજે હમારો ! જાઓ, મને અડશો નહીં:

લ૦—વ્હાલી ! નાહક તલસાવે છે શું ? બોલ, બોલ ! એમાં રીસાય છે શું ?

ગાયન ૩૫ પંજાબી ઠેકો.

રાહ--(જાવો જાવોરે કનાઇ)

લ૦-તથા-વ૦—

લ૦—વા, વા, શું રીસાયે રસ ઘેલી એ બાળારે......વા૦

વ૦—જાઓને ઠગારા, જાણું સર્વ હું ચાળારે......વા૦
કેદી કરી ઠીક પછી સતાવો, મનમાં મોહન શું
મલકાવો,
લ૦—આવું આળ મને શું ચઢાવો—નાહક કાં તલસાવો. વા૦
વ૦—જાણું ડહાપણ સર્વ તમારાં—આવડે આવાંકામણ સારાં
લ૦—વચન વદો શાંને આ ખારાં—પ્રાણપ્રિયા ઓ મ્હારાં. વા૦

વ૦—વ્હાલી હવે તો બોલ ? નહીં તો હું પણ આ ચાલ્યો, (જવા માંડે છે)

વ૦—(સ્વગત) આતો ચાલ્યા ! લાવ બોલાવું, (મ્હોટેથી) ઉ...ભા રહો, વાત કહું

(લ૦ ઉભો રહે છે)

લ૦—(સ્વગત) હાં, બોલી ખરી, (પાસે જઇને) કેમ ? શું કહો છો ?

વ૦—તમને કોણ બોલાવે છે જો ?

લ૦—(સ્વગત) આ તો બનાવ્યા ! ચાલો પાછા જઇએ (જવા માંડે છે.)

વ૦—(સ્વગત) પાછા ચાલ્યા ! હવે કેવી રીતે બોલાવવા ? (વિચારીને) હાં, હાં. ઠીક, (મ્હોટેથી) દોડો ! દોડો ! ચોર ! ચાર !

(લ૦. એકદમ ગભરાટમાં દોડતો પાછો આવે છે.)

લ૦—હેં ! હેં ! કયાં છે ?

વ૦—ઓ રહ્યા.

લ૦—કયાં ?

વ૦—ઓ દોડે !

લ૦—(આંમ તેમ જોઇ] અહીં તો કોઇયે નથી.

વ૦—નથી શું ઓ આવે !

લ૦—કયાં ?

વ૦—આ રહ્યા, (લક્ષ્મીપ્રસાદ તરફજ આંગળી કરી બતાવે છે-હાથ પકડે છે) ચીત ચોરી નાસતાં કેવા પકડયા છે ?

લ૦—(હસતાં) વાહરે ! મદદે આવનારાનેજ ચોર બનાવવાનું ઠીક શીખ્યાં ! વારૂ ! ચોર બનાવીને પણ હવે તો રીસ ઉતરી કે નહીં ?

વ૦—રસિયા, એ, તો, હું તમારા પ્યારની પરિક્ષા કરતી હતી,

લ૦—એમ કે ? અરે વાહરે ! મ્હારા નવિન પરિક્ષક !

વ૦--તનમન હરનારની પરિક્ષા તો કરીયે સ્તો ! જનમારાના રક્ષક પસંદ કરતાં પરિક્ષકે બનવું પડે ! એ તો ઠીક, પણ વ્હાલા ! મ્હેં સાંભળયું છે કે, પ્રભૂના પોતાનાજ હાથે, આપણાં લગ્ન થવાનાં છે, જો તેમ થાય તો તો ખરેખર આપણાં પૂર્ણ ભાગ્યજ !

લ૦—હા, માતાજી પણ એવુંજ કહેતાં હતાં !

આહા ! પછીતો આપના જેવા પતિની સાથે, પ્રભૂ જેવા પિતાને હાથે, મ્હારાં લગ્ન થશે, એ વિચારથી મ્હારૂં અંતર આનંદે છલકાય છે;

લ૦--વ્હાલી ! હવે હું જાઉં છું-કારણ આજે તો માતાજી પાસે બીલકુલ ગયોજ નથી.

વ૦—મ્હારો પણ ત્યાં આવવા વિચાર છે, જો અ- ડચણ ના હોય તો સાથેજ આવું.

લ૦—હા. ઘણુંજ સારૂં, ચાલો!

વ૦--હાં ! ચાલો.

વ૦ તથા લ૦— **ગાયન ૩૬ ભેરવી એમટો.**

વ૦—ચાલો ધીમે ધીમે રસિલા સરદાર,

રસિલા સરદાર, રસવેલીના આધાર, ચાલો૦
સુરત રસિલી આ સ્વપ્નેજ ભાવી, ચાલો૦
લ૦—વાહ, પ્રેમદા રસીલી, તુમ પ્રેમની બલીહારી,
વ૦—જાઉં વારી, જાઉં વારી, મ્હારા શામળા સરદાર.
ચાલો૦

(જાય છે.)

પ્રવેશ–૬–ઠો.

સ્થળ— દરિયો

—પ્રભુ તથા સુદામાજી—

(પ્રભૂ તથા સુદામાજી પ્રવેશ કરે છે)

પ્રભુ—સુદામાજી ! પવનની લ્હેરોથી આ દરિયો કેવો ઉછળે છે ?

સુદામા—પ્રભૂ ! આપનાં દર્શનથી આ દાસનું અંતઃકરણ જેમ ઉછળે છે, તેમ તે પણ ઉછળે છે–

પ્ર૦— (સ્વગત) સુદામાનો, મ્હારા પ્રત્યે કેટલો બધો ભક્તિ ભાવ છે ? લાવ આજેજ આ દરિયામાં તેને મ્હારી " અકળલીલા " બતાવું. (મ્હોટેથી) સુદામાજી ! મને આ દરીયો જોઈ, આજે, આપણા બાળપણુના દિવસો યાદ આવે છે, ચાલો આપણે બંન્ને અંદર ' ન્હાવા પડીયે.

સુ૦–જેવી દીનદયાળની ઇચ્છા, પણ પ્રભૂ, આપની લીલા ?

પ્ર૦–હા, હા, તે વાત મ્હારા ધ્યાનમાંજ છે; ચાલો તો ખરા આપણે નાહીયે, પછી વાત,

(બંન્ને બાજુએ જઇ કપડાં ઉતારી આવે છે)

પ્ર૦–જો, સુદામાજી ! આપણે બંન્ને સરત કરી ન્હાવા પડીએ.

સુ૦–શી મહારાજ ?

પ્ર૦––આપણે જળમાં ડુબકી મારીએ, પછી જોઇએ, કે, અંદર વધારેવાર સુધી કોણ રહી શકે છે ?

સુ૦––ભલે જેવી પ્રભૂની ઇચ્છા–

(બંન્ને ડુબકી મારવા તૈયારી કરે છે. સુદામાજી ડુબકી મારે છે પણ પ્રભૂ ડુબકી ના મારતાં બ્હારજ રહી જાય છે. બાદ એક બાજુએ જઈ ઉભા રહે છે.)

(પડદો ફાટે છે)

અકળ લીલાના–દેખાવ.

(અકળલીલાના દેખાવ પૂરા થતાં પાછો પડદો બંધ થાય છે. બાદ પ્રભૂનું દરિયામાં પડવું. થોડી વારે, સુદામાજીનું જળમાંથી નીકળવું; (આશ્ચર્યથી)

સુ૦––અરે આશું ? હું આ બધું શું દેખું છું ? બેટ ક્યાં ? સ્મશાન ક્યાં ? ને હું ક્યાં આવ્યો ? અરે ! આ શા વિચાર ? અહીંથી તો હમણાંજ હું તથા પ્રભૂ ન્હાવા પડયા હતા ! ત્યારે મ્હેં આ બધું જોયું તે શું અને પ્રભૂ ક્યાં ! લાવ, કપડાં બદલી શોધી કહાડું ! (કપડાં બદલવા જવું–બદલી પાછા આવવું)

સુ૦––પ્રભૂનાં કપડાં તો ત્યાંજ પડયાં છે, ત્યારે ક્યાં ગયા હશે ? આ શું ?

(એટલામાં પ્રભૂ દરિયામાંથી નીકળે છે.)

પ્ર૦—(બ્હાર આવીને) કેમ સુદામાજી ! કોણ વ-

ખારેવાર અંદર રહ્યું ?

સુ૦—(સ્વગત) હમણાંજ ન્હાવા પડયા હતા તે તો નક્કી થયું; ત્યારે આ મ્હેં શું જોયું ! ખરે ! એતો આ કાળીઆનું કાંમણુજ! મ્હારા નાથની લીલા! (મ્હોટથી) દીનદયાળ ! અંદર રહેવાની વાત કયાં કરોછો ! ચાલો, આપ આ ભીનાં કપડાં બદલી ધ્યો, પછી રસ્તામાં બધુંયે કહીશ.

--(બંન્ને જાય છે-પડદો પડે છે)--

પ્રવેશ ૭ મો,

સ્થળ-માર્ગ.

પ્રભુ તથા સુદામાજી.

(બંન્ને વાત કરતા આવે છે.)

પ્રભૂ—કેમ સુદામા, કહો તમે મ્હારા કરતાં અંદર થોડીવાર ટકી શકયા ખરૂંને ?

સુ૦—વિભૂ! આપ આ શું કહો છો? આટલાં બધાં વર્ષ વહી ગયાં ને થોડીવાર શાંની ?

પ્ર૦—હેં વર્ષ? વળી વર્ષ શાંનાં? શું તમે ગાંડા તો નથી થયાને સુદામાજી ?

સુ૦—અનાથના નાથ! આપની લીલા જોઇ, ભલા ભલા ગાંડા બને તો આ રંક દાસનું તે શું ગજું ?

પ્ર૦—વળી ડુબકી મારે તેમાં તે ગાંડા બનવાનું શાંનુ ?

સુ૦--ડુબકીનો દેખાવ જોઇને.

પ્ર૦—ડુબકીનો દેખાવ? વળી તે કેવો? કહો તો ખરા ?

સુ૦—અકળ: મહારાજ ! અકળ :

અકળ લીલા.

સુદામાજી— **ગાયન ૭૭.**

સુ૦—અકળ લીલા અકળીત ખરે મૂખથી નવ વરણાય,
જળમાં પડતાં દાસ આ, તળીએ તરત તણાય;
પ્ર૦—પછી ?
નિકળી નજર નાંખી જહાં ત્યાં, બેટ નિર્જન ભાળીયો,
નીચા નમેલા વૃક્ષને, વાંકી વળેલી ડાળીયો,
તવ એક જન ત્યાં આવીયો, દીલમાં દયા કાંઇ લાવીને,
પૂછીયું મને મૂજ નામને, વળી ગામ મૂખ મલકાવીને,
પ્ર૦—પછી ?
સુ૦—પછી મૂજને તે લઇ ગયો, નગર એક મોઝાર,
રાજ્ય કરે જ્યાં ભૂપતિ, અક્કલનો સરદાર;
નિયમ કર્યોતો રાજ્યમાં, એણે બની સુજાણ;
કુંવારો રહે કોઇ તો, હણવા એના પ્રાણ.
મૂજને પણ ત્યાં લઇ ગયા, પકડી જન બેચાર;
તવ રાજા હુકમ વધા, પરણાવો એક નાર.
પ્ર૦—હાં, પછી ?
સુ૦—વરિયો પછી એક નાર હું પણ, જીવ મૂજ બચાવવા;
સંસાર માંડયો, ઘર કર્યા, ધાર્યું જીવિત ત્યાં ગાળવા.
વીત્યાં વરસ થોડાં અને, બચ્ચાં થયાં બે ચાર જ્યાં,
થયું મર્ણ મૂજ પાડોશમાં, એક નારનું એવેજ ત્યાં
જાવું પડયું શમશાન મ્હારે, સ્નેહિયોના સાથમાં;
તવ ભાળીયું કે બાળીયો, ધણીને સ્ત્રીના સંગાથમાં.

ગભરાયો હું તવ ખરે, જોતાં એવું કાજ,
પૂછ્યું પછી જન એકને, આ કેવો રીવાજ,
પ્ર૦—પછી તેણે શું કહ્યું ?

સુ૦—પછી તે કહે એજ ધારો હમારો,
ગયા કંઇ બળી જન્ન એવા હજારો;
મરે સ્ત્રીજ જ્યારે બળે તેહ સંગે,
રૂઢી એહનાંહી ફરેકો પ્રસંગે;
ડર્યું દીલ મ્હારૂં સુણી વાત આવી,
નહીં તે રૂઢી મન્નમાં લેશ ભાવી;
પછી દીન થોડા વીત્યા નહીં હશે જ્યાં,
પડી નાર મ્હારીજ માંદી ખરે ત્યાં;

પ્ર૦—હાં, પછી ?

સુ૦—મરી ગઇ દીન ચારમાં મૂજ શ્યાંમા નિરધાર,
મૂજને પકડી લઇ ગયા, શ્મશાંનમાં તે વાર.

પ્ર૦—પછી ત્યાં શું થયું ?

સુ૦—કીધા કાલાવાલા મ્હેં અપાર, તોયે કો સુણે નહીં;
ત્યારે જાણ્યું મ્હેં મન્નમોઝાર, મરણ તો આવ્યું અહીં;
કરી દરિયામાં ડુબવા વિચાર, વિનવીયું મ્હેં તે સમે;
મ્હને ન્હાવા દીયો એકવાર, પછી બાળજો તમે;
તવ આપી રજા કરી મ્હેર, જળમાં જાવા તેમણે;
દોડયો હું તો તરત તેણીવાર, ડૂબ્યો જઇ મેરામણે.

પ્ર૦—પછી ?

સુ૦—નીકળી અહીં વિભૂ ભાળીયા, અંતર હર્ષ ન માય,

પ્ર૦—એજ સુદામા જાણજે, મ્હારી અકળલીલાય.

(સુદામાજી પ્રભૂને નમન કરે છે.)

સુ૦—નાથ! આ શેવક ઉપર ઘણોજ આભાર થયો, મ્હારી મન કામનાં પૂર્ણ થઈ.

પ્ર૦—ભક્ત! હજુ પણ કાંઇ ઇચ્છા હોય તે માગી લ્યો. હું તમારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છું.

સુ૦—દીનદયાળ હવે તો વિનંતી એટલીજ કે,

આપના રંક બાળ, મ્હારા લક્ષ્મીપ્રસાદનાં લગ્ન લીધાં છે તે આપને હાથે થાય, અને મને આપનાં ચરણ કમળમાં વાસ મળે.

પ્ર૦—તથાસ્તુ ! સુદામા ! ત્હારો મોક્ષજ થશે: અને ત્હારા પૂત્રનાં લગ્ન વખતે, હું તથા રાધિકાજી હાજર થઈશું. આપણે અહીં વાતો કરીયે છીએ, પણ તમારે ત્યાં લગ્નની સર્વ તૈયારી કયારનીએ થઇ ગઇ છે, માટે હવે તમે જલ્દી ઘેર જાઓ, ને હું પણ ટુંક વખતમાં રાધિકાજી સહિત આવું છું.

સુ૦—(હર્ષથી) હેં ! રાધિકાજી પધારશે? આહા ભકતવત્સલ વિભૂ ! આપે શેવક ઉપર મ્હેરની દૃષ્ટિ કરી. ખરેખર આપની લીલા અપાર છે.

ગાયન ૩૮.

રાહ (પ્રીતિની વાંસલડી વાગી ને મળતાં.

તાલ દક્ષણી લાવણી.

સુ૦—

વિભૂજી, લીલા તુજ અપાર,
જગતમાં, પામે નહીં કોઇ પાર, વિભૂ૦
અકળ, કૃતિ તુજ, અકળ ગતિ તુજ,
અકળ વિશ્વ રચનાય;
કદી નહીં સમજાય, ભલેને રૂષી મૂનિ ગોથાં ખાય.
ભલેને આયુષ્ય આખું જાય,
ખરે નહીં તોપણ કદીયે કળાય. વિભૂ૦

(દરમીયાંન પડદો પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—લગ્ન મંડપ.

લક્ષ્મીપ્રસાદ, વસંત સુદામાજી, સ્ત્રીયો, પુરૂષો વિગેરે પાછળથી પ્રભુ તથા રાધિકાજી—

(સ્ત્રીયો બેઠી, બેઠી, ગીત ગાય છે.)

(પૂરૂષ વર્ગ તથા માહારાજા અભયસિંહ પણ હાજર છે.)

ગાયન ૩૯ ગીત.

સ્ત્રીયો—

તાંબા કુંડીયો તે નગર સોહામણું,
માંહી ભરીયાંરે, ગવરીનાં ઘી કે;
સાહેલીનો આંબો મોરીયો,
મ્હારા કીયા ભઇનાં વાજીંત્ર વાગીયાં.
પેલા વ્હેવઇનાંરે પડીયાં નિશાન—સાહેલી૦

... ...
... ...

મ્હારા કોયા ભઇની મેડીયે દીવા બળે,
પેલા વ્હેવઇનેરે ઘેર અંધારાં—સાહેલી૦

... ...
... ...

(બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરે છે-ગીત પૂરૂ થતાં, લ૦ તથા વસંતની હસ્ત મેળાપ માટે તૈયારી)

સુ૦—(ઉંચુ જોઇ હાથ જોડી) હે ! દીન દયાળ ! હવે આ આપનાં બાળકનો હસ્ત મેળાપ કરી આપી આ રંક શેવકની છેલ્લી અરજ પૂર્ણ કરો !

(પ્રભુ એકદમ રાધિકાજી સહિત વીમાંનમાં પધારે છે)

સુ૦—(હર્ષ ઘેલો બની) આવ્યો, વ્હાલો ! આવ્યો ખરો મ્હારો નાથ ! પધારો! પધારો ! મ્હારા પ્રભુ ! (નમન કરે છે) (સર્વે સભાજનોનું આશ્ચર્ય)

પ્રભુ—(સુદામાજીને ઉઠાડીને-લ૦ તથા વસંતનો હસ્ત મેળાપ કરે છે) બાલકો ! તમો હમેશાં સુખી રહો એવો મ્હારો આશિર્વાદ છે.

સુ૦—દીન દયાળ ! આ રંક બાળ ઉપર ઘણીજ કૃપા કરી ! હવે તો મને સાથેજ તેડતા જાઓ એ વિનંતી છે, પ્રભુ ! આપને આ શેવક માટે ઘણી તસ્દી લેવી પડી (પગ ચાંપવા મંડી જાય છે)

પ્ર૦—સુદામાજી ! એમાં તસ્દી શાંની ? મ્હારા ભકતોને માટે હું ચ્હાય તે કરૂં તેમાં તસ્દી શાંની ? તેમનો દાસ થઇને રહું તો પણ ઓછું છે ! તમારી મ્હારા પ્રત્યેની ભકિતથી હું પ્રસન્ન થયો છું. હાલ તમે અહીંજ રહો, પણ આ દુનિયામાં પૂર્ણ રીતે સુખ ભોગવી તમે અંતે મોક્ષ પાંમશો, એવો મ્હારો આશિર્વાદ છે.

ગાયન ૪૦ ત્રીતાળ.

રાહ-(આ ગ્રીષ્મ સમયમાં વ્હાલા હો પતિ) ને મળતો.

પ્રભુ—

આશીષ આપું છું થાવો તમે સુખી (૨)
હર્ષ અતિ વ્યાપ્યો મૂજ મનમાં, ભકિત જોઇ ખરી—
તમ તનમાં.
ટળશે દુઃખ સકળ આ ભવનાં— થાવો૦
જેમ સિંહ તૈયાર રહે-બચાવવા નિજ બાળ,

તેમજ હું તૈયાર રહું, દેવા ભકતને સ્હાય,
સમરણ કરશે જે જન મ્હારૂં, તાપ ત્રિવિધ તેના હું ટાળું
શર્ણું લઇ ભવસાગર તારૂં—— થાવો૦

(પ્રભુ ગાયન બોલતા રાધિકાજી સહિત વિમાંનમાં આરૂઢ થાય છે, કે તુરત વિમાંન ઉંચુ જવા માંડે છે. તેની સાથે અધ્ધરથી અપ્સરાઓનો નાચ તથા ગાંન સંભળાય છે-વિમાંન ઊપર અધ્ધરથી પૂષ્પ વૃષ્ટિ થાય છે સર્વે ઉંચુ જોઇ નમન કરી રહે છે. સુદામાજી હર્ષ ઘેલાબની ઉંચા હાથ કરી વંદન કરી રહ્યા છે—વિમાંન ઉંચે ચઢયાં જાય છે, સર્વે પ્રભુની સ્તુતિ કરે છે)

ગાયન--૪૧ ત્રીતાળ.

રાહ-(વંદન અહનિશ કરીયે હો વિભુ કર જોડી) ને મળતો.

સર્વે૦—

જય, જય, ભવ ભય હારી, મોરારી, (૨)
વિઘ્ન વિદારી ત્હેં વનમાળી, સ્હાય કરી શેવકને સારી,
કૃતિ ત્હારી, અતિ ન્યારી, ગિરધારી, લે તારી. જય૦—

(વિમાંન અધ્ધર-પૂષ્પ વૃષ્ટિ ચાલુ છે. અપ્સરાઓનું ગાંન તથા નાચ ચાલુ છે. સર્વે નમન કરી રહ્યા છે.)

ટેબ્લો.

ડ્રોપસીન.

અંક ૩ જો સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનારનાં નામ.

નકલ.	નામ.	ઠેકાણું.
૧૦૧	શેઠ લલુભાઇ રાયજીભાઇ	અમદાવાદ
૧૦૧	શેઠ ચંદુલાલ દલસુખલાલ	શ્રી દે. ના. સ. ના મા.
૧૦૧	રા. રા. મુલજીભાઇ આશારામ ઓઝા	શ્રી મો. ના. મં. ના મા.
૧૦૧	રા. રા. વિશ્વનાથ માધવજી બી. એ.	શ્રી કા. ના. મં. ના મા.
૧૦૧	શેઠ દલસુખરામ નાગરદાસ	અમદાવાદ
૧૦૧	રા. રા. શંકરલાલ ગંગારામ પેઇન્ટર	અમદાવાદ
૧૦૧	રા. રા. અજીતસિંહજી કરણસિંહજી	ભાવનગર
૧૦૧	મી. ગોપાળદાસ કહાનજી	શ્રી કા. ના. મંડળી.
૫૧	શેઠ સોમનાથ ભુધરભાઇ	અમદાવાદ
૫૧	,, અમરતલાલ	,,
૫૧	,, લહેરભાઇ	,,
૫૧	,, માણેકલાલ	,,
૫૧	રા. રા. બાપુજી જગન્નાથ	,,
૫૧	,, ,, પરસોતમ રામજીભાઈ	,,
૨૫	ડોકટર શંકરલાલ કશનલાલ	,,
૨૫	રા. રા. સાંકરલાલ	,,
૫૧	,, ,, મોતીરામ બહેચર	શ્રી દે. ના. સમાજ
૫૧	,, ,, બરજોરજી મીસ્ત્રી	,,
૧૫	,, ,, બલાખી મુળજી	,,
૧૫	,, ,, ગણપત બહેચર	,,
૧૫	રા ,, હરગોવંન મોતીરામ	,,
૧૫	મી. ગુલામઅલી	,,

૨૫	રા. રા. ચુનીલાલ ઓધડદાસ	નવી નાટક કંપની
૨૫	„ „ ગોવીંદલાલ	„
૨૫	„ „ અમરતલાલ કે. નાયક	„
૨૫	„ „ નારાયણદાસ દલસુખરામ તત્ત્વલક્ષી	મો. નાટક કંપની
૨૫	પંડયા જયશંકર કાલીદાસ	„
૫૧	રા. રા. ધરમસી વસનજી	„
૨૫	મી. નુરમહમદ મલુ	„
૨૫	રા. રા. જમનાદાસ વશનજી	„
૨૫	„ „ વસરામ કાલુભાઇ	કાઠીયાવાડી ના. મં.
૨૫	„ „ ગોપાળદાસ જેઠારામ	„
૧૫	„ „ વીઠલદાસ ત્રીભોવન	„
૧૫	„ „ બાપુલાલ પુંજારામ	„
૧૫	„ „ રામનારાયણ મોહનલાલ	„
૧૫	„ „ વાડીલાલ છોટાલાલ	„
૧૫	„ „ ત્રીભોવન કોઠારી	„
૧૫	„ „ મોહનલાલ લાલજી	મું. ગુ ના. કં.
૨૫	ડોકટર ઉમરભાઇ દાદુભાઇ	અમદાવાદ
૫	રા. રા. ચંદુલાલ ઇશ્વરલાલ	„
૫	„ „ ચીમનલાલ જેઠાલાલ	„
૫	„ „ નાથાલાલ નાનશાહ	મોરબી નાટક કંપની
૫	ડોકટર ઉમરચંદ બી.	અમદાવાદ
૫	„ છોટાલાલ દેવશંકર	„
૫	„ મણીધરપ્રસાદ	„
૫	„ ચુનીલાલ એચ. દેસાઇ	„
૫	„ જેશંગભાઇ લલુભાઇ	„
૫	„ બીશ્નુ એસ. જોશી	„
૫	„ ફ્રામજી એચ.	„
૫	„ બમનજી દારૂવાળા	„

૫	,, દત્તાત્રી ગોખલે	,,
૫	રા._રા. લાલજી આત્મારામ	શ્રી ભા. ના. સ.
૫	મી. લક્ષ્મણરાવ બાપુજી ડોકટર	અમદાવાદ
૫	ડોકટર ફતેહસિંગ મોતીભાઇ	,,
૫	,, કેશવલાલ જી. મોદી	,,
૫	,, અજોધાસીંગ બી.	,,
૫	,, ગીરધરલાલ પ્રાણશંકર	,,
૫	,, ભાણજી સખારામ	,,
૫	,, દોલતરાય હિંમતરાવ	,,
૫	,, હસનખાં એચ. પઠાણ	,,
૫	,, સનમુખરામ એ. વ્યાસ	,,
૫	,, સી. જે. મહેતા	,,
૫	,, અનંતપ્રસાદ મુગટરામ	,,
૫	,, અમરતલાલ જેશંકર	,,
૫	,, શાંન્તીલાલ અચરતલાલ	,,
૫	,, શાંન્તીલાલ બાપાલાલ	,,
૫	,, હીરનંદ પી. ગોખલે	,,
૫	,, વૈકુંઠલાલ ચુનીલાલ	,,
૫	,, નાથાલાલ શાકરલાલ	,,
૫	,, મણીલાલ જી. દવે	,,
૫	,, મણીલાલ હરગોવન	,,
૫	,, ગોરધનલાલ નાથાભાઇ	,,
૫	,, વીઠલદાસ ત્રીકમલાલ	,,
૫	,, મુલજીભાઇ એનપોલ	,,
૫	,, મનસુખલાલ છમનલાલ	,,
૫	,, જયચંદ્રપ્રસાદ મગનલાલ	,,
૫	ડોકટર. મગનલાલ એચ,	અમદાવાદ.
૫	,, આત્મારામ ભુખણદાસ,	,,

૫	,,	ત્રીકમલાલ નરસિંહલાલ	,,
૫	,,	રામરાવ આણુંદરાય,	,,
૫	,,	ગોરધનદાસ જેઠાભાઇ	,,
૫	,,	બાલશંકર જેશંકર	,,
૫	,,	નાથાભાઇ જમનાદાસ	,,
૫	,,	રાજેંન્યદ્ર દોલતરામ	,,
૫	,,	ઉસમાનમીયા હુસેનમીયા	,,
૫	,,	અંબાલાલ.	,,
૫	,,	કમલશંકર મંછારામ	,,
૧	મી.	રણછોડલાલ મોતીલાલ	,,
૧	,,	ચમનલાલ દલસુખલાલ.	,,
૧	,,	એન૦ કે૦ વીરજી.	ખાખાપાડર.
૧	રા, રા,	ડાહ્યાભાઈ ભોગીભાઇ.	મુંબાઇ.
૧	કોન્ટ્રાકટર.	કાલજી વીરજી	વીજયાનગર.
૧	રા. રા.	ચુનીલાલ હરગોવન.	,,
૧	મી.	લાલશંકર દેવશંકર	,,
૧	,,	ફુલાભાઇ છોટાલાલ.	,,
૧	,,	હરીપ્રસાદ બેચરદાસ.	,,
૧	,,	માધવપ્રસાદ ઇચ્છાશંકર.	અમદાવાદ.
૧	,,	મણીલાલ પ્રભુદાસ.	,,
૧	,,	કેશવલાલ મોહનલાલ.	,,
૧	વ્યાસ	જેઠીલાલ જેઠારામ.	,,
૧	મી.	ભીખાજીરાવ વામનરાવ.	,,
૧	,,	બેચરદાસ તાપીશંકર.	,,
૧	,,	બાલારાવ નરસિંહલાલ.	,,
૧	,,	દલપતભાઇ લલુભાઇ.	,,
૧	,,	અંબાલાલ નારણદાસ.	,,
૧	,,	ગુલાબસીંગ ચનાજી.	,,
૧	,,	રતીલાલ બુલાખીદાસ.	,,

૧	,,	મહાસુખ ગોપાળદાસ.	,,
૧	,,	હરજીવન સુરજરામ.	,,
૧	,,	ડાહ્યાભાઇ કેશવલાલ	,,
૧	,,	ખોડીદાસ આત્મારામ.	,,
૧	,,	ફુલચંદભાઇ મહાસુખભાઈ.	,,
૧	,,	હસુભાઇ દુધવાલા.	,,
૧	,,	માધવલાલ ગીરધર.	,,
૧	,,	ચીમનલાલ મોહનલાલ.	,,
૧	,,	ચંદુલાલ ગોવિંદલાલ.	,,
૧	મી.	મોતીભાઇ મુળચંદ.	અમદાવાદ.
૧	,,	ચુનીલાલ ખુશાલ.	,,
૧	,,	હરિપ્રસાદ ગોવિંદલાલ	,,
૧	,,	અમજીભાઈ અલીભાઇ.	,,
૧	,,	ખુશાખીદાસ છગનલાલ.	,,
૧	,,	રતનલાલ જીવણલાલ.	,,
૧	,,	દેલસીંગ વાઘજીભાઇ.	,,
૧	,,	ગોરધનદાસ નારણદાસ.	,,
૧	,,	શંકરલાલ રણછોડદાસ.	,,
૧	,,	જેઠાલાલ મગનલાલ.	,,
૧	,,	મોહનલાલ દલીચંદ	,,
૧	,,	પ્રેમચંદ ગોપાળદાસ.	,,
૧	,,	છગનલાલ મયાચંદ.	,,
૧	,,	મોહનલાલ જીવરામ.	,,
૧	,,	ગંગારામ બીજલાલ.	,,
૧	,,	હરગોવન અમુલખ.	,,
૧	,,	લક્ષ્મણ હરીભાઇ.	,,
૧	,,	બીજલાલ કસ્તુરભાઇ,	,,
૧	,,	બાબુરાવ દામોદર.	,,

૧	,,	ગોવીંદલાલ બાલાભાઇ.	,,
૧	મી.	વાડીલાલ કેશવલાલ.	અમદાવાદ.
૧	,,	ગણપતરામ જેઠારામ.	,,
૧	,,	વેણીશંકર શામલજી.	મોરબી કંપની.
૧	,,	કાળીદાસ ઝવેરદાસ.	અમદાવાદ.
૧	,,	મગનલાલ જીવરામ.	,,
૧	,,	અંબાલાલ મુળશંકર	,,
૧	,,	મુળશંકર કેશવલાલ.	,,
૧	,,	અમૃતલાલ નરભેરામ.	,,
૧	,,	ચોધરી અંબાલાલ દોલાજી.	,,
૧	,,	વીઠુલદાસ જોઇતારામ.	,,
૧	,,	શા. ધના મગનલાલ.	,,
૧	,,	રબારીલાલ મોમજી.	,,
૧	,,	અમથાલાલ ઇશ્વરદાસ.	,,
૧	,,	કાળુભાઇ વલીભાઇ.	,,
૧	,,	ઇશ્વરદાસ અમરતલાલ.	,,
૧	,,	મણીલાલ છગનલાલ.	,,
૧	,,	ભોગીલાલ રણછોડ.	,,
૧	,,	બાપાલાલ કેશવલાલ.	,,
૧	,,	શીવલાલ બીજાધર.	કાઠીયાવાડી નાટક કંપની,
૧	,,	વલ્લભરામ પ્રભુદાસ.	અમદાવાદ.
૧	,,	મણીલાલ નારણદાસ.	,,
૧	,,	મગનલાલ મોહનલાલ.	,,
૧	,,	માધવલાલ બાદાપ્રસાદ.	,,
૧	,,	ગાંડાલાલ ચકુભાઇ.	,,
૧	,,	નારણદાસ ગીરધરલાલ.	,,
૧	,,	ઇશ્વરભાઇ બાલાભાઇ.	,,
૧	,,	નગીનદાસ પ્રાણજીવનદાસ.	,,

૧	,,	પ્રભાવ ગુલાબચંદ.	,,
૧	વ્યાસ.	અમરતલાલ પાનાચંદ.	,,
૧	મી.	અમરતલાલ પ્રાણજીવન.	,,
૧	,,	ડોસાભાઇ ગણેશ.	,,
૧	,,	ડાહ્યાભાઇ સાંકળચંદ.	,,
૧	,,	દોસ મહમદ ગુલામમહમદ.	,,
૧	,,	ધનસુખભાઇ મગનલાલ.	,,
૧	,,	કાળીદાસ ચકુભાઇ.	,,
૧	,,	હરગોવનદાસ લલ્લુભાઇ.	,,
૧	,,	જમનાદાસ, મોતીલાલ.	,,
૧	,,	મોહનલાલ માધવજી.	,,
૧	,,	ચીમનલાલ ભુધરભાઇ.	,,
૧	,,	રજબભાઇ નુરમહમદ.	,,
૧	મી.	ભીખાભાઈ અમથાલાલ.	અમદાવાદ.
૧	,,	રૂસ્તમજી નશરવાનજી.	,,
૧	,,	મણીલાલ હરિલાલ.	,,
૧	,,	ગોપાળજી જેઠાભાઇ.	,,
૧	,,	વીરમજી વાઘજી.	,,
૧	,,	જમીયતરામ ભોળાનાથ.	,,
૧	,,	મંગળખાન હાસમખાંન.	,,
૧	,,	મી. પુરશોતમ ફુલચંદભાઇ.	,,
૧	,,	મી. અંબાલાલ જેશંગભાઇ.	,,
૧	,,	મી. ડાહ્યાભાઇ દામોદરદાસ.	,,
૧	,,	હુસેનખાં જમાલુદ્દીન.	,,
૧	,,	પાનાચંદ માધવજી.	,,
૧	,,	મી. ગોપાળભાઇ ચુનીલાલ.	,,
૧	,,	મગનલાલ પ્રભુદાસ.	,,
૧	,,	ભીખુભાઇ દેવા.	,,

૧	,,	નીઝામુદ્દીન કુરેસી.	,,
૧	,,	મી. ગીરધર લક્ષ્મીચંદ.	,,
૧	,,	ત્રીભોવન હેમચંદ.	,,
૧	,,	મોહનલાલ હાથીભાઇ.	,,
૧	,,	મુળજી પ્રેમાનંદ.	,,
૧	,,	કેશવલાલ હીરાચંદ.	અમદાવાદ.
૧	,,	પરસોતમ છગનલાલ	,,
૧	,,	મોહનલાલ તાપુભાઇ.	,,
૧	,,	શાંમીલાલ વીશ્વનાથ.	,,
૧	,,	નાનાલાલ કિમીયાશંકર.	,,
૧	,,	રામકૃષ્ણ રાવિભાઇ.	,,
૧	,,	લલુભાઇ પ્રભુદાસ.	,,
૧	,,	નાથરલાલ નારાયણશંકર.	,,
૧	,,	ચતુરલાલ ગીરધરલાલ.	,,
૧	;,	સાંકળચંદ ગોકળદાસ.	,,
૧	,,	કેશવલાલ જેઠાતારામ.	,,
૧	,,	ઘેલાભાઇ મગનલાલ.	,,
૧	,,	મોતીલાલ તારાચંદ.	,,
૧	,,	ચુનીલાલ રેવાશંકર.	,,
૧	,,	કરશનદાસ ગોપાલદાસ.	,,
૧	,,	આદમદજી અલીજી.	,,
૧	,,	મણીલાલ ભોગીલાલ.	,,
૧	,,	નાનાલાલ નરોતમ	,,
૧	,,	હરીચંદ બહેચરલાલ.	,,
૧	,,	ચમનલાલ બાબાભાઇ,	,,
૧	,,	મોતીલાલ ચામરતલાલ.	અમદાવાદ.
૧	,,	છોટાલાલ ભોગીલાલ.	,,
૧	,,	કેશવલાલ જેઠાભાઇ.	,,

૧	,,	પરશોતમ લલ્લુભાઇ.	,,
૧	,,	છોટુભાઇ હાસમભાઇ.	,,
૧	,,	કેશવલાલ જીવણલાલ.	,,
૧	,,	ઇશ્વરભાઇ ત્રીભોવન.	,,
૧	,,	વાતલાલ ઝવેરચંદ.	,,
૧	,,	મગનલાલ હરિભાઇ.	,,
૧	,,	ભોગીલાલ મનસુખરામ.	,,
૧	,,	પરસોતમ ડાહ્યાભાઇ.	,,
૧	,,	ચમનલાલ દલસુખ.	,,
૧	,,	છગનલાલ અમરતલાલ.	,,
૧	,,	કેશવલાલ વેણીરામ.	,,
૧	,,	ડાહ્યાભાઈ દામોદર.	,,
૧	,,	કસ્તુરભાઇ વીરચંદ.	,,
૧	,,	છનુભાઇ લલુભાઇ.	,,
૧	,,	જાનમહમદ બીસમીટવાળા.	,,
૧	,,	હેમદઅલી પીદાહુસેન.	,,
૧	,,	મી. ઇબ્રાહીમ કીકાભાઇ.	,,
૧	,,	વાડીલાલ સાંકળચંદ.	અમદાવાદ.
૧	,,	ડાહ્યાભાઇ પરશોતમ.	,,
૧	,,	ગુલામઅલી કમાલભાઇ.	,,
૧	,,	દલીચંદ પાનાચંદ.	,,
૧	,,	શીવપ્રસાદ કેશવલાલ.	,,
૧	,,	બાલાભાઇ મનસુખરામ.	,,
૧	,,	મણીલાલ જેચંગભાઇ.	,,
૧	,,	બાપુભાઇ ગોરધનદાસ.	,,
૧	,,	ચુનીલાલ છગનલાલ.	,,
૧	,,	ચુનીલાલ વીઠલદાસ.	,,
૧	,,	મોહનભાઈ રવજીભાઇ.	,,
૧	,,	મુળચંદ ધીરચંદ.	,,

૧	,,	હીરાચંદ ડુંગરદાસ.	,,
૧	,,	માણેકલાલ ડાહયાભાઇ.	,,
૧	,,	કેશવલાલ મગનલાલ.	,,
૧	,,	ડોસમહમદ જમાલખાં.	,,
૧	,,	નારણદાસ જદુરામ.	,,
૧	,,	વાડીલાલ ચુનીલાલ.	,,
૧	,,	નુરમહમદ હસનઅલી.	,,
૧	,,	ચુનીલાલ રણછોડ.	,,
૧	,,	સાંકલચંદ કાલીદાસ	,,
૧	,,	ડાહ્યાભાઇ આશારામ	,,
૧	,,	મોતીલાલ ચકાભાઈ	,,
૧	,,	ચંદુલાલ દુલભજી	,,
૧	,,	હરીલાલ નારણદાસ	,,
૧	,,	ડાહ્યાભાઇ મુલચંદ	,,
૧	,,	મોહનલાલ ભાઇશંકર	,,
૧	,,	રમણીકપ્રસાદ મોતીલાલ	,,
૧	,,	મણીશંકર ત્રીભોવન	,,
૧	,,	પીતામ્બર લલ્લુભાઇ	,,
૧	,,	સોમચંદ મોકમચંદ	,,
૧	,,	ચીમનલાલ ઉગરચંદ	,,
૧	,,	ત્રીભોવન મલુચંદ	,,
૧	,,	ભાણજી મુલજી	,,
૧	,,	જીવણભાઇ મેઘજીભાઇ	,,
૧	,,	ત્રીભોવન પરશોતમ	,,
૧	,,	ગોવિંદભાઇ રાયચંદ	,,
૧	,,	નથુભાઇ દ્વારકાદાસ	,,
૧	,,	વનમાળી પાનાચંદ	,,
૧	,,	શંકરલાલ ગંગારામ	,,

૧	,,	મહમદ અજીભાઇ	,,
૧	,,	ફુલચંદ છોટાભાઇ	,,
૧	,,	જોઇતારામ લક્ષ્મીચંદ	,,
૧	,,	બાલાભાઇ વનમાળી	,,
૧	,,	ચુનીલાલ હુકમચંદ	,,
૧	,,	કશનભાઇ રામચંદ	,,
૧	,,	અમરતલાલ આશાભાઇ	,,
૧	,,	ચંદુલાલ ઉજમલાલ	,,
૧	,,	ભોગીલાલ લલ્લુભાઇ	,,
૧	,,	પુંજાભાઇ દોલતરામ	,,
૧	,,	લક્ષ્મીનારાયણ કીશનપુરા	,,
૧	,,	રણછોડલાલ ગોપાલજી	,,
૧	,,	એરચ. સા. સી. મહેતા	,,
૧	,,	રણછોડલાલ મગનલાલ	,,
૧	,,	દયારામ જેઠાભાઇ	,,
૧	,,	વામનજી પાલનજી	,,
૧	,,	મંચેરજી કેખુશરૂ કામા	,,
૧	,,	ભાસ્કરરાવ ઝવેરીલાલ	,,
૧	,,	ચતુરભાઇ ગોવીંદજી	,,
૧	,,	રામદાસ મંછારામ	,,
૧	,,	ચંદુલાલ મોતીલાલ.	અમદાવાદ.
૧	,,	મારકંડરાય ચંદુલાલ.	,,
૧	,,	સી. એમ. તૈયબઅલી.	,,
૧	,,	પોપટલાલ છગનલાલ.	,,
૧	,,	ગલાભાઇ નાથાભાઇ.	,,
૧	,,	મુળચંદભાઇ દ્વારકાંદાસ.	,,
૧	,,	જેશંગભાઇ મલુકચંદ	,,

૧	,,	પીતાંબર રવીકરણ	,,
૨	,,	હરીકરણભાઈ અમુલખ.	,,
૧	,,	દમાભાઇ ગીરધરભાઇ.	,,
૧	,,	દારણુલાલ ગોપાળજી.	,,
૧	,,	ગોરધનદાસ રણછોડલાલ.	,,
૧	,,	દલસુખભાઇ રણછોડભાઇ,	,,
૧	,,	સાંકળચંદ ગોકળદાસ.	,,
૧	,,	કેશવલાલ છગનલાલ.	,,
૧	,,	માણેકલાલ પાનાચંદ.	,,
૧	,,	મોહનલાલ પ્રાણલાલ.	,,
૧	,,	ચુનીલાલ ખુશાલદાસ.	,,
૧	,,	નાનાલાલ જમનાદાસ.	,,
૧	,,	ગોરધનદાસ છગનલાલ	,,
૧	,,	ચુનીલાલ દેવશંકર	,,
૧	,,	શાંતીલાલ રામનાથ	,,
૧	,,	બાજીરાવ રામચંદ્ર	,,
૧	,,	ગોવિંદભાઇ બાલાભાઇ	,,
૧	,,	વાડીલાલ કેશવલાલ	,,
૧	,,	શંભુલાલ આશારામ	,,
૧	,,	ભાણજીભાઈ માણેકચંદ	,,
૧	,,	શંકરલાલ જે. પી.	,,
૧	,,	મોહનલાલ ભીખાભાઇ	,,
૧	શા.	કાળીદાસ તારાચંદ	,,
૧	મી.	અમરતલાલ નરોતમદાસ	,,
૧	,,	હરગોવંદદાસ મોતીરામ	,,
૧	શેઠ	મોહનલાલ બાલાભાઇ	,,

નીચેના પુસ્તકો નીચેને સરનામે મળશે.

બુકનું નામ.	કીંમત રૂ આ. પા
રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલનું જીવન ચરિત્ર પાકુ પુઠું	૧—૮ ૦
શેઠ માધવલાલ રણછોડલાલનો સ્વર્ગવાસ પાકુ પુઠું	૦—૮—૦
દીલ્લી દરબાર	૦—૧ ૦
મહારાણી વીક્ટોરીઆનો સ્વર્ગવાસ. ...	૦—૩—૦
ગ્લેડસ્ટન સાહેબનું જીવન ચરિત્ર પાકુ પુઠું	૦—૧—૦

મળવાનું ઠેકાણું.

ચુનીલાલ ગોપાળજી ચાહવાળા.

સીવીલ હસ્પીતાલ પાસે—**અમદાવાદ.**